અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 05 ઓગસ્ટ 2026 બુધવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, અષાઢ વદ -7 | અંક : 37 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  Pokમાં વધતી મુશ્કેલી, નકવીનો 'કૌભાંડ બોમ્બ', પાકિસ્તાનમાં હવે તખ્તાપલટની તૈયારી?

4  ગ્લોબલ વૉર્મિંગ : યુરોપમાં ગરમી બાદ હવે અન્ન અને જળસંકટ

6  'કિંગ'ની રિલીઝ ડેટમાં કોઈ ફેરફાર નહીં : 'એવેન્જર્સ

7  ચાંદી ₹2,130 વધીને ₹2.19 લાખ પર પહોંચી: 10 ગ્રામ સોનું ₹381 મોંઘું થઈને ₹1.43 લાખનું થયું, આ વર્ષે સોનું....


### PM મોદીના નિવેદન મામલે રાહુલ ગાંધીના પ્રહાર

# વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં, અને વડાપ્રધાન માફ કરી રહ્યા છે : રાહુલ ગાંધી

## રાહુલ ગાંધીએ કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, 'વડાપ્રધાન કહે છે કે હું તેમને માફ કરું છું. મને નથી ખબર કે તેઓ તેમને માફ કરવાવાળા કોણ છે

**નવી દિલ્હી, તા.04**

દિલ્હીમાં 'વાઈકો ઈન પાર્લામેન્ટ' પુસ્તક વિમોચન પ્રસંગે રાહુલ ગાંધીએ PM મોદી અને RSS પર આકરા પ્રહારો કર્યા. તેમણે PMના 'માફ કરવા'ના નિવેદન પર સવાલ ઉઠાવતા કહ્યું કે, PMને ભારતના ભવિષ્યને માફ કરવાનો અધિકાર કોણે આપ્યો? વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં છે અને શિક્ષણ વ્યવસ્થા યોગ્ય નથી, ત્યારે આવા નિવેદનો અયોગ્ય છે. રાહુલ ગાંધીએ સંઘની વિચારસરણીને પણ ખતરનાક ગણાવી.



દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે 'વાઈકો ઈન પાર્લામેન્ટ' નામના પુસ્તક વિમોચન કાર્યક્રમમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને RSS પર તીખા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ વડાપ્રધાનના તાજેતરના નિવેદન સામે સવાલો ઉઠાવતા દેશમાં શિક્ષણ અને વિદ્યાર્થીઓની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

રાહુલ ગાંધીએ કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, 'વડાપ્રધાન કહે છે કે હું તેમને માફ કરું છું. મને નથી ખબર કે તેઓ તેમને માફ કરવાવાળા કોણ છે. દેશ અત્યારે એક વિચિત્ર સમયમાંથી પસાર થઈ રહ્યો છે.

વિદ્યાર્થીઓ રસ્તા પર છે અને ખૂબ જ તકલીફમાં છે. તેઓ પરીક્ષાઓમાં નિષ્પક્ષતા અને એક એવી શિક્ષણ વ્યવસ્થાની માંગ કરી રહ્યા છે જે યોગ્ય રીતે કામ કરે, પરંતુ બીજી તરફ આપણા વડાપ્રધાન તેમને માફ કરી રહ્યા છે.'

પીએમ મોદીના નિવેદન સામે સવાલ ઉઠાવતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'તેમને આ વિચાર ક્યાંથી આવ્યો કે તેમને ભારતના ભવિષ્યને માફ કરવાનો હક છે, મને નથી ખબર, પરંતુ તેઓ એ જ કરવા માંગે છે.' આ સાથે જ તેમણે સંઘ પર નિશાનો સાધતા કહ્યું કે, વડાપ્રધાનની સોચ, તેમના સાથીઓ અને ખાસ કરીને RSSની વિચારસરણી પાછળ એક ખૂબ જ ખતરનાક વિચાર રહેલો છે.

રાહુલ ગાંધીએ ૮૨ વર્ષના નેતા વાઈકોના વખાણ કરતા તેમની સાથેની જૂની દોસ્તી યાદ કરી હતી. તેમણે કહ્યું કે, તેઓ કોઈ પણ રાજકારણીને તેની વિચારધારાની સાતત્યતાથી પરખે છે અને વાઈકો પોતાની વિચારસરણી પર હંમેશા અડગ રહ્યા છે. વાઈકોની ઉંમર અંગે વાત કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે, યુવાન વ્યક્તિ એ છે જે સવાલો પૂછે છે. વાઈકો ૮૨ વર્ષના છે છતાં કેટલાક લોકોથી વિપરીત આજે પણ સવાલો પૂછી રહ્યા છે.

આ સમગ્ર વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર વિડિયો જાહેર કરીને Gen-Zને સંબોધિત કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું હતું કે, 'ફ્રેન્ડ્સ, આજે તો મન કરે છે બસ તમારી સાથે જ વાતો કરું.

જંતર-મંતર પર જે કંઈ પણ થયું તે દેશ અને દુનિયાએ જોયું છે. કેટલાક મસ્તીખોર બાળકોએ ખરાબ ગાળો આપી, જે કોઈ પણ સભ્ય સમાજને શોભતી નથી. મને ગાળો આપવામાં આવી, મારી સ્વર્ગસ્થ માતાને પણ ગાળો આપવામાં આવી.' પીએમ મોદીએ વધુમાં કહ્યું હતું કે, તેઓ આ બાળકોને માફ કરવા માંગે છે, જેના જવાબમાં રાહુલ ગાંધીએ આ નિવેદન આપ્યું છે.

## રામ મંદિર ટ્રસ્ટમાંથી ભૈયાજી જોશીનું રાજીનામું:

# સંરક્ષક પદ છોડ્યું, સ્વાસ્થ્યનું કારણ જણાવ્યું

### અયોધ્યામાં જમીન ખરીદી વિવાદ બાદ જવાબદારી મળી હતી

**અયોધ્યા, તા.04**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વરિષ્ઠ નેતા અને પૂર્વ સરકાર્યવાહ સુરેશ 'ભૈયાજી' જોશીએ શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના પાલક (સંરક્ષક) પદ પરથી રાજીનામું આપી દીધું છે. સત્તાવાર રીતે તેનું કારણ તેમનું સ્વાસ્થ્ય જણાવવામાં આવી રહ્યું છે, પરંતુ સંગઠન અને રાજકીય વર્તુળોમાં આ નિર્ણયને એક મહત્વપૂર્ણ બદલાવ તરીકે જોવામાં આવી રહ્યો છે.



ભૈયાજી જોષીને તે સમયે ટ્રસ્ટના 'પાલક' બનાવવામાં આવ્યા હતા, જ્યારે રામ મંદિર ટ્રસ્ટની જમીન ખરીદીને લઈને વિવાદ સામે આવ્યો હતો. આરોપો લાગ્યા હતા કે લગભગ બે કરોડ રૂપિયાની જમીન 18 કરોડ રૂપિયામાં ખરીદવામાં આવી હતી. વિવાદ પછી ટ્રસ્ટની કાર્યપ્રણાલી પર દેખરેખ અને પારદર્શિતા મજબૂત કરવાના ઉદ્દેશ્યથી તેમને આ જવાબદારી સોંપવામાં આવી હતી.

અયોધ્યામાં ભૈયાજી જોષી વતી ગોપાલ રાવ ટ્રસ્ટ સાથે જોડાયેલા કાર્યોનું સંકલન કરતા હતા. તેમને ટ્રસ્ટમાંથી હટાવ્યા પછી તેમણે અયોધ્યા છોડી દીધું. સૂત્રો અનુસાર, તેમનો કાર્યક્ષેત્ર બદલી દેવામાં આવ્યો છે.

રામ મંદિર ટ્રસ્ટમાં 'પાલક'નું પદ દૈનિક વહીવટી કાર્યોથી અલગ એક માર્ગદર્શકની ભૂમિકા ભજવે છે. આ પદ પર નિયુક્ત વ્યક્તિ ટ્રસ્ટની ગતિવિધિઓ, નાણાકીય પારદર્શિતા અને સંગઠનાત્મક વ્યવસ્થા પર નજર રાખે છે. કોઈ વિવાદની સ્થિતિમાં માર્ગદર્શન આપવું પણ આ જ ભૂમિકાનો એક ભાગ માનવામાં આવે છે.

ભૈયાજી જોશી લાંબા સમય સુધી આરએસએસના સૌથી પ્રભાવશાળી નેતાઓમાંના એક રહ્યા છે. તેમને સંઘ અને ભાજપ વચ્ચે સંકલનની મજબૂત કડી માનવામાં આવતા રહ્યા છે. રામ મંદિર આંદોલનથી લઈને મંદિર નિર્માણ સુધી તેમની ભૂમિકા મહત્વપૂર્ણ રહી. આવી સ્થિતિમાં તેમનું 'પાલક' પદ છોડવું સંગઠનાત્મક દ્રષ્ટિએ પણ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

# કેજરીવાલે PM આવાસ સુધી માર્ચ કાઢી, પોલીસે રોક્યા: ફિરોઝશાહ રોડ પર ધરણાં પર બેઠા....

### E20ના વિરોધમાં 2 લાખથી વધુ લોકોના પત્રો સોંપીશું

**નવી દિલ્હી, તા.04**

દિલ્હીના પૂર્વ CM અને આમ આદમી પાર્ટી (AAP) સંયોજક અરવિંદ કેજરીવાલે મંગળવારે E20 ફ્યુઅલના વિરોધમાં વડાપ્રધાન આવાસ સુધી માર્ચ કાઢી હતી. જોકે, દિલ્હી પોલીસે કેજરીવાલ, મનીષ સિસોદિયા, જેસ્મિન શાહ સહિત પાર્ટીના અન્ય નેતાઓને ફિરોઝશાહ રોડ પર જ રોકી લીધા હતા. આ પછી કેજરીવાલ સહિત અન્ય AAP નેતાઓ ફિરોઝશાહ રોડ પર જ વચોવચ રસ્તા પર ધરણાં પર બેસી ગયા હતા. AAPએ લગભગ 100 નેતાઓ અને કાર્યકરો સાથે આ માર્ચ કાઢી હતી. પાર્ટીનો દાવો છે કે તેમણે દેશભરમાંથી 2.30 લાખથી વધુ લોકોની અરજીઓ એકઠી કરી છે, જેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સોંપવાની હતી. માર્ચ દરમિયાન કેજરીવાલે કહ્યું કે E20ના વિરોધમાં 2 લાખથી વધુ લોકોએ વડાપ્રધાનને પત્રો લખ્યા છે, જેને તેઓ પોતે વડાપ્રધાનને સોંપવા માગે છે. કેજરીવાલે જણાવ્યું કે તેમણે વડાપ્રધાનને મેસેજ મોકલ્યો છે. તેમણે કહ્યું- 'અમને આશા છે કે PM આપણને મળશે.' E20ના વિરોધમાં ધરણા દરમિયાન અરવિંદ



કેજરીવાલે આરોપ લગાવ્યો કે ટ્રમ્પના દબાણમાં મોદી સરકાર અમેરિકા પાસેથી ઈથેનોલ ખરીદી રહી છે. અમેરિકા દુનિયામાં સૌથી વધુ ઈથેનોલ બનાવે છે અને તેણે ભારત પર તેને ખરીદવા માટે દબાણ કર્યું. કેજરીવાલે કહ્યું- અમેરિકાનો કચરો ખરીદીને અમારી 30 લાખ ગાડીઓ પર થોપવામાં આવી રહ્યો છે. તેને રોકવા માટે આપણે NEET આંદોલનથી પણ મોટું આંદોલન કરવું પડશે. તેમણે લોકોને આ અભિયાનમાં જોડાવા અપીલ કરતા કહ્યું કે E20 નીતિ વિરુદ્ધ તેમની લડાઈ ચાલુ રહેશે.

દિલ્હી AAP અધ્યક્ષ સૌરભ ભારદ્વાજે કહ્યું- અમે 2 લાખથી વધુ લોકોની અરજીઓ લઈને આવ્યા છીએ. અમને આગળ જવા દેવા જોઈએ. જો કોઈ સમસ્યા હોય તો વડાપ્રધાન કાર્યાલય (PMO)નો કોઈ અધિકારી અહીં આવીને આવેદનપત્ર લઈ લે અને આ મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર થઈ જાય.

સૌરભ ભારદ્વાજે ભારે પોલીસ દળની તૈનાતી પર પણ સવાલ ઉઠાવ્યો. તેમણે કહ્યું- આટલી મોટી સંખ્યામાં પોલીસ, RAF, લાકડીઓ અને ઢાલ જોઈને આશ્ચર્ય થાય છે. અમે ફક્ત લોકોના પત્રો વડાપ્રધાન સુધી પહોંચાડવા આવ્યા છીએ. અરવિંદ કેજરીવાલ પોતાના પક્ષના કાર્યકરો અને સમર્થકો સાથે પીએસ હાઉસ માટે નીકળી ચૂક્યા છે. જ્યાં રસ્તામાં કેજરીવાલને પોલીસે ફિરોઝ શાહ રોડ પર રોકી લીધા છે. આ દરમિયાન અરવિંદ કેજરીવાલ આમ આદમી પાર્ટીના કાર્યકરો સહિત સેંકડો લોકો સાથે રસ્તા પર જ ધરણા પર બેસી ગયા છે. અરવિંદ કેજરીવાલ, દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા અને સેંકડો કાર્યકર્તાઓ સહિત ધરણા પર બેસી ગયા છે. કેજરીવાલનું કહેવું છે કે, હું મારી સાથે 2.30 લાખથી વધુ સહી કરેલી અરજીઓ લઈને આવ્યો છું. સરકાર આજે જનતા પર જબરદસ્તી E20 પેટ્રોલ થોપવાનું બંધ કરે. અમે અહીં ફક્ત વડાપ્રધાનને મળવા આવ્યા છીએ. આ સમયે ફિરોઝ શાહ રોડ પર ભારે પોલીસ બળ તૈનાત છે.

## રાજ્યસભામાં ખડગે બોલ્યા- ED- CBI ક્યાં છે: રિજિજુએ કહ્યું

# વિપક્ષના મગરના આંસુ, રામ મંદિરમાં ચોરી મામલે વિપક્ષનું પ્રદર્શન

**નવી દિલ્હી, તા.04**

સંસદના ચોમાસુ સત્રના 12મા દિવસે રામ મંદિરના દાન ચોરીના મામલે બંને ગૃહોમાં ભારે હોબાળો થયો. મંગળવારે લોકસભાની કાર્યવાહી માત્ર 19 મિનિટ ચાલી શકી. નાણા મંત્રી નિર્મલા સીતારમણે આ દરમિયાન ટેક્સ સુધારા સંબંધિત બિલ રજૂ કર્યા. આ પછી ગૃહ બુધવાર સુધી સ્થગિત કરવામાં આવ્યું. રાજ્યસભાની કાર્યવાહી દિવસમાં બે વાર સ્થગિત થઈ. 11 વાગ્યે કાર્યવાહી શરૂ થયાના અડધા કલાકની અંદર સ્થગિત પણ થઈ ગઈ. બપોરે 12 વાગ્યે કાર્યવાહી ફરી શરૂ થઈ, પરંતુ માત્ર 20 મિનિટ જ ચાલી શકી. બપોરે 2 વાગ્યે કાર્યવાહી ફરી શરૂ થઈ. આ પહેલા રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે અને સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુ વચ્ચે દલીલ થઈ. ખડગેએ કહ્યું- રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની રચના કેન્દ્ર સરકારે કરી હતી. ટ્રસ્ટને 70 એકરથી વધુ જમીન સોંપવામાં આવી. પીએમ પોતે રામ મંદિર સાથે જોડાયેલા દરેક કાર્યક્રમમાં સામેલ થયા. હવે ED, CBI અને અન્ય કેન્દ્રીય તપાસ એજન્સીઓ ક્યાં છે? સરકારે ગૃહમાં તેનો જવાબ આપવો જોઈએ. આના પર સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુએ કહ્યું- કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વર્ષો સુધી ભગવાન રામ અને રામ મંદિરનો વિરોધ કરતી રહી છે. રામ મંદિર બનવા પર કાળી પટ્ટી બાંધીને વિરોધ કર્યો હતો. આજે એ જ લોકો મગરના આંસુ પાડીને દેશને ગેરમાર્ગે દોરી શકશે નહીં. પહેલા ભગવાન રામનું અપમાન કરવા બદલ દેશની માફી માંગો, ત્યારબાદ સરકાર પાસેથી જવાબ માંગો. સવારે પીએમ મોદી સંસદ પરિસરમાં આવેલા જી.એમ.સી. બાલયોગી ઓડિટોરિયમમાં NDA સંસદીય દળની સાપ્તાહિક બેઠક 'મંગલ મિલન'માં પહોંચ્યા હતા. બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ, રક્ષામંત્રી રાજનાથ સિંહ, ભાજપ અધ્યક્ષ નિતિન નવીન સહિત NDAના વરિષ્ઠ નેતાઓ અને સાંસદોએ ભાગ લીધો.



સંસદના ચોમાસુ સત્રનો આજે 12મો દિવસ છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે લોકસભામાં 'ટેક્સેશન એન્ડ અધર લોઝ (એમેન્ડમેન્ટ) બિલ' રજૂ કરશે. આ બિલમાં ટેક્સ સંબંધિત વિવિધ કાયદાઓમાં સુધારાનો પ્રસ્તાવ છે. બપોરે 2 વાગ્યે શરૂ થયેલી લોકસભાની કાર્યવાહી માત્ર 16 મિનિટ જ ચાલી શકી. આ દરમિયાન વિપક્ષી સાંસદોની સૂત્રોચ્ચાર ચાલુ રહી. ત્યારબાદ અધ્યક્ષ દિલીપ સૈકિયાએ ગૃહની કાર્યવાહી બુધવાર સુધી સ્થગિત કરી હતી.

બપોરે 2 વાગ્યે લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષી સાંસદો ઊભા થઈને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. અધ્યક્ષ દિલીપ સૈકિયાએ આ સાંસદોને સૂત્રોચ્ચાર ન કરવા અને બેસી જવા કહ્યું પરંતુ તેઓ માન્યા નહીં. હોબાળા વચ્ચે નાણામંત્રીએ ટેક્સ સંબંધિત સુધારો રજૂ કર્યો. રાજ્યસભાની કાર્યવાહી બપોરે 12 વાગ્યે ફરી શરૂ થઈ. આ દરમિયાન કોંગ્રેસ અને અન્ય વિપક્ષી દળોએ રામ મંદિરના દાન ચોરી અંગે સૂત્રોચ્ચાર કર્યા. લગભગ 20 મિનિટ પછી ગૃહને 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યું. બિહાર અને મધ્ય પ્રદેશ વિધાનસભા પેટાચૂંટણીમાં ભાજપની હાર પર કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે હવે સ્પષ્ટ છે કે જનતા ભાજપથી કંટાળી ગઈ છે. લોકો સમજી રહ્યા છે કે દેશમાં શું થઈ રહ્યું છે. મને લાગે છે કે આ માત્ર શરૂઆત છે.

રાજ્યસભામાં કોંગ્રેસ અધ્યક્ષ અને નેતા પ્રતિપક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ પર રોકડ, દાન, ઘરેણાં અને જમીન સંબંધિત ગંભીર આરોપો સામે આવ્યા છે. આ ટ્રસ્ટની રચના કેન્દ્ર સરકારે કરી હતી. સંસદમાં તેની જાહેરાત ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી હતી.

ખડગેએ કહ્યું- પીએમએ ટ્રસ્ટને 70 એકરથી વધુ જમીન સોંપી અને તેઓ રામ મંદિરના દરેક મહત્વપૂર્ણ કાર્યક્રમમાં સામેલ થતા રહ્યા છે. ખડગેએ સવાલ કર્યો કે ED, CBI અને અન્ય કેન્દ્રીય તપાસ એજન્સીઓ આ મામલે શું કરી રહી છે. સરકારે ગૃહમાં તેનો જવાબ આપવો જોઈએ.

આના પર સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુએ વિપક્ષ પર પલટવાર કર્યો. તેમણે કહ્યું- કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વર્ષો સુધી ભગવાન રામ અને રામ મંદિરનો વિરોધ કરતી રહી છે. રામ મંદિર બનવા પર કાળી પટ્ટી બાંધીને વિરોધ કર્યો હતો. આજે એ જ લોકો દાન ચોરીનું નાટક કરી રહ્યા છે.

રિજિજુએ કહ્યું- રામ વિરોધી લોકો મગરના આંસુ વહાવીને દેશને ગેરમાર્ગે દોરી શકશે નહીં. પહેલા ભગવાન રામનું અપમાન કરવા બદલ દેશની માફી માંગો, તે પછી સરકાર પાસેથી જવાબ માંગો.

રાજ્યસભાની કાર્યવાહી સવારે 11 વાગ્યે શરૂ થઈ. વિપક્ષે રામ મંદિરના દાન ચોરીને લઈને નારેબાજી કરી. વિપક્ષે સરકાર પાસેથી આ મામલે જવાબ અને ચર્ચાની માંગ કરી. લોકસભાની કાર્યવાહી સવારે 11 વાગ્યે શરૂ થઈ, પરંતુ વિપક્ષના હોબાળાને કારણે માત્ર 3 મિનિટ જ ચાલી શકી. ત્યારબાદ સ્પીકર ઓમ બિરલાએ ગૃહની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરી હતી. સંસદની કાર્યવાહી પહેલા NDA સંસદીય દળની બેઠકમાં વડાપ્રધાન મોદી, ગૃહમંત્રી અમિત શાહ, રક્ષામંત્રી રાજનાથ સિંહ, ભાજપ અધ્યક્ષ નિતિન નવીન સહિત NDAના અન્ય સાંસદો હાજર રહ્યા.




## ખંભાતમાં ધર્માંતરણના પ્રયાસના કેસમાં હાઈકોર્ટનો ફરિયાદ રદ્દ કરવા ઈનકાર

# આર્થિક રીતે નબળા વર્ગની મજબૂરીનો લાભ ઉઠાવી ધર્માંતરણનો પ્રયાસ કરાયો હોવાનું પ્રાથમિક અવલોકન

**અમદાવાદ, તા.04**

ગુજરાત હાઈકોર્ટે એક આશા સુપરવાઈઝર સામે તેમના હિન્દુ ગૌણ કર્મચારીઓ સમક્ષ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા અને એક ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે કથિત રીતે મજબૂર કરવા બદલ નોંધાયેલી FIR રદ કરવાનો ઈનકાર કર્યો છે.



ખંભાત ગ્રામ્ય પોલીસ દ્વારા આશા સુપરવાઈઝર નમ્રતા મકવાણા સામે ગુજરાત ધર્મ સ્વતંત્રતા અધિનિયમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. એક આશા વર્કર દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં તેમના પર અને અન્ય ચાર આશા વર્કરો પર બાઈબલ તથા ખ્રિસ્તી સાહિત્ય વંચાવવાનો, ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરતા વીડિયો બતાવવાનો અને મૂર્તિપૂજાની ટીકા કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

તેમણે આ વાત ન માનવા પર વેતન ઘટાડી દેવાની ધમકી આપી હોવાનો પણ આરોપ લગાવ્યો હતો. ફરિયાદમાં જણાવાયું હતું કે, તેમને વિભાગીય બેઠકના બહાને વડોદરા ખાતે એક ધાર્મિક કાર્યક્રમમાં પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ ઘટનાઓ વર્ષ 2022થી વર્ષ 2024 વચ્ચે બની હતી અને નવેમ્બર, 2025માં FIR નોંધાઈ હતી. પોલીસે તેમની સામે ચાર્જશીટ રજૂ કરી હતી, જેમાં રજૂ કરાયેલા પુરાવા મુજબ તેમનો પરિવાર યહોવાઝ વિટનેસિસ ઓફ ઈન્ડિયા- JWI સાથે જોડાયેલો હતો અને તેમને JWI તરફથી 30 કરોડ રૂપિયાથી વધુની રકમ મળી હતી.

અરજદારે હાઈકોર્ટમાં એવી દલીલ કરી હતી કે તેઓ યહોવાઝ વિટનેસના અનુયાયી છે અને પોતાના ધર્મનો પ્રચાર કરવો એ બંધારણના અનુચેદ 25 હેઠળ સંરક્ષિત અધિકાર છે. તેમના વકીલે રજૂઆત કરી હતી કે ત્યાં કોઈ બળજબરી, લાલચ, કપટ કે ધર્માંતરણનો પ્રયાસ થયો નહોતો, ફરિયાદ કરનાર પાસે અન્ય લોકો વતી ફરિયાદ કરવાનો કોઈ અધિકાર નહોતો અને કાયદાની કલમ 6 હેઠળ મંજૂરી ન હોવાથી આ કાર્યવાહી કાયદાકીય રીતે બાધિત છે.

તેમણે એવું પણ રજૂ કર્યું હતું કે તેમના ગૌણ કર્મચારીએ ઘટનાઓના એક વર્ષ કરતાં પણ વધુ સમય પછી આ ફરિયાદ નોંધાવી છે અને બાઈબલના પવિત્ર ઉપદેશો, સાહિત્ય તથા વીડિયો શેર કરવા બદલ તેમની સામે બદલો લેવાના હેતુથી આ કરવામાં આવ્યું છે. ફરિયાદીના કામમાં ક્ષતિઓ દર્શાવવામાં આવી હોવાથી આ માત્ર અંગત વૈમનસ્ય હતું.

રાજ્ય સરકારે આ અરજીનો વિરોધ કરતા રજૂઆત કરી હતી કે, તપાસ દરમિયાન એકત્ર કરવામાં આવેલા પુરાવાઓ કોગ્નિઝેબલ ગુનો દર્શાવે છે. સુનાવણી બાદ હાઈકોર્ટે નોંધ્યું હતું કે, કોઈ તપાસના સાહિત્યનું અવલોકન કરે, તો તે સૂચવે છે કે અરજદારે આર્થિક રીતે નબળા વર્ગના લોકોને લક્ષ્ય બનાવ્યા હતા, તેમની નાણાકીય પરિસ્થિતિનો લાભ લીધો હતો, રૂમ બંધ કરીને હિન્દુ ધર્મમાં મૂર્તિપૂજાની ટીકા કરીને ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કર્યો હતો અને વડોદરાના કાર્યક્રમમાં હાજર લોકોના અનુભવો દ્વારા ધર્માંતરણના કથિત ફાયદાઓ દર્શાવ્યા હતા.

આ બાબતો પ્રથમદર્શી રીતે ગુજરાત ધર્મ સ્વતંત્રતા અધિનિયમ, 2003 ની જોગવાઈઓ હેઠળ કોગ્નિઝેબલ ગુનો આચરવામાં આવ્યો હોવાનું દર્શાવે છે. હાઈકોર્ટે અરજદારની અરજી ફગાવી દીધી છે અને તેમને ટ્રાયલ કોર્ટ સમક્ષ તમામ માન્ય દલીલો કરવાની છૂટ આપી હતી. અરજદારે હાઈકોર્ટમાં એવી દલીલ કરી હતી કે તેઓ યહોવાઝ વિટનેસના અનુયાયી છે અને પોતાના ધર્મનો પ્રચાર કરવો એ બંધારણના અનુચેદ 25 હેઠળ સંરક્ષિત અધિકાર છે. તેમના વકીલે રજૂઆત કરી હતી કે ત્યાં કોઈ બળજબરી, લાલચ, કપટ કે ધર્માંતરણનો પ્રયાસ થયો નહોતો, ફરિયાદ કરનાર પાસે અન્ય લોકો વતી ફરિયાદ કરવાનો કોઈ અધિકાર નહોતો અને કાયદાની કલમ 6 હેઠળ મંજૂરી ન હોવાથી આ કાર્યવાહી કાયદાકીય રીતે બાધિત છે.

# MLA ખેડાવાલાના મતવિસ્તાર ખાડિયામાં કોંગ્રેસના કાર્યકર્તાઓનો કામ ન થયાનો આક્ષેપ

- ગટર અને પાણીના કામ ન થયા, ખાલી કોન્ટ્રાક્ટરોના બિલો બનતા હોવાનો આરોપ

**અમદાવાદ, તા.04**

જમાલપુર-ખાડિયા વિધાનસભાના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાના મતવિસ્તારમાં પાણી અને ગટરના કામો ન થતા હોવા અંગેની ફરિયાદને લઈને કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા ખાડિયા મસ્ટર ઓફિસ ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યકર્તાઓએ મસ્ટર ઓફિસમાં જઈને સરકારી કાગળો બતાવી કોન્ટ્રાક્ટરોની ફાઈલો પાસ થયેલી છે કેટલીક પેન્ડિંગ પડી છે એવા આક્ષેપ કરવામાં આવ્યા છે. કામ કર્યા વિના જ કોન્ટ્રાક્ટરોની ફાઈલો પાસ કરવામાં આવતી હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા. બાદમાં મસ્ટર ઓફિસમાં કર્મચારીઓ અને અધિકારીઓને બંધ કરી દીધા હતા.



મળતી માહિતી મુજબ જમાલપુર-ખાડીયા વિધાનસભા અંતર્ગત આવતા ખાડિયા વિસ્તારમાં અલગ અલગ જગ્યાઓ પર ગટર અને પાણીની સમસ્યાને લઈને સ્થાનિકો દ્વારા કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાળાને રજૂઆત કરવામાં આવી હતી. જેના આધારે તેમના દ્વારા કોર્પોરેશનમાં પત્રો લખી અને મૌખિક પણ રજૂઆત કરવામાં આવી હોવા છતાં પણ કોઈ કામગીરી કરવામાં આવી નહોતી જેના પગલે આજે 4 ઓગસ્ટના રોજ કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા ખાડિયા મસ્ટર ઓફિસ ખાતે જઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ફરિયાદોના કાગળો લઈને પહોંચેલા કાર્યકર્તાઓએ આક્ષેપ કરતા કહ્યું હતું કે અહીંયા માત્ર કોન્ટ્રાક્ટરોના બિલ બને છે પરંતુ કામ થતાં નથી. ઓફિસમાં ખાલી અધિકારીઓ બેસવા આવે છે અને કોઈ કામ થતું નથી કોઈ જવાબદાર અધિકારી પણ હાજર હોતા નથી. 'હાય રે કમિશનર હાય હાય અને હાયરે અધિકારીઓ હાય હાય'ના નારા લગાવીને વિરોધ કર્યો હતો. એક કાર્યકર્તાએ સરકારી કાગળો ઉઠાવી અને ત્યાં કામગીરી માત્ર કોન્ટ્રાક્ટરોની જ કરવામાં આવતી હોવાનો આક્ષેપ કર્યો હતો.

ધારાસભ્ય ઈમરાન ખેડાવાળા દ્વારા લખવામાં આવેલા પત્રો બતાવી અને બે બે મહિના સુધી કામો ન થયા હોવાનું જણાવ્યું હતું. જો અધિકારીઓ ખાડિયા વોર્ડમાં કામગીરી ન કરતા હોય તો મસ્ટર ઓફિસને બંધ કરી દેવી જોઈએ એમ કહી અને અધિકારીઓને અંદર રાખીને ઓફિસની જાળી બંધ કરી દીધી હતી.

# વટવામાં નશાયુક્ત કફ સીરપની બોટલોનું માતા-પુત્ર વેચાણ કરતાં: ANTF ટીમે દરોડો પાડી 498 બોટલો કબજે કરી, પુત્રની ધરપકડ, માતા ફરાર

**અમદાવાદ, તા.04**

અમદાવાદમાં દિન પ્રતિદિન નશાકારક દ્રવ્યોના વેચાણમાં વધારો થઈ રહ્યો છે, ખાસ કરીને પૂર્વ વિસ્તારના વટવામાં નશાકારક ચીજ વસ્તુઓનું વેચાણ વધી રહ્યું છે ત્યારે અમદાવાદ નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સની ટીમ દ્વારા વટવા વિસ્તારમાં આવેલા ચાર માળિયા ખાતે આવેલા મકાનમાં દરોડો પાડીને 478 કફ સીરપની બોટલો જપ્ત કરવામાં આવી છે. માતા અને પુત્ર ભેગા મળીને કફ સીરપનું વેચાણ કરતા હતા ત્યારે પોલીસે પુત્રની ધરપકડ કરી છે જ્યારે માતા ફરાર છે. વટવા પોલીસની જાણ બહાર ટાસ્ક ફોર્સની ટીમે દરોડો પાડીને નશાયુક્ત કફ સીરપ બોટલો વેચનારા શખ્સને ઝડપી પાડ્યો છે.



નશા મુક્ત રાજ્ય બનાવવા માટે નશાકારક ચીજ વસ્તુઓનું વેચાણ કરનારા તત્વો સામે કાર્યવાહી કરવા માટે ગાંધીનગર સીઆઈડી અંતર્ગત એન્ટી નાર્કોટિક્સની ટીમ બનાવવામાં આવી છે. ત્યારે ગાંધીનગર વહીવટી શાખામાં ફરજ બજાવનારા પીએસઆઈ ડી. બી. સોલંકીને બાતમી મળી હતી કે અમદાવાદના વટવા વિસ્તારમાં ચાર માળિયામાં એક મહિલા અને તેનો પુત્ર ગેરકાયદેસર કફ સીરપનું વેચાણ કરે છે. તેથી તેઓ દ્વારા અમદાવાદ ઝોનના એન્ટી નાર્કોટિક્સ ટીમને જાણ કરવામાં આવી હતી જેથી ટીમ દ્વારા વટવા ચાર માળિયા ખાતે આવેલા મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો.

પોલીસે મહંમદ સારિક ઉર્ફે બાલી હુસૈન શેખ અને ઝરીના શેખના ઘરમાં દરોળો પાડ્યો હતો, ત્યારે તેમને ચાર જેટલા થેલા મળી આવ્યા હતા. જેમાં તપાસ કરતા કફ સીરપની બોટલો મળી આવેલી હતી. એકસરખી કુલ 478 જેટલી બોટલો મળી આવેલી હતી. નશાયુક્ત કફ સીરપની બોટલો મળી આવેલી હતી જે તમામ બોટલોને પોલીસ દ્વારા જપ્ત કરી લેવામાં આવી હતી. પોલીસ દ્વારા મોહમ્મદારીકની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે આ કફ સીરપનો જથ્થો તેની માતા ઝરીનાબેન લાવે છે અને તેઓ છૂટક ધંધો કરે છે. મકાન પણ ભાડે રાખવામાં આવ્યું છે અને હાલમાં તેની માતા હાજર નથી. જેથી પોલીસે મહંમદ સારીકની ધરપકડ કરી છે.

એક મહિના પહેલા પણ શહેરના વટવા વિસ્તારમાં જ ગાંજો પીવા બાબતે મારામારીનો બનાવ બન્યો હતો. ફરિયાદીના ઘરની બહાર કેટલાક લોકો ગાંજો પીવા બાબતે બોલાચાલી થઈ હતી જેમાં યુવકના માથામાં ઈજા પણ થઈ હતી. ત્યારે વટવા વિસ્તારમાં ચાર માળિયા ખાતે જ આવા નશાકારક પદાર્થોનું વેચાણ થતું હોવાનું સામે આવ્યું છે અને સ્થાનિક પોલીસની જગ્યાએ નાર્કોટિક્સ સેલની ટીમને માહિતી મળતા તેમના દ્વારા દરોડો પાડી અને કાર્યવાહી કરવામાં આવી છે.

## AMCનું બનાવટી આઈકાર્ડ, ટેન્ડરફોર્મ અને પર્ચેઝ ઓર્ડર બનાવ્યો

# સિવિલ હોસ્પિટલ અને AMCના નામે ઓર્ડર આપવાનું કહી 9.60 લાખનો સાયબર ફ્રોડ કરનારી ત્રિપુટી ઝડપાઈ

**અમદાવાદ, તા.04**

અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે સિવિલ હોસ્પિટલ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના નામે ટેન્ડર અપાવવાની લાલચ આપી 9.60 લાખની સાયબર ઠગાઈ કરનાર ત્રણ સભ્યોની ધરપકડ કરી છે. સેટેલાઈટ વિસ્તારમાં આવેલી એક કંપનીના સંચાલકની ફરિયાદના આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી. આરોપીઓએ વેપારીને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 2,000 ડિસ્પોઝેબલ બેગ સપ્લાય કરવાનો કોન્ટ્રાક્ટ અપાવવાનું કહી વિશ્વાસમાં લીધો હતો. આ માટે તેમણે સિવિલ હોસ્પિટલના નામે બનાવટી એમ્પ્લોયી આઈડી કાર્ડ, ટેન્ડર ફોર્મ, પર્ચેઝ ઓર્ડર અને અન્ય દસ્તાવેજો મોકલી વિશ્વાસ જીત્યો હતો.



સાયબર ક્રાઈમના પીઆઈ એમ.એચ ભેટરિયાની ટીમે રાહુલ શર્મા, વિપુલસિંઘ અને અમન કુશવાહાની ધરપકડ કરી છે.આ આરોપીઓએ ZED સર્ટિફિકેટ, CPCP સર્ટિફિકેટ, GEM પોર્ટલ પર OEM સર્ટિફિકેટ અને NSIC સર્ટિફિકેટ સહિત વિવિધ પ્રક્રિયાના નામે વેપારી પાસે થી 9.60 લાખ પડાવ્યા હતા.ત્યારબાદ લાંબા સમય સુધી ઓર્ડર નહી મળતા વેપારીને પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનું સમજમાં આવ્યું હતું માટે તેણે આ બાબતે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, રાહુલ શર્મા સમગ્ર કાવતરાનો માસ્ટર માઈન્ડ છે.તેણે સિમકાર્ડ, બેંક ખાતાં અને સમગ્ર ફ્રોડનું આયોજન કર્યું હતું. સિવિલ હોસ્પિટલના પર્ચેઝ વિભાગના અધિકારી 'રાજેશ રાવલ' તરીકે ફરિયાદી સાથે વાતચીત કરી હતી. એટલું જ નહીં, AIની મદદથી સિવિલ હોસ્પિટલના લેટરપેડ, સહી-સિક્કાવાળા બનાવટી દસ્તાવેજો અને નકલી ઈ-મેઈલ આઈડી તૈયાર કરીને Google Meet મારફતે પણ વાતચીત કરી હતી. રાહુલ વેપારીની ઓફિસે સિવિલ હોસ્પિટલના કર્મચારી તરીકે રૂબરૂ પણ ગયો હોવાનું બહાર આવ્યું છે.

વિપુલસિંહ તોમરે પોતાના બેંક ખાતાનો ઉપયોગ ફ્રોડની રકમ મેળવવા માટે કર્યો હતો, જ્યારે અમન કુશવાહાએ AMCના અધિકારી 'શૈલેષ સિંહ' તરીકે ઓળખ આપી ફરિયાદી સાથે સંપર્ક સાધી વિવિધ સર્ટિફિકેટ બનાવવાના બહાને પૈસા પડાવવામાં મદદ કરી હતી.સાયબર ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં આરોપીઓના બેંક ખાતાં અને મોબાઈલ નંબરના આધારે અન્ય ઠગાઈના બનાવો પણ સામે આવ્યા છે. ચાંગોદર વિસ્તારમાં એક વ્યક્તિ સાથે 18.31 લાખની છેતરપીંડી કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે, જે અંગે ચાંગોદર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે અને તે કેસમાં પણ આરોપીઓની ધરપકડ બાકી છે.

પોલીસને પ્રાથમિક તપાસમાં અન્ય અનેક લોકો સાથે પણ લાખો રૂપિયાની છેતરપીંડી કરવામાં આવી હોવાની વિગતો મળી છે. સમગ્ર ગેંગે કેટલા લોકોને નિશાન બનાવ્યા, કુલ કેટલી રકમની ઠગાઈ આચરી અને તેમાં અન્ય કોણ-કોણ સંડોવાયેલા છે તે દિશામાં અમદાવાદ શહેર સાયબર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ભાજપના જ નેતાઓથી મહિલાઓ અસુરક્ષિત: બાપુનગર વિધાનસભાના હોદ્દેદારે મહિલા કાર્યકર્તાને મેસેજ કરી અભદ્ર માંગણી કરી, એક મહિનામાં ત્રણ કિસ્સા સામે આવ્યા

**અમદાવાદ, તા.04**

ભાજપ શિસ્તબદ્ધ પાર્ટી હોવાનો દાવો કરે છે. પરંતુ ભાજપના જ નેતાઓ અને હોદ્દેદારો મહિલા કાર્યકર્તાઓ સાથે અભદ્ર વર્તન ખોટી માંગણીઓ કરતા હોવાનું સામે આવ્યું છે. અમદાવાદની બાપુનગર વિધાનસભાના ભાજપના એક હોદ્દેદાર દ્વારા મહિલા સાથે અભદ્ર વર્તન અને શારીરિક માંગણીઓ કરવામાં આવતી હોવાને લઈને પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માને પત્ર લખવામાં આવ્યો છે. કાર્યકર્તાએ પ્રદેશ પ્રમુખને પત્ર લખી અને હોદ્દેદાર દ્વારા ગાળો બોલવામાં આવે છે અને અભદ્ર માંગણીઓ કરવામાં આવે છે તેવી રજૂઆત કરી છે અને કડકમાં કડક કાર્યવાહી કરવા અંગેની માંગ કરી છે.



બાપુનગર વિધાનસભાના એક સિનિયર મહિલા કાર્યકર્તાએ ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માને પત્ર લખી જણાવ્યું કે, એક સમયે ભાજપમાં કાર્યકર્તાઓ માટે ખૂબ માન-સન્માન હતું. પરંતુ હાલમાં પદ ઉપર રહેલા કેટલાક હોદ્દેદારો દ્વારા મહિલા કાર્યકર્તાઓનું શોષણ થઈ રહ્યું છે, તે જણાવતા અત્યંત દુઃખ થાય છે. બાપુનગર વિધાનસભાના એક હોદ્દેદાર દ્વારા છેલ્લા ઘણા સમયથી અમારું પક્ષનું કોઈપણ કામ કરવા બાબતે અમારી પાસે માંગણી કરવામાં આવે છે. તેઓ વારંવાર ફોન કરીને અપશબ્દો બોલે છે, ગંદી વાતો કરે છે અને ખૂબ જ અભદ્ર માગણી કરી મહિલાઓને ગેરમાર્ગે દોરી શારીરિક ઉપયોગ કરવાનો પ્રયાસ કરે છે.

અમે મહિલા કાર્યકર્તાઓ માનસિક ત્રાસમાં છીએ અને પક્ષનું કામ કરવામાં ડર લાગે છે. હું ભાજપની નિષ્ઠાવાન કાર્યકર્તા હોવાના નાતે ઈચ્છતી નથી કે આ બાબત બહાર જાય બદનામી થાય. પરંતુ હવે સહન કરવાની હદ વટી ગઈ છે. આથી આપને નમ્ર વિનંતી કે, આ બાબતની તાત્કાલિક ગંભીરતાથી નોંધ લઈ, 'POSH Act 2013' હેઠળ રચાયેલી આંતરિક તપાસ કમિટી સમક્ષ તપાસ કરાવવામાં આવે અને હોદ્દેદાર વિરુદ્ધ પક્ષના નિયમો મુજબ કડક અને ન્યાયિક કાર્યવાહી કરવામ ભવિષ્યમાં કોઈપણ મહિલા કાર્યકર્તા સુરક્ષિત રહે. આપ સાહેબ પાસેથી તાત્કાલિક ન્યાય અને સુરક્ષાની આશા રાખું છું.

થોડા સમય પહેલા પણ પૂર્વ વિસ્તારના જ એક વોર્ડના પ્રમુખ દ્વારા મહિલા કાર્યકર્તાને મેસેજ કરવામાં આવ્યા હતા અને તેમને મળવા માટેની માંગણી કરી હતી. મહિલા કાર્યકર્તાને બહાર મળવા માટેના મેસેજ કરવામાં આવ્યા હતા અને અવારનવાર આવા મેસેજોને લઈને મહિલા કાર્યકર્તા દ્વારા શહેર ભાજપના હોદ્દેદારોને ફરિયાદ પણ કરવામાં આવી હતી. જેના પગલે ભાજપના હોદ્દેદારો તાત્કાલિક મહિલા અને પ્રમુખ વચ્ચે સમાધાન કરવા માટે પહોંચી ગયા હતા અને પક્ષની બદનામી ન થાય તેના માટે ફરિયાદ ન કરવા અંગે સમજાવટ કરી હતી.

શહેરના પશ્ચિમ વિસ્તારના પણ એક વોર્ડના મહામંત્રી દ્વારા પૂર્વ કોર્પોરેટરની પુત્રીને મેસેજ કરવામાં આવ્યા હતા અને બીભત્સ મેસેજો કરી તેની પાસે અશ્લીલ માંગણીઓ કરવામાં આવી હતી જે બાબતે તેમને ચેતવણી પણ આપવામાં આવી હતી. જે બાદ ત્યાં મહિલા કાર્યકર્તાને પણ મેસેજ કરવામાં આવ્યા હોવાનું ધ્યાને આવ્યું હતું. ફરીથી મહામંત્રી દ્વારા મેસેજ કરવામાં આવ્યા હોવાનું ધ્યાને આવતા મહામંત્રીને મેથીપાક પણ આપવામાં આવ્યો હતો અને આ ઘટના બાબતે શહેર ભાજપમાં રજૂઆત કરવામાં આવી હતી. જેથી મહામંત્રીનું રાજીનામું પણ લઈ લેવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું ત્યારે ભાજપમાં આવા હોદ્દેદારોને લઈને પણ હવે મહિલા કાર્યકર્તાઓ ભયમાં મુકાઈ છે.

# બગદાણામાં સગીરાના અપહરણ કેસનો આરોપી સુરતથી ઝડપાયો: ક્રાઈમ બ્રાન્ચે બસ સ્ટેન્ડ પાસેથી સગીરા સાથે ડીટેઈન કરી ભાવનગર પોલીસને સોંપવાની કવાયત હાથ ધરી

**સુરત, તા.04**

ભાવનગર જિલ્લાના બગદાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા સગીરાના અપહરણના ગુનામાં સામેલ આરોપીને સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સેન્ટ્રલ બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસ ટીમે બાતમીના આધારે દરોડો પાડીને 26 વર્ષીય ડ્રાઈવર આરોપી કરણ હમીરભાઈ ખસીયા (રહે. ભેગાલીગામ, તા. તળાજા, જિ. ભાવનગર)ને ભોગ બનનાર નાબાલિક છોકરી સાથે ડીટેઈન કરી લીધો છે.



23 જુલાઈ, 2026ના રોજ સવારના આશરે 04:00 વાગ્યાના અરસામાં ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના કરમદીયાગામની વાડી વિસ્તારમાંથી એક સગીરા ગુમ થઈ હતી. અજાણ્યો શખ્સ આ નાબાલિક છોકરીને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી-ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયો હોવાની ફરિયાદ સગીરાના પિતા દ્વારા નોંધાવવામાં આવી હતી. આ બનાવ સંદર્ભે ભાવનગરના બગદાણા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, જે બાદ આરોપીની શોધખોળ શરૂ કરાઈ હતી.

આ કેસમાં બગદાણા પોલીસ દ્વારા સ્ટેશનમાં અપહરણનો રજિસ્ટર્ડ ગુનો નોંધવામાં આવ્યો હતો. સુરતમાં પેટ્રોલિંગ કરી રહેલી પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળતા જ આરોપી અને ભોગ બનનાર સગીરા સુરત સેન્ટ્રલ બસ સ્ટેન્ડ પર હોવાનું સામે આવ્યું હતું, જેથી સમય સૂચકતા વાપરીને બંનેને તુરંત તાબામાં લેવામાં આવ્યા હતા.

સુરત ક્રાઈમ બ્રાંચ દ્વારા આરોપી કરણ ખસીયાની અટકાયત કર્યા બાદ તેની વિરુદ્ધ કાયદેસરની કાગળ પરની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે. આ સાથે જ ભોગ બનનાર સગીરાની સુરક્ષા અને આરોપીની આગળની પૂછપરછ તથા કાનૂની તપાસ માટે ભાવનગરના બગદાણા પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અમલદારને સોંપવા માટેની જરૂરી તજવીજ હાથ ધરવામાં આવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ઈરાનમાં વિદેશ મંત્રી અરાઘચીને હટાવવાની તૈયારી: દાવો- રાષ્ટ્રપતિ પઝેશકિયાનની તાકાત ઘટી, સુપ્રીમ લીડરની ઈસ્લામિક ફોર્સ વધુ પાવરફુલ

**તેહરાન, તા.04**



ઈરાનના કેટલાક સાંસદો વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીને પદ પરથી હટાવવાની તૈયારી કરી રહ્યા છે. ઈરાન ઈન્ટરનેશનલના અહેવાલ મુજબ, સિનિયર સાંસદ હોસૈનઅલી હાજીદેલિગાનીએ મંગળવારે કહ્યું, બીજી તરફ, ઈરાનમાં રાષ્ટ્રપતિ મસૂદ પઝેશકિયાનના અધિકારોમાં મોટો કાપ મૂકાયાના સમાચાર સામે આવ્યા છે. ઇઝરાયલી ચેનલ-14ના અહેવાલ મુજબ, સુપ્રીમ લીડર મોજતબા ખામેનીએ સુરક્ષા અને વિદેશ નીતિ સાથે જોડાયેલા મહત્વના મામલાઓમાં રાષ્ટ્રપતિની ભૂમિકા મર્યાદિત કરી દીધી છે.

અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે રાષ્ટ્રીય સુરક્ષા, પરમાણુ કાર્યક્રમ અને અમેરિકા સાથે વાતચીત જેવા મોટા મુદ્દાઓ પર હવે ઈસ્લામિક ફોર્સ એટલે કે IRGCના કમાન્ડર અહમદ વાહિદીનો નિર્ણય આખરી ગણવામાં આવશે.

અમેરિકા-ઈરાન વાટાઘાટોની તારીખ અને સ્થળ હજુ નક્કી થયું નથી: અમેરિકા અને ઈરાન વચ્ચે પ્રસ્તાવિત વાટાઘાટોની તારીખ અને સ્થળ હજુ નક્કી થયું નથી. અહેવાલો અનુસાર, પાકિસ્તાન અને કતાર સંભવિત યજમાન દેશો તરીકે ચર્ચા હેઠળ છે, અને બંને દેશો મધ્યસ્થી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઈરાનની નવી વ્યૂહરચના: યુદ્ધ નહીં, પરંતુ અમેરિકા પર દબાણ વધારવું: રોઈટર્સના અહેવાલ મુજબ, ઈરાન હવે સીધી લશ્કરી જીત મેળવવાને બદલે દરિયાઈ વેપાર, તેલ પુરવઠો અને મહત્વપૂર્ણ શિપિંગ માર્ગોને વિક્ષેપિત કરીને અમેરિકા અને તેના સાથીઓ માટે ખર્ચ વધારવાની વ્યૂહરચના અપનાવી રહ્યું છે.

ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ ઉપર ઉડતું રીપર ડ્રોન તોડી પાડ્યું હોવાનો દાવો કર્યો છે: IRGC એ દાવો કર્યો છે કે તેણે તેની હવાઈ સંરક્ષણ પ્રણાલી સાથે હોર્મુઝ સ્ટ્રેટ ઉપર ઉડતું MQ-9 રીપર ડ્રોન તોડી પાડ્યું છે. જોકે, તેણે સ્પષ્ટ કર્યું નથી કે ડ્રોન કયા દેશનું હતું.

અમેરિકા ઈરાન પર દબાણ વધારવા માટે નવા વિકલ્પો શોધી રહ્યું છે: સીએનએનના અહેવાલ મુજબ, યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) એ તેના લશ્કરી વિશ્લેષકો પાસેથી દબાણ વધારવા અને ઈરાનને સજા કરવા માટે નવા સૂચનો માંગ્યા છે. અધિકારીઓએ આને એક અસામાન્ય પગલું ગણાવ્યું. હુતીઓની ધમકીઓ પછી છ સાઉદી સુપરટેન્કરોએ માર્ગ બદલ્યો: યમનના હુતી બળવાખોરોની ધમકીઓ પછી છ સાઉદી સુપરટેન્કરોએ રેડ સીમાં અને બાબ-અલ-મંડેબને બદલે દક્ષિણ આફ્રિકાની આસપાસ લાંબો દરિયાઈ માર્ગ અપનાવ્યો, જેનાથી આ ક્ષેત્રમાં શિપિંગ સલામતી અંગે ચિંતાઓ વધી ગઈ.

અમેરિકાના નાણામંત્રી સ્કોટ બેસેન્ટે કહ્યું કે છેલ્લા કેટલાક દિવસોથી પરિસ્થિતિ તંગ છે, પરંતુ આ છતાં ઘણા જહાજો હજુ પણ હોર્મુઝ સ્ટ્રેટમાંથી નીકળી રહ્યા છે.

CNBC સાથેની વાતચીતમાં તેમણે કહ્યું, 'હોર્મુઝ સ્ટ્રેટને લઈને ઈરાન સાથે સમજૂતી થવા પર વિશ્વભરમાં ઊર્જાની કિંમતોમાં રાહત મળશે. આનાથી સમગ્ર વિશ્વને ફાયદો થશે.'

કતારના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માજિદ અલ અંસારીએ જણાવ્યું કે બંને દેશો વચ્ચે વાતચીત આગળ વધારવા માટે મધ્યસ્થીઓ સતત સંપર્કમાં છે. તેમણે કહ્યું કે કતાર, પાકિસ્તાન અને ઓમાન મળીને અમેરિકા-ઈરાન વચ્ચે પ્રસ્તાવની આપ-લે કરવામાં મદદ કરી રહ્યા છે. આ દેશોનો પ્રયાસ છે કે વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે ચાલી રહેલા ટકરાવનો ઉકેલ વાતચીતથી નીકળે.

અમેરિકાના નાણામંત્રી સ્કોટ બેસેન્ટે જણાવ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટને ખોલવા અંગે અમેરિકા અને ઈરાન વચ્ચે બુધવાર સુધીમાં કરાર થઈ શકે છે.

CNBC સાથેની વાતચીતમાં બેસેન્ટે કહ્યું કે હજુ પણ ઘણા જહાજો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહ્યા છે. જો કરાર થઈ જાય છે, તો ઉર્જાની કિંમતોમાં રાહત મળશે અને તેલના ભાવ ઘટવાથી બજારમાં પણ તેજી જોવા મળી શકે છે. અમેરિકી થિંક ટેન્ક ક્વિન્સી ઈન્સ્ટિટ્યૂટના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ અને પ્રાદેશિક બાબતોના એક્સપર્ટ ત્રિતા પારસીએ કહ્યું કે જો અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનના નાગરિક મૂળભૂત માળખા પર હુમલો કરે છે, તો કાળઝાળ ગરમીમાં સામાન્ય લોકોની મુશ્કેલીઓ ઘણી ગણી વધી જશે. યમનના હૂથી વિદ્રોહીઓએ દાવો કર્યો છે કે તેમણે સાઉદી અરેબિયાના દક્ષિણી શહેર નજરાન એરપોર્ટ પર એક સંવેદનશીલ સ્થળને ડ્રોનથી નિશાન બનાવ્યું છે.

હૂથીઓએ કહ્યું કે આ હુમલો સાઉદી અરેબિયા દ્વારા સાદા અને હજ્જહ પ્રાંત પર ડ્રોન ઉડાડીને યમનના હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન કરવાના જવાબમાં કરવામાં આવ્યો છે. યમનની સરકારે પશ્ચિમી હોદેઈદાહ પ્રાંતમાં થયેલા એક જીવલેણ વિસ્ફોટ માટે ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓને જવાબદાર ઠેરવ્યા છે. અનાદોલુના અહેવાલ મુજબ, સોમવારે મોડી રાત્રે લેન્ડમાઈનમાં થયેલા વિસ્ફોટમાં એક જ પરિવારના 4 લોકોના મોત થયા છે, જ્યારે અન્ય 6 લોકો ઈજાગ્રસ્ત થયા છે.

# લશ્કરના આતંકવાદીએ કહ્યું- ભારતીય એજન્ટોએ અમારા 30 લોકોને માર્યા: પેશાવરથી રાવલપિંડી સુધી હુમલા કર્યા

**ઈસ્લામાબાદ, તા.04**



ઈસ્લામાબાદમાં લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલા આતંકવાદી રિઝવાન હનીફે દાવો કર્યો છે કે છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં તેમની સંસ્થાના 30થી વધુ લોકો માર્યા ગયા છે. તેના મતે આ હુમલા પેશાવર, કરાચી, રાવલપિંડી, રાવલકોટ અને મુઝફ્ફરાબાદમાં અજાણ્યા હુમલાખોરો દ્વારા કરવામાં આવ્યા હતા. તેણે આરોપ લગાવ્યો કે આ હુમલાખોરો ભારતીય એજન્ટો હતા.

પાકિસ્તાન પહેલા પણ દેશમાં આતંકીઓની હત્યાઓ માટે ભારત પર આરોપ લગાવતું રહ્યું છે. જાન્યુઆરી 2024માં તત્કાલીન વિદેશ સચિવ મુહમ્મદ સાયરસ સજ્જાદ કાઝીએ દાવો કર્યો હતો કે ભારતીય એજન્સીઓ પાકિસ્તાનમાં સરહદ પાર ટાર્ગેટ કિલિંગમાં સામેલ છે. ભારતે આ આરોપોને ફગાવી દીધા હતા.

આ પછી એપ્રિલ 2024માં બ્રિટિશ અખબાર ધ ગાર્ડિયનની રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે 2020 પછી પાકિસ્તાનમાં લગભગ 20 આતંકીઓ અને ઉગ્રવાદીઓની અજાણ્યા હુમલાખોરોએ હત્યા કરી.

આમાં લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ અને હિઝબુલ મુજાહિદ્દીન સાથે સંકળાયેલા લોકો પણ સામેલ હોવાનું જણાવાયું હતું. રિપોર્ટમાં પાકિસ્તાની અધિકારીઓ અને કથિત ગુપ્તચર સૂત્રોને ટાંકીને આ ઘટનાઓ પાછળ ભારતીય એજન્સીઓની ભૂમિકાનો દાવો કરવામાં આવ્યો હતો.

જોકે, ભારતના વિદેશ મંત્રાલયે પણ આ રિપોર્ટને નકારી કાઢતા તેને ખોટો અને ભારત વિરોધી પ્રચાર ગણાવ્યો હતો. વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ કહ્યું હતું કે અન્ય દેશોમાં ટાર્ગેટ કિલિંગ કરવું એ ભારત સરકારની નીતિ નથી.

લશ્કર-એ-તૈયબાની સ્થાપના 1987માં પાકિસ્તાનમાં થઈ હતી. આ સંગઠન સોવિયત-અફઘાન યુદ્ધ દરમિયાન બનેલા જિહાદી નેટવર્કમાંથી નીકળ્યું હતું. ઓસામા બિન લાદેનના મેન્ટર મનાતા અબ્દુલ્લા અઝ્ઝામ અને તેના બે સાથીઓએ મળીને મરકઝ-અદ-દાવા-વલ-ઈર્શાદ નામના ધાર્મિક સંગઠનની સ્થાપના કરી.

મરકઝ-અદ-દાવા-વલ-ઈર્શાદ સંગઠનની સશસ્ત્ર (મિલિટન્ટ) પાંખ બાદમાં લશ્કર-એ-તૈયબા કહેવાઈ. અરબીમાં તેનો અર્થ છે પવિત્ર લોકોની સેના. શરૂઆતના તબક્કામાં સંગઠનના લડવૈયાઓને અફઘાનિસ્તાનમાં સોવિયત સેના વિરુદ્ધ લડવા માટે મોકલવામાં આવતા હતા.

1989માં સોવિયત સેનાની વાપસી પછી સંગઠનનું ધ્યાન જમ્મુ-કાશ્મીર પર આવી ગયું. આ જ વર્ષે પેશાવરમાં એક બોમ્બ વિસ્ફોટમાં અબ્દુલ્લાહ અઝ્ઝામનું મૃત્યુ થયું. આ પછી હાફિઝ સઈદે આ સંગઠનની કમાન સંભાળી લીધી.

ભારત, અમેરિકા અને ઘણા પશ્ચિમી દેશોનો આરોપ રહ્યો છે કે લશ્કર-એ-તૈયબાને લાંબા સમય સુધી પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISIનો ટેકો મળતો રહ્યો. પાકિસ્તાન સત્તાવાર રીતે આ આરોપોનો ઈનકાર કરે છે.

# કેનેડાના ગુરુદ્વારામાં ગોલકને લઈને ઝઘડો: હિસાબ-કિતાબની મીટિંગમાં 2 જૂથો અથડાયા, પ્રધાને સભ્યને થપ્પડ મારી, બરછી ઉઠાવી

**જલંધર, તા.04**

કેનેડાના ગુરુદ્વારામાં ગોલકના હિસાબને લઈને 2 જૂથો સામસામે ભીડાઈ ગયા. જે સમયે આ ઘટના બની, ગુરુદ્વારા પ્રબંધક કમિટીની મીટિંગ ચાલી રહી હતી. આ દરમિયાન ગુરુદ્વારા પ્રબંધક કમિટીના પ્રમુખ એક સભ્ય તરફ બરછો ઉગામેલા જોવા મળ્યા. મેહર સિંહ જૂથના લોકોએ આરોપ લગાવ્યો કે પ્રમુખે હુમલો કરવાનો પ્રયાસ કર્યો. આ પછી બંને જૂથો વચ્ચે અથડામણ થઈ. તેઓએ એકબીજા સાથે ધક્કામુક્કી કરી અને ત્યાં જોરદાર હોબાળો થયો.



આ ઝઘડાના CCTV ફૂટેજ સામે આવ્યા છે. જેને 2 ઓગસ્ટે 'જટ્ટ વી લાઈક કેનેડા' નામના ઈન્સ્ટાગ્રામ પેજ પર શેર કરવામાં આવ્યા. આ જ પેજ પર પ્રમુખનો એક કથિત ઓડિયો પણ પોસ્ટ કરવામાં આવ્યો, જેમાં તેમના પર છોકરીઓને ફોન કરવાના આરોપો લગાવવામાં આવ્યા છે. જોકે, દૈનિક ભાસ્કર આ ઓડિયોની પુષ્ટિ કરતું નથી.

બેઠક દરમિયાન હિસાબ પર શરૂ થયેલી ચર્ચા: કેનેડાના મોન્ટ્રિયલ સ્થિત લસાલ ગુરુદ્વારા સાહિબના મીટિંગ હોલમાં પ્રબંધન સમિતિની બેઠક ચાલી રહી હતી. આ દરમિયાન ગોલકના પૈસાના હિસાબ-કિતાબ અને મર્યાદાના ઉલ્લંઘનનો મુદ્દો ઉઠ્યો. જોતજોતામાં ચર્ચા ઉગ્ર બની ગઈ અને માહોલ તણાવપૂર્ણ બની ગયો.

સવાલ સાંભળતા જ ગુસ્સામાં ઉભા થયા પ્રધાન: વીડિયોમાં સફેદ કુર્તો પહેરેલા પ્રધાન સુરજીત સિંહ ખુરશી પર બેઠેલા દેખાય છે. હોલના એક ખૂણામાં બેઠેલા સભ્ય મેહર સિંહના સવાલ ઉઠાવતા જ પ્રધાન ગળામાંથી સિરોપા ઉતારીને ટેબલ પર મૂકે છે અને ઝડપથી તેમની તરફ આગળ વધે છે.

બંને વચ્ચે મારામારી થઈ: મેહર સિંહ પણ તરત જ ઉઠીને પોતાની પાઘડી ઉતારીને એક બાજુ મૂકી દે છે. આ પછી પ્રધાન તેમને થપ્પડ મારે છે. જવાબમાં મેહર સિંહ પણ વળતો પ્રહાર કરવાનો પ્રયાસ કરે છે અને બંને વચ્ચે મારામારી શરૂ થઈ જાય છે. આ દરમિયાન બંને એકબીજાનો ગળું પકડી લે છે.

મધ્યસ્થી દરમિયાન બરછો ઉઠાવી લીધો: ઘટનાસ્થળે હાજર સભ્યો બંનેને અલગ કરવાનો પ્રયાસ કરે છે. આ દરમિયાન પ્રધાન લોકોની પકડમાંથી છૂટીને દરવાજા પાસે રાખેલો બરછો ઉઠાવી લે છે અને મેહર સિંહ તરફ તાકી દે છે. જોકે, હાજર લોકો તેમને રોકી લે છે અને બીજી તરફ લઈ જાય છે.

મામલો શાંત, સંગતે કાર્યવાહીની માંગ કરી: બંને જૂથો વચ્ચે લગભગ 10 મિનિટ સુધી ધક્કામુક્કી અને અફરાતફરીનો માહોલ રહ્યો. પછી અન્ય સભ્યોએ મામલો શાંત પાડ્યો અને મેહર સિંહને તેમની પાઘડી પાછી પહેરાવી.

પ્રમુખ પર શું આરોપો છે? ગુરુદ્વારાના પ્રમુખ સુરજીત સિંહ પંજાબના અમૃતસર જિલ્લાના ચિટ્ટા ગામના રહેવાસી છે. તેઓ છેલ્લા લગભગ 10 વર્ષથી ગુરુદ્વારા પ્રબંધન કમિટી સાથે જોડાયેલા છે. આરોપ છે કે ગોલકનો હિસાબ માંગવા પર તેમણે ગુસ્સામાં હુમલો કરવાનો પ્રયાસ કર્યો.

પોલીસ તરફથી સત્તાવાર માહિતી નથી સમાચાર લખાયા ત્યાં સુધી મોન્ટ્રિયલ પોલીસ તરફથી આ મામલે કોઈ ફરિયાદ, કેસ નોંધાયા કે કાર્યવાહીની સત્તાવાર માહિતી સામે આવી નથી. ઘટનાનો CCTV સોશિયલ મીડિયા પર વાયરલ છે.

ઘટના બાદ સંગતમાં નારાજગી વીડિયો સામે આવ્યા બાદ કેનેડામાં શીખ સંગત અને ભારતીય સમુદાયમાં નારાજગી છે. શ્રદ્ધાળુઓએ ધાર્મિક સ્થળ પર હિંસા અને હથિયાર કાઢવાને ગુરુ ઘરની મર્યાદા વિરુદ્ધ ગણાવ્યું. સંગતે ગોલકના પૈસાની નિષ્પક્ષ તપાસ, પ્રધાનને પદ પરથી હટાવવા અને નવા પ્રબંધકની નિમણૂકની માંગ કરી છે.

# દક્ષિણ કોરિયામાં ભીષણ હીટ વેવનો કાળો કેર: 122 વર્ષનો રેકોર્ડ તૂટ્યો, 16 લોકોના મોત અને સિઓલમાં રેડ એલર્ટ

**સિઓલ, તા.04**



દક્ષિણ કોરિયામાં ભીષણ ગરમીને પગલે જનતા ત્રાહિમામ પોકારી રહી છે. સિઓલમાં તેની પ્રથમ ગંભીર હીટ વેવ ચેતવણી આપી દેવામાં આવી છે. તો બીજી તરફ દક્ષિણ કોરિયાના અનેક શહેરો ઘાતક હીટ વેવથી ઝઝૂમી રહ્યા છે. દક્ષિણ-પૂર્વના શહેર યાંગસાનમાં રવિવારે બપોરે 42.5 ડિગ્રીનું ઓલ-ટાઈમ હાઈ રેકોર્ડ તાપમાન પહોંચી ગયું હતું, જે 122 વર્ષના હવામાન અવલોકનોમાં માપવામાં આવેલું સૌથી વધુ તાપમાન છે, અને હવે આ ગરમી પશ્ચિમ તરફ આગળ વધી રહી છે, જે 90 લાખથી વધુ વસ્તી ધરાવતી ગીચ રાજધાની તરફ આવી રહી છે, જ્યાં મંગળવારે તાપમાન 38 ડિગ્રી સુધી પહોંચવાની અને ત્યારબાદ સતત ત્રણ દિવસ 37 ડિગ્રી રહેવાની ધારણા છે.

કોરિયા ડિસીઝ કન્ટ્રોલ ઍન્ડ પ્રિવેન્શન એજન્સીના જણાવ્યા અનુસાર, મે મહિનાથી દક્ષિણ કોરિયામાં ગરમી સંબંધિત 16 મોત નોંધાયા છે, અને 2,000થી વધુ લોકોની ગરમી સંબંધિત બીમારીઓ માટે સારવાર કરવામાં આવી છે. મંગળવારે કેબિનેટ બેઠકમાં રાષ્ટ્રપતિ લી જે મ્યુંગે અધિકારીઓને લોકોના દૈનિક જીવનનું રક્ષણ કરવા, અને એર કન્ડિશનિંગની માંગ વધતાં પાવર સિસ્ટમની તપાસ કરવા જરૂરી પગલાં લેવા આહ્વાન કર્યું હતું. તેમણે કહ્યું કે, આપણે રાષ્ટ્રીય સંકટ પ્રણાલીના મૂળભૂત સુધારા માટે પ્રયાસો કરવાની જરૂર છે, કારણ કે હવામાન અતિશય સામાન્ય બની રહ્યું છે.

સિઓલના સત્તાધીશોએ સોમવારે એક કટોકટી બેઠક યોજી હતી, અને ગરમીનો સામનો કરવા તેમજ આરોગ્યના જોખમોને ઘટાડવા માટે પહેલ શરૂ કરી હતી. તાપમાનમાં વધારા સામે સરકારે આ વર્ષે સ્થપાયેલી નવી સિસ્ટમ હેઠળ રાજધાનીમાં પ્રથમ વખત ગંભીર હીટ વેવની ચેતવણી આપી છે. નર્સો સૌથી વધુ સંવેદનશીલ ગણાતા 63,000થી વધુ રહેવાસીઓની તપાસ કરી રહી છે, જેમાં વૃદ્ધો અને વિકલાંગતા અથવા ક્રોનિક બીમારીઓ ધરાવતા લોકો સામેલ છે.

સિઓલમાં વધતી શહેરી ગરમીને ઘટાડવાના પ્રયાસરૂપે, 200 ટ્રકોનો કાફલો લગભગ 2,000 કિલોમીટરના રસ્તાઓ પર પાણીનો છંટકાવ કરી રહ્યો છે. આ ટ્રકો સૌથી વધુ સમસ્યાવાળા વિસ્તારોમાં દિવસમાં છ વખત કામ કરી રહી છે. સિઓલના પગપાળા મુસાફરો સવારના વહેલા કલાકોમાં પણ સીધા સૂર્યપ્રકાશથી બચીને છાંયડાવાળા વિસ્તારોમાંથી કામ પર જઈ રહ્યા છે. અન્ય લોકો શહેરમાં મિસ્ટ-સ્પ્રે ઝોન હેઠળ રાહત મેળવી રહ્યા છે. બીજી તરફ, ઉત્તર ગ્યોંગસાંગ પ્રાંતના અધિકારીઓ લાઉડસ્પીકરથી સજ્જ ડ્રોન ઉડાડીને સુરક્ષા સંદેશાઓ પ્રસારિત કરી રહ્યા છે. ડ્રોન ઉનાળાની રજાઓમાં લોકોથી ભરેલા વિસ્તારોમાં થર્મલ ઈમેજિંગ કેમેરાનો પણ ઉપયોગ કરી રહ્યા છે.

સોમવારે દેશનું સૌથી વધુ તાપમાન ગોર્યોંગમાં 41.2 ડિગ્રી હતું. મલ્ટિપલ શહેરો અને પ્રદેશોમાં તાપમાન 41 ડિગ્રીને વટાવી ગયું હતું, અને ગુરો ડિસ્ટ્રિક્ટમાં સિઓલનું તાપમાન 39 ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. બહાર કામ કરતા શ્રમિકો આ અસહ્ય ગરમીનો સામનો કરી રહ્યા છે. કોરિયા મેટેરોલોજિકલ એડમિનિસ્ટ્રેશન (KMA) એ હીટ વેવનું કારણ સ્પષ્ટ આકાશ હેઠળ મજબૂત, સીધા સૂર્યપ્રકાશ સાથે કોરિયન દ્વિપકલ્પ પર ઓવરલેપિંગ ઉચ્ચ-દબાણ પ્રણાલીઓને જવાબદાર ગણાવ્યું છે.

દક્ષિણ-પૂર્વમાં દક્ષિણ ગ્યોંગસાંગ પ્રાંતમાં ગરમી ફોન ફિનોમિના (foehn phenomenon) દ્વારા વધુ તીવ્ર બની છે, આ ઘટના ત્યારે બને છે, જ્યારે પવન પર્વતમાળાને ઓળંગે છે, અને બીજી તરફ વધુ ગરમ અને શુષ્ક બની જાય છે. હીટ વેવમાં બીજું એક પરિબળ ટાયફૂન ડોલ્ફિન છે, જેમાં પરિસ્થિતિ વધુ સારી કે ખરાબ કરવાની ક્ષમતા છે. KMAએ જણાવ્યું હતું કે, જો વાવાઝોડું પૂર્વ ચીન તરફ આગળ વધશે, તો તે ભેજમાં વધારો કરી શકે છે, અને કોરિયામાં હીટ વેવ અને ઉષ્ણકટિબંધીય રાતોને વધુ ખરાબ કરી શકે છે. પરંતુ દ્વિપકલ્પના દક્ષિણની નજીકનો માર્ગ મજબૂત પવનો, વધુ વાદળો અને વરસાદ લાવી શકે છે, જેથી ગરમીમાંથી અસ્થાયી રાહત મળી શકે છે.

ડોલ્ફિન કોરિયન દ્વિપકલ્પની દક્ષિણે આવેલા જાપાની આઈલૅન્ડ ઓકિનાવા તરફ પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું હતું. તે વધુ નબળું પડવાની અને કેટેગરી 1 અથવા 2ના વાવાઝોડા તરીકે લેન્ડફોલ કરવાની ધારણા છે. વૈજ્ઞાનિકો ચેતવણી આપે છે કે માનવ-પ્રેરિત આબોહવા પરિવર્તનના પરિણામે હીટવેવ જેવી ભારે હવામાન ઘટનાઓ વધુ વારંવાર અને તીવ્ર બની રહી છે.

# Pokમાં વધતી મુશ્કેલી, નકવીનો 'કૌભાંડ બોમ્બ', પાકિસ્તાનમાં હવે તખ્તાપલટની તૈયારી?

**ઈસ્લામાબાદ, તા.04**



પાડોશી દેશ પાકિસ્તાનમાં તખ્તાપલટને લઈને ચહલપહલ મચી છે, કારણ કે, ત્યાં શહબાઝ શરીફ સરકારના તખ્તાપલટની અટકળો વધુ તેજ થઈ રહી છે. એવા પણ અહેવાલો છે કે, રાજધાની ઈસ્લામાબાદને કન્ટેનરોથી સીલ કરી દેવામાં આવી છે. મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, આ તખ્તાપલટની કમાન સેના પ્રમુખ જનરલ આસિમ મુનીરના હાથમાં છે, અને વડાપ્રધાન શહબાઝ શરીફની ખુરશી ડગમગી રહી છે, કારણ કે તેમના પોતાના જ ગૃહમંત્રી મોહસિન નકવીએ સરકાર સામે મોરચો ખોલી દીધો છે. દાવો એ પણ કરવામાં આવી રહ્યો છે કે, રાવલપિંડીમાં આ તખ્તાપલટની બ્લૂપ્રિન્ટ તૈયાર થઈ ચૂકી છે. પાકિસ્તાનની શાસન વ્યવસ્થા ધ્વસ્ત હોવાનું ચોંકાવનારું નિવેદન આપ્યાના થોડા જ દિવસો બાદ, ગૃહમંત્રી મોહસિન નકવીએ હવે વધુ એક મોટો ખુલાસો કર્યો છે. પાકિસ્તાનના ઈતિહાસના સૌથી મોટા કૌભાંડનું પગેરું શોધવાનો દાવો કરતા નકવીએ કહ્યું કે, આમાં જજોથી લઈને રાજકારણીઓ સુધી, સરકારી તંત્રના અસંખ્ય મહત્વના ભાગો સામેલ છે. જોકે નકવીએ તે લોકોના નામ જાહેર નથી કર્યા, પરંતુ તેમના સતત સનસનાટીભર્યા નિવેદનોએ એ અટકળને તેજ કરી દીધી છે કે, શું પાકિસ્તાનમાં સત્તા પલટાની તૈયારી છે?.

પાકિસ્તાનના સેના પ્રમુખ આસિમ મુનીરના નજીકના માનવામાં આવતા નકવીએ ભારપૂર્વક કહ્યું કે, આ કૌભાંડ માટે જવાબદાર દરેક વ્યક્તિ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. નકવીએ પત્રકારોને કહ્યું કે, 'મને નથી લાગતું કે, પાકિસ્તાનના ઈતિહાસમાં ક્યારેય આટલું મોટું કૌભાંડ થયું હોય, જેમાં જજ, નોકરશાહ, રાજકારણીઓ અને બેંકર બધા સામેલ હોય.' નકવીએ આરોપ લગાવ્યો છે કે, છેલ્લા 21 વર્ષથી દેશના જજ, નોકરશાહ, રાજકારણીઓ અને બેંકર લાંચખોરીની રમતમાં સામેલ હતા. નકવીએ જાહેરમાં એલાન કરી દીધું છે કે, પાકિસ્તાનની ગવર્નન્સ સિસ્ટમ સંપૂર્ણ રીતે કોલેપ્સ થઈ ચૂકી છે, જે શહબાઝ સરકારની કાર્યક્ષમતા પર એક જોરદાર તમાચો છે. વિશ્લેષકોનું માનવું છે કે, નકવી માત્ર એક મંત્રી નથી, પરંતુ આસિમ મુનીરનું એ મોહરું છે, જેમને ભવિષ્યના મોટા રાજકીય રોલ માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે. એવી પણ અટકળો છે કે, નકવીને આસિમ મુનીર માટે એવી જ જમીન તૈયાર કરવાનું કામ સોંપવામાં આવ્યું છે, જેવી ક્યારેક પરવેઝ મુશર્રફના સમયમાં થઈ હતી. એટલે કે, આસિમ મુનીરને રાષ્ટ્રપતિ અને સેના પ્રમુખ તરીકે સર્વશક્તિમાન બનાવવા. આ હલચલે લંડનથી લઈને લાહોર સુધી નવાઝ શરીફની ઊંઘ ઉડાડી દીધી છે. આ આંતરિક વિખવાદ પર શહબાઝ સરકારના વફાદાર અને સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે તીખો પલટવાર કર્યો છે. આસિફે નકવીને પાવરહાઉસ ગણાવતા કટાક્ષ કર્યો કે, 'તેઓ પોતાને વડાપ્રધાન પ્રત્યે પણ જવાબદાર નથી સમજતા, અને કેબિનેટ બેઠકોમાંથી ગાયબ રહે છે. આસિફે ત્યાં સુધી કહી દીધું, 'જો આટલી તાકાત ધરાવતો માણસ પણ ફરિયાદ કરી રહ્યો હોય, તો બાકીના કેબિનેટ સભ્યોએ ઘરે જતા રહેવું જોઈએ.'

આસિમ મુનીર વર્તમાનમાં પાકિસ્તાનની વિદેશ નીતિથી લઈને અર્થતંત્ર સુધી અનિયંત્રિત શક્તિનો આનંદ માણી રહ્યા છે. નિષ્ણાતોનું કહેવું છે કે, નકવી દ્વારા મુનીરે શહબાઝ શરીફને સ્પષ્ટ સંદેશ આપી દીધો છે કે, અસલી બોસ કોણ છે. એક રિપોર્ટમાં રાજકીય અને સંરક્ષણ વિશ્લેષક સંદીપ ઉન્નીથનના હવાલાથી કહેવામાં આવ્યું છે કે, નકવી, જેમણે મીડિયા થકી પાકિસ્તાનના સૌથી શક્તિશાળી રાજકારણીઓમાંથી એક બનવા સુધીની ઝડપી સફર નક્કી કરી છે, તેઓ લાંબા સમયથી વડાપ્રધાન બનવાની મહત્વાકાંક્ષા રાખે છે. તેમને હંમેશા આસિમ મુનીરનું સમર્થન મળતું રહ્યું છે, અને માનવામાં આવે છે કે, તેઓ સેના પ્રમુખના નજીકના સંબંધી છે. તેથી મુનીર તેમના હાથે આ રમત રમાડી રહ્યા હોઈ શકે છે. વિશ્લેષકોનું એ પણ માનવું છે કે, આ જ નજીકના સંબંધોને કારણે મુનીરે સંઘર્ષ દરમિયાન અમેરિકા અને ઈરાન વચ્ચે મધ્યસ્થતા માટે નકવીને પોતાના ખાસ પ્રતિનિધિ તરીકે પસંદ કર્યા હતા.

# શેખ હસીનાના નવી દિલ્હીમાં થનારા વર્ચ્યુઅલ ભાષણ સામે બાંગ્લાદેશનો વાંધો: ભારત પાસે માગી સ્પષ્ટતા!

**ઢાકા, તા.04**



બાંગ્લાદેશે ભારતના નવી દિલ્હીથી દેશનિકાલ કરાયેલા પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના આયોજિત વર્ચ્યુઅલ સંબોધન પર પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવા ભારતને અનુરોધ કર્યો છે. બાંગ્લાદેશે ચેતવણી આપી છે કે કોઈ ફરાર વ્યક્તિ દ્વારા રાજકીય પ્રવૃત્તિઓ ચલાવવાથી બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નુકસાન થઈ શકે છે. હસીના આગામી 5 ઑગસ્ટે દિલ્હીમાં ફોરિન કરસ્પોન્ડન્ટ્સ ક્લબ દ્વારા યોજાનાર એક કાર્યક્રમમાં વીડિયો લિંક દ્વારા સંબોધન કરવાની છે. જે તેમની સરકારને પદભ્રષ્ટ કરનાર વિદ્યાર્થી આંદોલનની બીજી વર્ષગાંઠ નિમિત્તે યોજાઈ રહ્યો છે.

આ મુદ્દો એવા સમયે સામે આવ્યો છે. જ્યારે ઢાકા ભારત પાસેથી શેખ હસીનાના પ્રત્યાર્પણની સતત માંગ કરી રહ્યું છે. ઑગસ્ટ 2024માં બાંગ્લાદેશ છોડ્યા પછી હસીના ભારતમાં જ આશરો લઈ રહી છે. તેમની સામે અનેક ગંભીર કેસો નોંધાયેલા હોવા છતાં, તેમણે ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરવાની યોજના બનાવી છે. બાંગ્લાદેશના વિદેશ રાજ્યમંત્રી શમા ઓબેદ ઈસ્લામે જણાવ્યું હતું કે ભારત સાથેની પ્રગતિને અટકાવવા માંગતા નથી, પરંતુ ભારતે આ મામલે પોતાની સ્પષ્ટ સ્થિતિ દર્શાવવી આવશ્યક છે.

આયોજકોના જણાવ્યા મુજબ, 78 વર્ષીય હસીના તેમના પુત્ર સાથે આ કાર્યક્રમને સંબોધિત કરશે. શમા ઓબેદે જણાવ્યું હતું કે બાંગ્લાદેશે ભારતીય ભૂમિ પરથી રાજકીય નિવેદનો આપતી હસીના અને અન્ય નેતાઓ સામે અગાઉ પણ ચિંતા વ્યક્ત કરી હતી. ફરાર આરોપી વ્યક્તિઓના નિવેદનોથી ભારત-બાંગ્લાદેશના સંબંધોને નુકસાન પહોંચવું જોઈએ નહીં. જોકે, તેમણે સ્વીકાર્યું કે આ કાર્યક્રમ ભારત સરકાર દ્વારા આયોજિત નથી, તેમ છતાં ઢાકા કૂટનીતિક માધ્યમો દ્વારા આ મામલો ગંભીરતાથી ઉઠાવશે.

શેખ હસીનાને સત્તા પરથી હટાવ્યા બાદ બંને દેશો વચ્ચે તણાવ રહ્યો છે, પરંતુ તાજેતરની નવી સરકાર આવ્યા બાદ સંબંધો સુધારવાના પ્રયાસો ચાલુ છે. હસીનાના શાસનના પતન બાદ બાંગ્લાદેશે પ્રત્યાર્પણની માંગ કરી હતી અને વર્ષ 2025માં માનવતા વિરુદ્ધના ગુનાઓમાં તેમને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. આ દમનમાં અંદાજે 1,400 લોકોના મોત થયા હોવાનો અંદાજ છે. જોકે, હસીનાએ આ તમામ આરોપો અને ચુકાદાઓને રદબાતલ ગણાવીને ફગાવી દીધા છે.

## તંત્રી લેખ

# ઘૂસણખોરો સોમાલીયા પસંદ નથી કરતા પણ સમૃધ્ધ દેશો પસંદ કરે છે

સમૃધ્ધ દેશોમાં કાયદેસર રીતે ઘૂસવા ના મળે તેવા લોકો ગેરકાયદે ઘૂસણખોરી કરવા તૈયાર થાય છે. સ્પેનના સેઉટા સરહદે ઘૂસણખોરોએ કરેલું હલ્લાબોલ દરેક દેશને ચેતતા રહેવાનો સંકેત આપતું ગયું છે. મોરક્કોના માર્ગે સેઉટામાં ઘૂસેલા લોકો સારૃં રોજીંદુ જીવન અને સંતાનો માટે સારૃં શિક્ષણ મળે તે માટે જાનના જોખમે ઘૂસવા તૈયાર થઇ ગયા હતા. ૬૦,૦૦૦ મુસ્લિમ ઘૂસણખોરોનું મોરોક્કો સરહદે હલ્લાબોલનો સામનો સ્થાનિક સત્તાવાળાઓ માટે પડકાર સમાન હતું. અન્ય દેશમાં ઘૂસી જવાની લ્હાયમાં કરયેલી ધક્કામુક્કીમાં કુલ ૬૭ લોકો મોતને ભેટયા હતા. વિશ્વભરમાં ૬૦,૦૦૦ લોકોની ઘૂસણખોરીના અહેવાલોએ ચિંતા પ્રસરાવી હતી. સ્પેનના સત્તાવાળાઓએ લગીરેય શરમ ભર્યા વગર દરકને પરત તગેડી મુક્યા હતા. પહેલા ૪૦,૦૦૦ લોકો પરત ફર્યા હતા જ્યારે બાકીનાઓ બીજી દિવસે પરત ફર્યા હતા. ઘૂસણખોરો ધકેલવાનું પ્લાનીંગ કરનારા બહુ હોંશિયાર લોકો હોય છે. તે લોકો સુદાન કે સોમાલિયા જેવા દેશોને નથી પસંદ કરતા કેમકે ત્યાં ભૂખમરો ચાલે છે. આ લોકો સમૃધ્ધ દેશોને પસંદ કરે છે. જો તેમને કોઇ પકડીને જેલમાં નાખીદે તો માનવ અધિકારનું વાજું વગાડવું શરૃ કરે છે અને જો ઘૂસવાનો ચાન્સ મળી જાય તો ત્યાં સર્વોપરી બનવાનો પ્રયાસ કરે છે. સમૃધ્ધ દેશોમાં ઘૂસણખોરીનો તગડો બિઝનેસ ચાલે છે. સરહદની બંને તરફ રહેલા એજન્ટો લાખો રૃપિયા લઇને સલામત રીતે લોકોને ઘૂસાડાવોનો બિઝનેસ કરે છે. તેમના દરેક પ્રયોસો સફળ થતા નથી. અંતે ભોગવવાનું ઘૂસવા મથતા લોકોના પરિવારોને આવે છે. મહેસાણા જીલ્લાના એક પરિવારનું આખું કુટુંબ કેનેડા સરહદેથી ઘૂસવામાં મોતને ભેટયું હતું. આ લોકો ટુરીસ્ટ વિઝા પર કેનેડા ગયા હતા. બધુંજ પ્લાન પ્રમાણે હતું પરંતુ પતિ,પત્ની અને બે બાળકો સરહદ ક્રોસ કરી શક્યા નહોતા. તેમના સહિત આંઠ લોકોના મૃતદેહ મળી આવ્યા હતા. કેનેડા સરહદેથી અમેરિકામાં પ્રવેશવું બહુ જોખમ ભરેલું હોવા છતાં ઘૂસણખોરી જાનના જોખમે અમેરિકામાં પ્રવેશે છે.

અમેરિકામાં હજારો લોકો ઘૂસી ગયા છે પરંતુ મહેસાણા જીલ્લાનું યુગલ તેમના બાળકો સાથે મોતને ભેટયું હતું. ઠંડા હવામાંનનો તે સામનો કરી શક્યા નહોતા. રાત્રિના સમયે ઘૂસણખોરી કરાતી હોય છે. અમેરિકામાં ઘૂસવા મથતા અનેક લોકો ખાસ કરીને ગુજરાતીઓ મોટું જોખમ ઉઠાવીને મેક્સિકો સરહદેના છીંડાનો ઉપયોગ કરે છે. કેનેડા-અમેરિકાની સરહદેથી ગુજરાતીઓને ઘૂસાડતા એજન્ટો અનેક પ્રલોભનો આપે છે અને કેનેડા સરહદેથી અમેરિકામાં ઘૂસવા માટેના માર્ગો બતાવે છે. લોકો પણ ગમે એટલું મોટું જોખમ ઉપાડવા તૈયાર થઇ જાય છે. સ્પેનના મોરક્કોના માર્ગે સેઉટામાં ઘૂસેલાની સંખ્યા હજારોની હતી. જે પ્લાનીંગ પ્રમાણેની હતી. સેઉટાના સત્તાવાળાઓ અને કોર્ટના ચુકાદા આપણી સાથે છે એમ સમજીને ઘૂસણખોરી કરવા હજારો લોકોને ઉશ્કેરવામાં આવ્યા હતા. હવે મોરોક્કોના માર્ગે કોઇ ઘૂસે નહીં તેમાટે દરિયાના કિનારા પર વાડ બનાવી દેવાઇ છે.

જ્યારે ઘૂસણખોરોના ટોળેટોળાં ઘૂસ્યા ત્યારે સ્થાનિક સિક્યોરિટી તમાશો જોયા કરતી હતી કેમકે સ્થાનિક સત્તાવાળાઓએ તેમને ગોળી ચલાવવાની સત્તા નહોતી આપી. હવે તેમને કડક પગલાં લેવાની સત્તા અપાઇ છે. સોશ્યલ નેટવર્ક આ કિસ્સામાં ખલનાયક સાબિત થયું હતું. યુરોપના દેશોમાં બહારથી આવેલા વસેલાઓ અને સ્થાનિક રહેવાસીઓ વચ્ચે કોલ્ડવોર જેવો માહોલ છે. યુરોપના કેટલાક દેશોમાં લઘૂમતી એવી મુસ્લિમ કોમના લોકો જાહેર માર્ગ પર આવીને અરાજકતા ઉભી કરતા જોવા મળે છે. ભારતમાં ઘૂસણખોરીના મુદ્દે લાલીયાવાડી ચાલતી આવી છે. બાંગ્લાદેશી, રોહિંગ્યા જેવા ઘૂસણખોરોની સમસ્યાથી ભારત પીડાઇ રહ્યું છે. બાંગ્લાદેશ સરહદે ઘૂસતા લોકોને પ.બંગાળની સરહદે મફત ખાવા-પીવાની સવલતો આપવામાં આવતી હતી. ઘૂસણખોરો દેશમાં પ્રસરીને કેટલું નુકાશાન પહોંચાડી શકે. સરહદી રાજ્યોમાં ઘૂસતા લોકોને ગેરકાયદે નેટવર્ક ચલાવનારા આધારકાર્ડ અને ચૂંટણી કાર્ડ વગેરે બનાવી આપે છે.

**યુરોપમાં ગરમીના કારણે ખેડૂતોને આશરે 2 અબજ યુરોનું નુકસાન થયું છે. સંગઠનનું કહેવું છે કે, પાકમાં ઘટાડો થવાને કારણે બજારમાં ખાદ્યપદાર્થોની અછત સર્જાશે, જેની સીધી અસર કિંમતો પર પડશે. ઘઉં, જવ, મકાઈ અને ઓટ્સ જેવા પાકોની ઉપજને મોટું નુકસાન થયું છે. બ્રિટનમાં પણ આ વખતે મોટા પાયે પાકને અસર થઈ છે : યુરોપિયન યુનિયનના 27 દેશો અને બ્રિટનમાં 2018 પછી સૌથી ઓછું અનાજ ઉત્પાદન થશે. ફ્રાન્સમાં જ 34 લાખ ટન મકાઈનો પાક નષ્ટ થવાનો અંદાજ વ્યક્ત કરાયો છે**

# ગ્લોબલ વોર્મિંગ : યુરોપમાં ગરમી બાદ હવે અન્ન અને જળસંકટ

## છેલ્લાં બે-ત્રણ મહિનામાં પડેલી કાળઝાળ ગરમીના પગલે 90 લાખ ટન અનાજ બળી ગયું, નદીઓ સુકાઈ ગઈ

યુરોપમાં ગરમીના કારણે ખેડૂતોને આશરે 2 અબજ યુરોનું નુકસાન થયું છે. સંગઠનનું કહેવું છે કે, પાકમાં ઘટાડો થવાને કારણે બજારમાં ખાદ્યપદાર્થોની અછત સર્જાશે, જેની સીધી અસર કિંમતો પર પડશે. ઘઉં, જવ, મકાઈ અને ઓટ્સ જેવા પાકોની ઉપજને મોટું નુકસાન થયું છે. બ્રિટનમાં પણ આ વખતે મોટા પાયે પાકને અસર થઈ છે : યુરોપિયન યુનિયનના 27 દેશો અને બ્રિટનમાં 2018 પછી સૌથી ઓછું અનાજ ઉત્પાદન થશે. ફ્રાન્સમાં જ 34 લાખ ટન મકાઈનો પાક નષ્ટ થવાનો અંદાજ વ્યક્ત કરાયો છે. આ ઉપરાંત હંગેરીમાં 24 લાખ ટન અને સ્પેનમાં 14 લાખ ટન પાકને નુકસાન થવાની આશંકા છે. જાણકારોમાં ચર્ચા છે કે, ફ્રાન્સમાં સોયાબીન જેવા પાકોમાં 50થી 70 ટકા સુધીનું ઉત્પાદન ઘટયું છે : યુરોપના 10 દેશોની તરસ છીપાવતી ડેન્યૂબ હાલમાં પોતાના અસ્તિત્વ ઉપર મોટું જોખમ સહન કરી રહી છે. આ નદી સુકાવાના કારણે મોટા માલવાહક જહાજો ચાલી શકતા નથી. ખેતી માટે સિંચાઈની જરૂરિયાત પૂરી થઈ રહી નથી. ઘણા શહેરોમાં પીવાના પાણીની તંગી શરૂ થવા લાગી છે. હંગેરી જેવા દેશે 44 વર્ષ બાદ પોતાનો ન્યૂક્લિયર પ્લાન્ટ બંધ કરવાની ફરજ પડી છે

દુનિયાભરના દેશો હાલમાં ગ્લોબલ વોર્મિંગની આફતનો ભોગ બની રહ્યા છે. ક્યાંક અસહ્ય ગરમી પડી રહી છે તો ક્યાંક ભયાનક વરસાદને પગલે પૂરની આફત આવી રહી છે. અલનિનોની અસર હોવા છતાં ભારતમાં ભયાનક વરસાદ વરસી રહ્યો છે અને બીજી તરફ યુરોપમાં ભયાનક ગરમી પડી રહી છે. અમેરિકા પૂર અને ગરમી બંને આફત સામે લડી રહ્યું છે. આ બધા વચ્ચે હવે યુરોપ ઉપર વધુ એક મોટી આફત આવી ગઈ છે. જાણકારોના મતે યુરોપમાં અન્ન અને પાણીનું મોટું સંકટ ઊભું થવાની ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. તીવ્ર તડકા અને ભીષણ ગરમીના કારણે આ વખતે ૯૦ લાખ ટન અનાજ બળી ગયું છે. આ અનાજ વડે ઓસ્ટ્રિયા, આયરલેન્ડ અને નેધરલેન્ડ જેવા ત્રણ દેશો આખું વર્ષ પોતાનું પેટ ભરી શકાય તેમ છે. સ્થિતિ એટલી ખરાબ છે કે યુરોપના અનેક સંગઠનોએ અત્યારથી જ ચેતવણી આપવાનું શરૂ કરી દીધું છે. સંગઠનોના જણાવ્યા અનુસાર, આ વખતે યુરોપિયન યુનિયનમાં સામેલ લગભગ તમામ દેશોએ ખાદ્ય સંકટનો સામનો કરવો પડશે. જેના કારણે બજારમાં ભાવ વધશે અને અમીર ગણાતા દેશોમાં પણ ભૂખમરાથી મોતના દિવસો જોવા મળી શકે છે. યુરોપના અનાજ અને તેલીબિયાં વેપાર સંગઠન 'કોસેરલ' અનુસાર, યુરોપમાં ગરમીના કારણે ૯૦ લાખ ટન પાક નષ્ટ થઈ ગયો છે. આનાથી ખેડૂતોને આશરે ૨ અબજ યુરોનું નુકસાન થયું છે. સંગઠનનું કહેવું છે કે, પાકમાં ઘટાડો થવાને કારણે બજારમાં ખાદ્યપદાર્થોની અછત સર્જાશે, જેની સીધી અસર કિંમતો પર પડશે. સંગઠને આ અહેવાલ ઘઉં, જવ, મકાઈ અને ઓટ્સ જેવા પાકોની ઉપજના મૂલ્યાંકન બાદ જારી કર્યો છે. ખાસ વાત એ છે કે બ્રિટનમાં પણ આ વખતે મોટા પાયે પાકને અસર થઈ છે. ઉલ્લેખનીય છે કે, યુરોપે આ વખતે ભીષણ ગરમીનો સામનો કર્યો છે. જર્મની, ડેનમાર્ક અને ચેક રિપબ્લિકમાં તો કુલર અને AC ખરીદવા માટે દોડધામ મચી ગઈ હતી. ફ્રાન્સમાં જૂનના ઈતિહાસમાં તાપમાન ૪૦થી ૪૫ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. તે ઉપરાંત દુનિયાના અત્યંત ઠંડા અને ખુશનુમા ગણાતા દેશ સ્વિત્ઝરલેન્ડમાં ૩૮થી ૪૧ ડિગ્રી સુધી ગરમી નોંધાઈ હતી. આ સિવાય ડેનમાર્ક અને ચેક રિપબ્લિકમાં ૧૮૭૪ પછી પહેલીવાર તાપમાન ૩૬.૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. આમ જોવા જઈએ તો ભારતમાં આટલું તાપમાન સામાન્ય ગણાય છે, પરંતુ આ દેશોમાં તેનાથી હાહાકાર મચી ગયો છે કારણ કે આ દેશો સામાન્ય રીતે ઠંડા રહે છે. અહીંનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ ઠંડા હવામાનને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું



છે, જે ગરમીના કારણે યોગ્ય રીતે કામ નથી કરી રહ્યું.

યુરોપ માટે તો ચિંતાજનક સ્થિતિ એવી થઈ છે કે, ઘણા દેશોમાં અત્યાર સુધી ખાસ લોડ આવતો નહોતો પણ આ ભિષણ ગરમીને પગલે ACના વધુ પડતા ઉપયોગથી ગ્રીડ પર લોડ વધ્યો અને પાવર ગ્રીડ ઠપ થઈ ગયા. પાવર પ્લાન્ટ્સને ઠંડા રાખવા માટે જે નદીઓના પાણીનો ઉપયોગ થતો હતો, તે નદીઓ પોતે જ ગરમ થઈ ચૂકી છે. રેલવેના લોખંડના પાટા વળી ગયા છે અને ઓવરહેડ વીજળીના વાયરો તૂટી રહ્યા છે. ઘણા દેશોમાં હજુ પણ રાહત મળી નથી. તાજેતરમાં જ હંગેરીના વડાપ્રધાન પીટર મેગ્યારે વીજ વપરાશ ઘટાડવા, ઉર્જા બચાવવા અને સુશોભન માટેની રોશની બંધ કરવાની અપીલ કરી છે. સ્લોવાકિયાની રાજધાની બ્રાતિસ્લાવામાં અધિકારીઓએ એર કન્ડીશનીંગ અને મફત પીવાના પાણીની સુવિધાવાળા ૩૦થી વધુ 'કોલ્ડ સેન્ટર' ખોલ્યા છે. ઓસ્ટ્રિયામાં મોટા વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી દેવાયો છે. ઓસ્ટ્રિયાઈ હવામાન એજન્સીનું કહેવું છે કે આ વર્ષે અત્યાર સુધીમાં ૩૦% ઓછો વરસાદ થયો છે, જેનાથી આગામી સમયમાં પાણીની અછત અને જંગલમાં આગ લાગવાનો ખતરો વધી ગયો છે.

યુરોપના વેપાર સંગઠનના જણાવ્યા મુજબ, ૯૦ લાખ ટન પાક બરબાદ થવાનો અર્થ એ છે કે યુરોપિયન યુનિયનના ૨૭ દેશો અને બ્રિટનમાં ૨૦૧૮ પછી સૌથી ઓછું અનાજ ઉત્પાદન થશે. આ નુકસાન એટલું મોટું છે કે તે ઓસ્ટ્રિયા, આયરલેન્ડ અને નેધરલેન્ડના અંદાજિત કુલ ઉત્પાદન કરતાં પણ વધુ છે. સંગઠનનું કહેવું છે કે પાકની બરબાદી જૂન મહિનામાં પડેલી ભીષણ ગરમીના કારણે થઈ છે. ખાસ કરીને ઘઉંના પાકને તે સમયે ભેજની જરૂર હોય છે. એનર્જી એન્ડ ક્લાઈમેટ ઈન્ટેલિજન્સ યુનિટ થિંક ટેંક અનુસાર, વર્તમાન બજાર કિંમતોના આધારે નષ્ટ થયેલા અનાજના પાકની કિંમત લગભગ ૨ અબજ યુરો છે. આમાં શાકભાજી, પશુપાલન અને અન્ય કૃષિ ક્ષેત્રોને થયેલા નુકસાનનો સમાવેશ થતો નથી.

જાણકારોના મતે આ પરિસ્થિતિની સીધી અસર ખેડૂતોની આવક પર પડશે અને યુરોપની ખાદ્ય સુરક્ષા પ્રભાવિત થશે. બ્રિટનની જ વાત કરીએ તો, આ દાયકામાં અત્યાર સુધીની રેકોર્ડ પાંચ સૌથી ખરાબ સિઝનમાંથી ત્રણ જોઈ ચૂક્યું છે. આનાથી ખાદ્યપદાર્થોના ભાવ વધવાની પણ શક્યતા છે. તેવી જ રીતે ફ્રાન્સમાં જ ૩૪ લાખ ટન મકાઈનો પાક નષ્ટ થવાનો અંદાજ વ્યક્ત કરાયો છે. આ ઉપરાંત હંગેરીમાં ૨૪ લાખ ટન અને સ્પેનમાં ૧૪ લાખ ટન પાકને નુકસાન થવાની આશંકા છે. જાણકારોમાં ચર્ચા છે કે, ફ્રાન્સમાં સતત કેટલાક અઠવાડિયા સુધી તાપમાન ૩૮ ડિગ્રી રહેવાને કારણે સોયાબીન જેવા પાકોમાં ૫૦થી ૭૦ ટકા સુધીનું ઉત્પાદન ઘટયું છે. બ્રિટનમાં પણ કેટલાક વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી દેવાયા છે. સૌથી વધુ અસર 'ઈસ્ટ એંગ્લિયા' અને દક્ષિણ-પૂર્વ ઈંગ્લેન્ડના કેટલાક ભાગોમાં જોવા મળી છે. એગ્રીકલ્ચર એન્ડ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ બોર્ડ (AHDB)માં અનાજ અને તેલીબિયાં બાબતોના મુખ્ય વિશ્લેષકે જણાવ્યું કે, પાકનો સ્ટોક પહેલેથી જ મર્યાદિત હતો, હવે નવો પાક ખરાબ થવાથી એક નવું ખાદ્ય સંકટ ઊભું થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, ખેતી વિષયક જાણકારોના મતે, આ વર્ષે બ્રિટનના કુલ પાકનું આખરી પરિણામ હજુ અસ્પષ્ટ છે. ગરમ અને શુષ્ક હવામાનને કારણે ઘણા ખેડૂતોને સામાન્ય સમય કરતાં પહેલાં લણણી શરૂ કરવી પડી છે. 'નેશનલ ફાર્મર્સ યુનિયન'ના ઉપાધ્યક્ષ પોલ ટૌમ્પકિન્સે જણાવ્યું કે, ૨૦૨૪ અને ૨૦૨૫માં દુષ્કાળ અને પૂર જેવી ચરમ આબોહવાકીય ઘટનાઓ પછી, આ ઘણા ખેડૂતો માટે વધુ એક મુશ્કેલ અને મોંઘી સીઝન સાબિત થઈ શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે પાકના નુકસાનને કારણે યુરોપને અનાજની આયાત પર વધુ નિર્ભર રહેવું પડી શકે છે, જેનાથી વૈશ્વિક કોમોડિટી કિંમતો પર દબાણ વધશે.

ક્લાઈમેટ ચેન્જની અસર સાથે સાથે એશિયા તરફ પણ વધારે આકરી થઈ રહી હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં સાઉથ કોરિયામાંથી ભિષણ ગરમીના અહેવાલો આવી રહ્યા છે. અહીંયા પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે. સાઉથ કોરિયાના સાઉથ ઈસ્ટમાં આવેલા યાંગસન શહેરમાં તાજેતરમાં ગરમીનો પારો ૪૨.૫ ડિગ્રી પહોંચી ગયો છે. તેના કારણે લોકોની સ્થિતિ કફોડી થઈ ગઈ છે. જાણકારોના મતે રવિવારે પડેલી આ ગરમીએ ૧૨૨ વર્ષનો રેકોર્ડ તોડયો છે. અહીંયા છેલ્લાં કેટલાક દિવસમાં ૨૦૦૦થી વધુ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવા પડયા છે જ્યારે ૧૪ લોકોનાં મોત થયા છે. અહીંયા પણ ગરમીને પગલે એસી અને કુલિંગ સિસ્ટમનો વપરાશ એકાએક વધી ગયો છે.

યુરોપની જીવનરેખા કહેવાતી અને યુરોપની બીજા ક્રમની સૌથી લાંબી નદી એવી ડેન્યૂબ નદી હાલમાં ક્લાઈમેટ ચેન્જનો ભીષણ માર સહન કરી રહી છે. યુરોપના ૧૦ દેશોની તરસ છીપાવતી ડેન્યૂબ હાલમાં પોતાના અસ્તિત્વ ઉપર મોટું જોખમ સહન કરી રહી છે. આ વખતે ભયાનક ગરમી અને હિટવેવને પગલે નદીનો પટ નાનો થઈ જઈ રહ્યો છે. તેમાં પાણીનું સ્તર એટલું ઓછું થઈ ગયું છે કે, જહાજોની અવરજવર બંધ કરવાનો વારો આવ્યો છે. તેના પગલે ખેતીને પણ વ્યાપક નુકસાન જવાની ભીતિ સેવાઈ રહી છે. ડેન્યૂબને યુરોપની ગંગા કહેવાય છે. ભારતમાં જેમ ગંગા નદી ખૂબ જ લાંબી અને કરોડો લોકોના જીવન, સંસ્કૃતિ, વિકાસ અને અર્થવ્યવસ્થાનો ભાગ છે તેવી જ રીતે ડેન્યૂબ પણ યુરોપના ૧૦ દેશોની સંજીવની છે. આ નદી ડેન્યૂબ જર્મનીના બ્લેક ફોરેસ્ટમાંથી ઉદભવે છે અને ત્યાંથી રોમાનિયા અને યૂક્રેન વચ્ચે આવેલા ડેન્યૂબ ડેલ્ટામાંથી પસાર થઈને કાળા સમુદ્રમાં સમાઈ જાય છે. આ દરમિયાન તે જર્મની, ઓસ્ટ્રિયા, સ્લોવેકિયા, હંગેરી, ક્રોએશિયા, સર્બિયા, બુલ્ગારિયા, રોમાનિયા, મોલ્દોવા અને યુક્રેન જેવા ૧૦ દેશોમાંથી પસાર થાય છે. આ નદીની કુલ લંબાઈ ૨૮૫૦ કિલોમીટર છે. તેનું જળક્ષેત્ર ૧૯ દેશોને અસર કરે છે. ઉલ્લેખનીય છે કે, આ વખતે પડેલી ભયાનક ગરમી અને હીટવેવને પગલે નદીના પાણીનું ઝડપી બાષ્પિભવન થઈ ગયું. તે ઉપરાંત વરસાદ યોગ્ય રીતે પડયો નહીં અને બેસિન વિસ્તાર ખાલી રહ્યો તેનાથી જળસ્તર ઘટવા લાગ્યું. ક્લાઈમેટ ચેન્જના કારણે ગરમી વધી રહી છે અને વરસાદ ઘટી રહ્યો છે જેથી નદીનું કુદરતી સ્તર ઓછું થવા લાગ્યું છે. આ નદી સુકાવાના કારણે મોટા માલવાહક જહાજો ચાલી શકતા નથી. ખેતી માટે સિંચાઈની જરૂરિયાત પૂરી થઈ રહી નથી. ઘણા શહેરોમાં પીવાના પાણીની તંગી શરૂ થવા લાગી છે. તે ઉપરાંત માછલીઓ અને અન્ય જળચર પ્રાણીઓના કુદરતી નિવાસ ઉપર જોખમ સર્જાયું છે. આ સિવાય ટૂરિઝમ ઈન્ડસ્ટ્રીને પણ મોટું નુકસાન થયું છે. હંગેરી જેવા દેશે ૪૪ વર્ષ બાદ પોતાનો ન્યૂક્લિયર પ્લાન્ટ બંધ કરવાની ફરજ પડી છે.

# જીવનમાં દુઃખ આવે ત્યારે ગભરાવાની જરૂર નથી, સુખ આવે ત્યારે ફુલાવાની જરૂર નથી: દુઃખ એ પાછલા કર્મનો હિસાબ, સુખ એ ભવિષ્યના કાર્યની મૂડી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આપણે હવે મેઘરાજાની સારી મહેર વચ્ચે શ્રાવણ માસ તરફ પ્રયાણ કરી રહયા છીએ ત્યારે આજે સાતમે જોઈએ તો માણસનું જીવન એક ત્રાજવા જેવું છે.એક પલ્લામાં દુઃખ અને બીજા પલ્લામાં સુખ. દુઃખ આવે એટલે આપણે તરત પ્રશ્ન કરીએ ભગવાન, મારી સાથે જ કેમ?'અને સુખ આવે એટલે છાતી ફુલાવીને કહીએ 'હું જ ખાસ છું'. પણ અધ્યાત્મ બંને સમયે એક જ વાત શીખવે છે: અટકી જા,સમજી જા.

સાચી વાત એ છે કે દુઃખ એ સજા નથી, તે પાછલા કર્મનો હિસાબ છે. અને સુખ એ ઈનામ નથી,તેભવિષ્ય માં કરવાના મોટા કાર્ય માટે મળેલી મૂડી છે. જો આપણે આ બે સૂત્ર પકડી લઈએ તો જીવનમાં સ્થિરતા આવી જાય.

માણસને બે પ્રકારની મદની જરૂર પડે છે. એક ભૌતિક અને બીજી આત્મિક. ભૂખ્યા ને રોટલી આપવી એ ભૌતિક સહાયતા છે. પણ તેને કહેવું કે 'ઊભો થા, મહેનત કર,હું તારી સાથે છું' એ આત્મિક સહાયતા છે. માનવસેવાનો સાચો માર્ગ આ જ છે.ફક્ત વસ્તુ આપવાથી માણસ પરાધીન બને, પણ બળ આપવાથી તે સ્વાવલંબી બને.

આત્મશક્તિ: કમાવો, સાચવો, અને સદઉપયોગ કરો આપણી અંદર જે આત્મબળ છે તે બેંક બેલેન્સ જેવું છે. તેને કમાવવું કઠિન છે, પણ વેડફવું બહુ સહેલું છે.

સૌથી મોટી ભૂલ ત્યારે થાય જ્યારે આપણે આ શક્તિનો ઉપયોગ બીજાનો વૈભવ વધારવામાં કે બીજાને પ્રભાવિત કરવામાં કરીએ. કર્તવ્યહીન માણસ પાછળ જો આપણે આખી શક્તિ ખર્ચી નાખી એ તો તે વધારે આળસુ બને. કારણ કે તેને ખબર પડી જાય કે મહેનત કર્યા વિના પણ બધું મળી જશે. બીજી ભૂલ છે દેખાડાની. સાધનામાં જ્યારે પહેલી સિદ્ધિ મળે ત્યારે મન બહુ ઉત્સાહિત થાય. અંદર નવી ચેતનાનો અનુભવ થાય.ત્યારે અહંકાર કહે: જા, લોકોને બતાવ તું કેટલો આગળ વધી ગયો. જો સાધક આ વાતમાં આવી ગયો તો સમજો કે કઠિનાઈથી કમાયેલી મૂડી તેણે તમાશામાં ઉડાડી દીધી. આ પોતાના જ લોહીથી હોળી રમવા જેવી મૂર્ખતા છે.

અધ્યાત્મવાદી દીર્ઘ દૃષ્ટિવાળા હોય. તેઓ જાણે છે કે સિદ્ધિનો સમય બહુ નાજુક હોય. જેમ યૌવનની શરૂઆતમાં જો સંયમ ન રાખીએ તો વીર્ય શક્તિનો ક્ષય થાય અને યુવાન થોડા સમયમાં નિર્બળ થઈ જાય, બરાબર એમ જ સાધનાની શરૂઆતમાં જો પ્રદર્શન કરીએ તો આત્મશક્તિનો ક્ષય થાય અને સાધક છીછરો થઈ જાય.એટલે નિયમ એક જ:સદગુણ અને વિવેક નું દાન કરો. શક્તિને બચાવો. અને તેને સત્કર્મ માટે વાપરો.

માંડવ્ય ઋષિની કથા: નિર્દોષ છતાં ભોગવવું પડે આ સત્યને સૌથી સારી રીતે સમજાવે છે માંડવ્યઋષિ ની કથા.એક વખત કેટલાક ચોરો રાજ ખજાનો લૂંટીને ભાગ્યા. રાજાના સૈનિકો તેમની પાછળ હતા. ગભરાટમાં ચોરોને રસ્તામાં માંડવ્ય ઋષિનો આશ્રમ દેખાયો. તેઓએ બધું ધન, ઝવેરાત આશ્રમમાં ફેંકી દીધું અને નાસી ગયા.

થોડી વારમાં સૈનિકો આશ્રમમાં પહોંચ્યા. આશ્રમમાંથી રાજાનો ખજાનો મળ્યો એટલે તેમણે માની લીધું કે ચોરી આ ઋષિએ જ કરી છે. માંડવ્ય ઋષિને પકડીને રાજા સામે રજૂ કર્યા. તપાસ કર્યા વિના રાજાએ શૂળીની સજા સંભળાવી.

માંડવ્ય ઋષિને શૂળી પર ચઢાવવા માં આવ્યા. પણ અજબ વાત બની. ઋષિ શૂળી પર બેસીને મંત્રનો જપ કરતા રહ્યા. તેઓ મૃત્યુ પામ્યા જ નહીં. રાજા ગભરાયો. હકીકતની તપાસ કરી અને જ્યારે સત્ય સામે આવ્યું ત્યારે રાજાએ માફી માંગી અને ઋષિને નીચે ઉતાર્યા. અહીં વાત પૂરી થઈ શકતી હતી. પણ માંડવ્ય ઋષિએ કહ્યું: રાજન, તને ક્ષમા. પણ હું યમરાજને પૂછવા જઈશ કે મેં કોઈ પાપ નથી કર્યું, તો મને શૂળીની સજા કેમ મળી?

વિચારો, ચારિત્ય પર કેટલો દૃઢ વિશ્વાસ! ભારતનો એક બ્રાહ્મણ ન્યાય માંગવા સ્વયં યમલોક જાય છે. યમરાજના દરબારમાં ઋષિએ પૂછ્યું: મેં પાપ નથી કર્યું, તો આ સજા શા માટે? યમરાજ ગભરાયા. જો કહે કે ભૂલ થઈ તો ઋષિ શ્રાપ આપે.એટલે તેમણે કહ્યું: મહારાજ, તમે ત્રણ વર્ષના હતા ત્યારે એક પતંગિયાને કાંટો ભોંક્યો હતો. તે કર્મનું આ ફળ છે.

કર્મનો અટલ નિયમ: પાપ ભોગવ્યા વિના છૂટકો નહીં આ એક જ વાક્ય થી આખું જીવનદર્શન ખુલી જાય છે. પાપ જાણીને કરો કે અજાણતાં, તેનું ફળ ભોગવવું જ પડે. ભગવાન પણ પાપ લેતા નથી.

આપણે રોજ શું કરીએ? સાંજે દુકાનેથી ઘરે જતી વખતે મંદિરે જઈને કહીએ: હે નાથ, આજે જે જૂઠું બોલ્યો, જેને છેતર્યો, જે કાળા-ધોળા કર્યા તે બધું તમને અર્પણ કરું છું. પણ ઈશ્વર પાપનું બોજ સ્વીકારતા નથી. દુનિયાની કોઈ સરકાર પણ એક વાર આપેલી સજા પાછી લેતી નથી. તો પરમાત્મા કેવી રીતે લે?

શાસ્ત્રનો ભેદ સ્પષ્ટ છે. પુણ્ય તમે ઈશ્વરને અર્પણ કરી શકો. 'પ્રભુ, આ બધું તમારું છે' એમ કહી શકો. પણ પાપ નહીં. પાપ કહો કે 'પ્રભુ, આ તમે ભોગવો' તો તે શક્ય નથી. પાપ તો ભોગવવું જ પડશે. ભોગવ્યા વિના તેનો નાશ થતો નથી.

માંડવ્ય ઋષિનું ઉદાહરણ આ માટે જ છે.ત્રણ વર્ષની ઉંમરનું, અજાણતાનું, એક નાનું કર્મ. પણ તેનો હિસાબ પણ ચૂકતે કરવોપડ્યો આનાથી બે વાત શીખવા મળે. એક, કોઈ કર્મ નાનું નથી. દરેક કર્મનું બીજ પડે છે. બે, જીવનમાં જો નિર્દોષ હોવા છતાં દુઃખ આવે તો ગભરાવાનું નહીં.તે કદાચપાછલા કોઈ ખાતાને બંધ કરી રહ્યું છે.સુખને કેવી રીતે જોવું: તે મૂડી છે, ઈનામ નથીહવે બીજી બાજુ જોઈએ.સુખ જ્યારે સાધનામાં સિદ્ધિ મળે,જીવન માં માન-સન્માન મળે,પૈસા-પ્રતિષ્ઠા મળે, ત્યારે મોટા ભાગના લોકો ફૂલી જાય.એ જ સમયે સૌથી મોટી કસોટી હોય છે. કારણ કે તે સુખ ખરેખર ઈનામ નથી.તે ભવિષ્યમાં તારે જે મોટું કામ કરવાનું છે તેના માટે મળેલી મૂડી છે.

જો તું આ મૂડીને વાહવાહીમાં, પ્રદર્શનમાં,અહંકારમાં વેડફી નાખીશ તો આવતીકાલે જ્યારે ખરેખર મોટી જવાબદારી આવશે ત્યારે તારી પાસે બળ નહીં રહે. એટલે જ ઋષિઓ કહે છે: સુખ આવે ત્યારે કૃતજ્ઞ બનો, પણ ઘમંડી નહીં.મૌન રહો અને શક્તિનેઆગળ ના સત્કર્મમાં લગાવો. આખી વાતના સારરૂપે ત્રણ વાત ગાંઠે બાંધી લો.મદદ કરો તો બે રીતે કરો. એક હાથે ભૌતિક જરૂરિયાત પૂરી કરો.બીજા હાથે આત્મિક બળ આપો. રોટલી સાથે હિંમત આપો. નોકરી સાથે પ્રમાણિકતા આપો. નહીંતર મદ પણ બંધન બની જશે.

# કોણ હતો આ શીવાજી? અને કિશન સાથે એને શું સંબંધ હતો?

હમણાં રવિવારે ફ્રેન્ડશીપ ડે એટલે કે મિત્રતા દિવસ ગયો! ખરેખર જીંદગીમાં મિત્ર તો જોઈએ જ! કારણ કે બાકીનાં બધા સંબંધોમાં કંઈ ને કંઈ મર્યાદા નડે! એક મિત્ર જ એવો સંબંધ છે, જ્યાં હક્ક જતાવી શકાય. પણ કોઈ મિત્ર ન્હોય તો અમુક વાત કોને કહેવી ! એ પ્રશ્ન થાય! જોકે હવે સોશિયલ મીડિયા એટલું પ્રભાવિત થઈ ગયું છે કે વોટ્સએપ ફ્રેન્ડ, ફેસબુક ફ્રેન્ડ, ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડ વગેરે તો હોય જ.પણ વર્તમાન પેઢીનું શિક્ષણ એટલું સ્પર્ધાત્મક છે કે ક્લાસમેટ ને મિત્ર નહીં સ્પર્ધક તરીકે જ જોવામાં આવે છે! અને એથી હવે મિત્ર એટલે માનવી જ એવું નથી, અને એકનું એક સંતાન હોય, માબાપ બંને સર્વિસ કરતાં હોય એટલે ડોગી પાળવા કે અન્ય પ્રાણીઓને પાળવાની ફેશને પણ માઝા મૂકી છે! એમાં કંઈ ખોટું પણ નથી! પરંતુ અન્ય ગ્રામ્ય પશું સાથે મિત્રતા હોય એવું ભાગ્યે જ હોય, તો આજે એવો જ એક કિસ્સો. સવજી એક ઓછી જમીન અને સામાન્ય આવક ધરાવતો ખેડૂત હતો! એને એક ગાય પણ હતી, અને એની ગાય ગોમતી એ બે મહિના પહેલાં જ એક વાછરડાને જન્મ આપ્યો હતો! પણ એક દિવસ તે ગામની સીમમાં ચરવા ગઈ તે પાછી આવી જ નહીં, ફરિયાદ કરતાં ફોરેસ્ટ વિભાગ તરફથી એની ગાયને દીપડાએ ફાડી ખાધી એવાં સમાચાર મળ્યા! કુદરતનું કરવું અને એકાદ વર્ષમાં સવજીનો પણ એક્સિડન્ટ થયો! અને મૃત્યુ પામ્યો! સવજીની પત્ની સરયુ અને એનો આઠ વર્ષનો દિકરો કિશન બંને એકલા થઈ ગયાં. સવાર સવારમાં સરયુ ખેતર કામે જવું પડતું, અને કિશન ઘરે એકલો થઈ જતો! અને ગોમતીનું વાછરડું પણ મા વગર એકલું ઝૂરતુ હતું! બંને વચ્ચે દોસ્તી થઈ ગઈ! સરયુ એ વાછરડાનું નામ શીવાજી રાખ્યું હતું, અને એનાં ગળામાં કોડી નાખી ઘંટ બાંધ્યો હતો. કહે છે ને કે પ્રેમમાં ભાષા મહત્વની નથી! કિશન શીવાજીને બેય વખત ઘાસચારો આપતો, અને પાણી પીવડાવતો, નવરાવતો, અને ગામની સીમમાં ફેરવવાં લઈ જતો હતો, રસ્તામાં ઘંટનો મધૂરો અવાજ એને બહુ ગમતો, કિશન ક્યારેક વાંસળી પણ વગાડતો! સમય સરતો ગયો અને કિશન અને શીવાજી બંને મોટા થતાં ગયાં. કિશન સાથે હવે શીવાજી ખેતરે પણ આવતો હતો! આમ તો ટ્રેક્ટર હતું પણ છતાં શીવાજી કોઈ ને કોઈ રીતે મદદ કરતો હતો. સરયુ ની જીદ હતી કે આ વર્ષે તો કિશન માટે કન્યા શોધી લગ્ન કરી નાખવાં છે, અને પછી ચારધામની જાત્રા એ જવું છે. કિશન માટે હવે જોરશોરથી કન્યાની શોધ થવાં લાગી હતી! પાંચ છ કન્યાઓ જોયાં પછી કિશન એ રૂકમણી પર પસંદગી ઉતારી! સવજીનાં ઘરમાં એક રુમઝુમ કરતી નવવધૂ ફરવા લાગી! કિશન ને રોજ શીવાજીને પોતાનાં દિલની વાત કરવાની ટેવ હતી, અને નવી નવી વહુ ને સાથ આપવામાં કોઈ કોઈ વાર રાત પડી જતી! પણ કિશનને જ્યાં સુધી શીવાજી સાથે વાત કરે નહીં, ત્યાં સુધી ચેન પડતું નહીં, એટલે પત્નીનાં સૂઈ ગયા પછી શીવાજી પાસે આવતો, એને વહાલથી ખૂબ પંપાળતો અને આંખો દિવસ મળી શક્યો નહીં, એની દિલસોજી વ્યક્ત કરતો! એક દિવસ રૂકમણી એ રાતનાં અંધારામાં કિશનને પાછલાં દરવાજેથી આવતાં જોયો! અને પછી તો વારંવાર આવું થતાં જોઈ એને શંકા ગઈ કે એનાં પતિનું કોઈ બીજું અફેર છે!: એણે ઉપાડો લીધો અને કિશન એ કેટલુંય સમજાવ્યું કે એ અને શીવાજી નું બચપણ એકસાથે કેટલાંય ચડાવ ઉતર સાથે પસાર થયું છે, અને શીવાજી એનાં જીવનનો એક ખાસ હિસ્સો છે, એને મળ્યાં વગર એને ચાલતું નથી, પણ રૂકમણી માની નહીં, કે કોઈને બળદ સાથે કંઇ આવી દોસ્તી થોડી હોય? નક્કી કંઈક છુપાવે છે, અને એણે જીદ કરી કે એ પોતાનાં ઘરે પાછી જશે! દિકરાનું ઘર બચાવવાં સરયુ એ શીવાજીને વેચી દેવાનું નક્કી કર્યું, અને કિશન ની ગેરહાજરી દૂર દૂર વેચી દીધો. આમ રૂકમણીનાં જીવનમાંથી શીવાજી તો દૂર થયો, પણ પોતાનાં પતિ કિશનનું સ્મિત નંદવાઈ ગયું એ એને દેખાયું નહીં. સમય તો રેતી જેવો એટલે એને સરકતાં ક્યાં વાર લાગે છે, એ વાતને પણ દસ વર્ષ થઈ ગયાં અને સવજીનાં ઘરમાં કિશનનો પાચ વર્ષનો દીકરો આનંદ દોડાદોડી કરવાં લાગ્યો! હવે તો રૂકમણી ને પણ પસ્તાવો થતો હતો! એક દિવસ આનંદ દાદી પાસે બેસીને કિશન અને શીવાજીની વાત સાંભળતો હતો, અને એણે શીવાજીનાં પાછાં લાવવાની જીદ કરી! પણ એનો પતો મળતો નહોતો! કારણ કે જેને વેચ્યો હતો, એણે બીજાને અને આમ હવે ક્યાં હશે? કોઈ કહેતું હતું, કે એ પાગલ બની ગયો હતો, અને એટલે કોઈ સંસ્થામાં મુકી આવ્યાં હતાં. આમ શોધખોળ કરતાં કરતાં બીજાં છ મહિના જતાં રહ્યાં! અંતે ખબર મળ્યાં કે કચ્છનાં વાગડમાં ચાલતી કોઈ એનજી ઓમાં શીવાજી છે, અને એને બાંધી રાખવામાં આવે છે! કિશનનાં મિત્રો એ બીડું ઝડપ્યું અને સરયુ મા ને શીવાજીને લઈ આવવાનું વચન આપ્યું!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

પરંતુ કુદરતે કંઈક બીજું જ ધાર્યું હતું, અને એટલે એક દિવસ ખેતરમાં કામ કરતાં કિશનને ચક્કર આવ્યાં, અને એ પડી ગયો! અને માથામાં વાગ્યું. ગામડેથી શહેર લઈ જવો પડ્યો, અને તપાસ કરતાં ખબર પડી કે નાના મગજને ઈજા થઈ છે, અને કિશન કોમામાં સરી પડ્યો! કેટલાંય દિવસ સુધી હોસ્પિટલમાં રાખ્યો, પણ કિશનને ભાન આવતું નથી, અને ડોક્ટરે કહ્યું કે હવે એ કોમા માંથી ક્યારે બહાર આવશે એ કહેવાય નહીં! એટલે સરયુ અને રૂકમણી એ એને ગામડે લઈ આવવાનું નક્કી કર્યું અને વિચાર્યું કે જે કંઈ સારવાર હશે એ ઘરેથી કરીશું, એમ વિચારીને આવતાં રહ્યાં. આ બાજુ કિશનનાં મિત્રો શીવાજીને લઈને ગામડે આવ્યાં! ગામમાં આવીને શીવાજીને કિશનનાં ઘરમાં બાંધી દીધો! શીવાજી પોતાના મૂળ ઘરમાં આવી ખુશ થઈ ગયો. થોડીવારમાં કિશનને પણ શહેરથી એમ્બ્યુલન્સ માં ગામડે લાવવામાં આવ્યો. કિશનને ઘરમાં લાવ્યાં અને શીવાજીએ ભાભંરવાનુ શરૂ કર્યું! શીવાજીનો અવાજ કિશનના આત્મા સુધી પહોંચ્યો અને જાણે ચેતન શરીરમાં ચેતન આવ્યું હોય એમ એનાં આંગળા હલવા લાગ્યાં! શીવાજી પોતાના સાથીની આવી કરુણ હાલત જોઈ નહોતો શકતો, અને એ બાંધેલું દોરડું તોડી અને કિશનનાં ઓરડી બહાર આવી ગયો, અને કિશન પથારી માંથી ઉભો થઇ શીવાજી.. શીવાજી.. કરતો ઓરડાની બહાર તરફ જવા લાગ્યો! શિવજી ને ત્યાં જ જોઈ કિશન તેને પંપાળવા લાગ્યો!બંને મિત્રોનું ભાવભર્યું મિલન થયું! અને બંનેની આંખો વરસવા લાગી. સામે ઉભેલી રૂકમણીની આંખો પણ પસ્તાવાથી છલકાવા લાગી! સરયુની આંખ પોતાના દિકરાને સાજો સારો જોઈ હરખથી છલકાઈ ઉઠી અને આનંદ પણ કિશન સાથે તેને પંપાળવા લાગ્યો! એણે પુછ્યું પપ્પા આ કોણ? કિશન એ કહ્યું 'શીવાજી દાદા ' પછી તો રૂકમણી પણ પાસે આવી અને ખૂબ માંફી માંગી! સરયુ પણ પોતાનાં બીજા દિકરાને પંપાળવા લાગી, અને ગામ આખું આ સુંદર દ્રશ્ય જોઈ બોલ્યું મિત્રતા હો તો કિશન અને શીવાજી જેવી! અને રેડિયો પર ગીત આવતું હતું,'યે દોસ્તી હમ નહીં તોડેંગે' તોડેંગે દમ મગર તેરા સાથ ન તોડેંગે..ફ્રેન્ડશીપ,મિત્રતા, દોસ્તી,યારી એમ નામ ગમે તે આપો, પણ એમાં ભાષા નહીં ભાવ મહત્વનો છે.

# સામાખિયાળી-ભચાઉ ચૌહરીકરણ સેક્શનનું 05 અને 06 ઓગસ્ટે સીઆરએસ દ્વારા સુરક્ષા નિરીક્ષણ

## ■ જનતાને રેલવે ટ્રેકથી સુરક્ષિત અંતર જાળવવાની અપીલ



**અમદાવાદ, તા.04**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં રેલવે અવસંરચનાના વિસ્તરણ અને આધુનિકીકરણ તરફ વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ નોંધાવા જઈ રહી છે. સામાખ્યાલી-ગાંધીધામ ચોહરીકરણ પ્રોજેક્ટ હેઠળ સામાખ્યાલી અને ભચાઉ સ્ટેશનો વચ્ચે નવી નિર્મિત 32.90 ટ્રેક કિલોમીટર લાંબી ત્રીજી અને ચોથી રેલ લાઈન પર યાત્રી રેલ સેવાઓ શરૂ કરવામાં આવે તે પહેલાં રેલવે સુરક્ષા આયુક્ત (Commissioner of Railway Safety - CRS) દ્વારા 05 અને 06 ઑગસ્ટ, 2026ના રોજ સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવશે.

નિરીક્ષણ દળમાં રેલવે સંરક્ષા આયુક્ત (પશ્ચિમ સર્કલ) શ્રી ઈ. શ્રીનિવાસ, અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ, મુખ્ય વહીવટી અધિકારી (નિર્માણ) શ્રી પ્રદીપ ગુપ્તા તેમજ નિર્માણ અને ઓપન લાઈન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સામેલ રહેશે.

05 ઑગસ્ટ, 2026ના રોજ સામાખ્યાલીથી ભચાઉ વચ્ચે ડાઉન લાઈન પર મોટર ટ્રોલી દ્વારા વિસ્તૃત સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવશે, જ્યારે 06 ઑગસ્ટ, 2026ના રોજ ભચાઉથી સામાખ્યાલી વચ્ચે અપ લાઈન પર મોટર ટ્રોલી દ્વારા નિરીક્ષણ કરવામાં આવશે. ત્યારબાદ બંને નવી રેલ લાઈનો પર ઈલેક્ટ્રિક લોકોમોટિવ અને ઑબ્ઝર્વેશન કાર સાથે 120 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે એન્જિન સ્પીડ ટ્રાયલ હાથ ધરવામાં આવશે.

**જનતા માટે ખાસ અપીલ**

સંરક્ષાને ધ્યાનમાં રાખીને તમામ નાગરિકો અને સ્થાનિક રહેવાસીઓને વિનંતી છે કે 05 અને 06 ઑગસ્ટ, 2026ના રોજ નિરીક્ષણ અને સ્પીડ ટ્રાયલ દરમિયાન સામાખ્યાલી-ભચાઉ રેલખંડની રેલવે લાઈન અને તેની આસપાસના વિસ્તારોથી સુરક્ષિત અંતર જાળવી રાખે તથા કોઈપણ સંજોગોમાં રેલવે ટ્રેક પાર ન કરે. આ દરમિયાન આ રેલખંડ પર 120 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ટ્રેનનું સંચાલન કરવામાં આવશે.

**પ્રોજેક્ટની મુખ્ય વિશેષતાઓ**

કુલ 32.90 ટ્રેક કિલોમીટર નવી ત્રીજી અને ચોથી રેલ લાઈનનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં ડાઉન લાઈન 16.398 કિલોમીટર અને અપ લાઈન 16.502 કિલોમીટર લાંબી છે.

સમગ્ર 32.90 ટ્રેક કિલોમીટરમાં નવી રેલ લાઈનનું ટ્રેક લિંકિંગ અને બિછાવવાનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. પડકારજનક ભૌગોલિક પરિસ્થિતિઓમાં અંદાજે 6.25 લાખ ઘન મીટર અર્થવર્ક, 1.27 લાખ ઘન મીટર બ્લેન્કેટિંગ તથા 0.96 લાખ ઘન મીટર બેલાસ્ટ બિછાવવાનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે.

પ્રોજેક્ટ હેઠળ 4 મેજર પુલ અને 25 માઈનર પુલોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

સામાખ્યાલી, વોંધ અને ભચાઉ સ્ટેશનો પર જરૂરી રેલવે અવસંરચનાનો વિસ્તાર કરવામાં આવ્યો છે તથા ચોહરીકરણ પ્રોજેક્ટને અનુરૂપ 9 સમપાર ફાટકો (લેવલ ક્રોસિંગ)નું પણ વિસ્તરણ કરવામાં આવ્યું છે.

યાત્રી રેલ સંચાલનની મંજૂરી આપતા પહેલાં રેલવે સુરક્ષા આયુક્ત દ્વારા ટ્રેકની ગુણવત્તા, સિગ્નલ અને દૂરસંચાર પ્રણાલી, પુલો, ઓવરહેડ ઈલેક્ટ્રિક સાધનો (OHE), ઈન્ટરલોકિંગ વ્યવસ્થા, ઓએમએસ પરીક્ષણ તેમજ અન્ય તમામ સંરક્ષા ધોરણોની વિગતવાર ચકાસણી કરવામાં આવશે. સાથે જ ઉચ્ચ ગતિએ સુરક્ષિત ટ્રેન સંચાલનની પણ તપાસ કરવામાં આવશે.

**પ્રાદેશિક વિકાસ અને કનેક્ટિવિટીને મળશે નવી મજબૂતી**

પશ્ચિમ રેલવે પોતાના રેલ નેટવર્કને વધુ સક્ષમ, સુરક્ષિત અને ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ બનાવવા સતત કાર્યરત છે. આ જ દિશામાં અમદાવાદ મંડળના સામાખ્યાલી-ભચાઉ રેલખંડ પર ચોહરીકરણ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ કચ્છ વિસ્તારમાં સતત વધી રહેલા રેલવે ટ્રાફિકના દબાણને ઘટાડવા તેમજ બંદર આધારિત માલપરિવહનને વધુ ઝડપી, સરળ અને કાર્યક્ષમ બનાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

સામાખ્યાલી-ભચાઉ રેલખંડ કચ્છના ઔદ્યોગિક વિસ્તારો તેમજ કંડલા અને મુન્દ્રા બંદરોને દેશના મુખ્ય રેલવે નેટવર્ક સાથે જોડતો અત્યંત મહત્વપૂર્ણ માર્ગ છે. આ માર્ગ દ્વારા ભુજ, ગાંધીધામ, વાયોર અને આસપાસના વિસ્તારોમાંથી મોટા પાયે માલપરિવહન કરવામાં આવે છે.

હાલમાં અમદાવાદ મંડળમાં સૌથી વધુ ગ્રોસ મિલિયન ટન (GMT) ટ્રાફિક આ જ રેલખંડ પરથી પસાર થાય છે. સતત વધી રહેલા રેલવે ટ્રાફિકને ધ્યાનમાં રાખીને આ માર્ગ પર વધારાની રેલ લાઈનોની જરૂરિયાત લાંબા સમયથી અનુભવાઈ રહી હતી. ચોહરીકરણ કાર્ય પૂર્ણ થતાં આ રેલખંડની લાઈન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે, જેના કારણે ટ્રેનોનું સંચાલન વધુ સુરક્ષિત, સમયબદ્ધ અને સુવ્યવસ્થિત બની શકશે. પ્રોજેક્ટ સંપૂર્ણપણે કાર્યરત થયા બાદ કંડલા અને મુન્દ્રા બંદરોમાંથી કન્ટેનર, પેટ્રોલિયમ ઉત્પાદનો, ખાતર, અનાજ, મીઠું તથા અન્ય માલસામાનના પરિવહનને નવી ગતિ મળશે. પરિણામે માલગાડીઓનો ટર્નઅરાઉન્ડ સમય ઘટશે, વેગનોનો વધુ અસરકારક ઉપયોગ થશે અને લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થશે, જેનો સીધો લાભ ઉદ્યોગ, વેપાર અને નિકાસ ક્ષેત્રને મળશે. આ પ્રોજેક્ટ કચ્છ વિસ્તારના ઔદ્યોગિક અને આર્થિક વિકાસને નવી ગતિ આપશે તેમજ વેપાર, પ્રવાસન, રોજગાર અને રોકાણને પણ પ્રોત્સાહન આપશે.

### ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા "ધરતી માતાના નામે એક પત્ર: પ્રકૃતિની રક્ષાનો મારો સંકલ્પ" વિષય પર 'ઢાઈ આખર' રાષ્ટ્રીય સ્તરની પત્રલેખન સ્પર્ધાનું આયોજન – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

## 'ઢાઈ આખર' પત્રલેખન સ્પર્ધામાં કોઈપણ વયના લોકો લઈ શકે છે ભાગ, વિજેતાઓને રૂપિયા 5 હજારથી 50 હજાર સુધીનું પુરસ્કાર – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

### 'ઢાઈ આખર' પત્રલેખન સ્પર્ધા દ્વારા યુવાનોમાં સર્જનાત્મકતા, મૌલિકતા અને આત્મઅભિવ્યક્તિને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

**અમદાવાદ, તા.04**

ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા નવી પેઢીમાં પત્રલેખનની સમૃદ્ધ પરંપરાને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય સ્તરની 'ઢાઈ આખર' પત્રલેખન સ્પર્ધા નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સ્પર્ધા પ્રતિભાગીઓને પોતાની સર્જનાત્મકતા, મૌલિક વિચારસરણી અને લાગણીઓને શબ્દો દ્વારા અસરકારક રીતે અભિવ્યક્ત કરવાની અનોખી તક પૂરી પાડે છે. સાથે જ, યુવા પેઢીને પોસ્ટ વિભાગ અને ફિલેટલી સાથે જોડવાનો પણ આ એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવએ જણાવ્યું કે, આ સ્પર્ધામાં 'ધરતી માતાના નામે એક પત્ર : પ્રકૃતિની રક્ષા માટેનો મારો સંકલ્પ' વિષય પર પોતાના વિચારો વ્યક્ત કરતો એક પત્ર લખવાનો રહેશે. આ પત્ર ચીફ પોસ્ટમાસ્ટર જનરલ, ગુજરાત પરિમંડળ, અમદાવાદ - 380001 ને સંબોધીને મોકલવાનો રહેશે. આ સ્પર્ધામાં પસંદગી પામેલા પત્રોને રૂ. 5,000થી રૂ. 50,000 સુધીના રોકડ પુરસ્કારો આપવામાં આવશે. આ માટે વિવિધ શાળા-કૉલેજો પોસ્ટ વિભાગ સાથે મળીને પોતાને ત્યાં આયોજન કરી શકે છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટેની છેલ્લી તારીખ 31 ઓક્ટોબર, 2026 નક્કી કરવામાં આવી છે.



પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ 'ઢાઈ આખર' પત્રલેખન સ્પર્ધામાં કોઈપણ વયના લોકો ભાગ લઈ શકે છે. પ્રથમ વર્ગ 18 વર્ષ સુધીના અને બીજો વર્ગ 18 વર્ષથી વધુ વયના ભાગ લેનારાઓ માટે રહેશે. પત્ર ફક્ત ડાક વિભાગ દ્વારા જારી કરાયેલા આંતરદેશીય પત્ર અથવા કવર પર જ સ્વીકાર્ય રહેશે, જેમાં અનુક્રમે 500 અને 1000 શબ્દોમાં અંગ્રેજી, હિન્દી અથવા સ્થાનિક ભાષામાં હાથેથી લખાયેલ પત્ર મોકલી શકાય છે. પત્રમાં પોતાનું પૂરું નામ, સરનામું, જન્મતારીખ, મોબાઈલ નંબર અને શાળાનું નામ લખીને સંબંધિત પરિમંડળના ચીફ પોસ્ટમાસ્ટર જનરલના સરનામે 1 ઓગસ્ટથી 31 ઓક્ટોબર, 2026 દરમિયાન મોકલવાનો રહેશે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે સ્પર્ધાના વિજેતાઓને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે વિવિધ ચાર શ્રેણીઓમાં ત્રણ-ત્રણ પુરસ્કારો આપવામાં આવશે. પરિમંડળીય (રાજ્ય) સ્તરે પસંદ થયેલા શ્રેષ્ઠ પત્રોને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે રૂપિયા 25,000, 10,000 અને 5,000 નું પુરસ્કાર આપવામાં આવશે. રાષ્ટ્રીય સ્તરે પસંદ થયેલા શ્રેષ્ઠ પત્રોને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે રૂપિયા 50,000, 25,000 અને 10,000 નું પુરસ્કાર આપવામાં આવશે. આ રીતે દેશભરમાં કુલ રૂપિયા 40 લાખ 20 હજારના પુરસ્કારો વિજેતાઓને આપવામાં આવશે. આ સંબંધમાં વધુ માહિતી માટે વિવિધ મંડળોના અધિક્ષકો તથા હેડ પોસ્ટ ઓફિસના પોસ્ટમાસ્ટરનો સંપર્ક કરી શકાય છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે વર્તમાન ડિજિટલ યુગમાં જ્યાં સંવાદના સાધનો ઝડપી અને તાત્કાલિક બની ગયા છે, ત્યાં પણ પણ હસ્તલિખિત પત્રોની આત્મીયતા, સંવેદનશીલતા અને ભાવનાત્મક ગરિમા આજે પણ અદ્વિતીય છે. પત્ર માત્ર શબ્દોનો સમૂહ નથી, પરંતુ તેમાં લાગણીઓ, સ્મૃતિઓ, સંબંધોની ઉષ્મા અને માનવીય સંવેદનાઓ સમાયેલી હોય છે, જે વર્ષો પછી પણ એ જ આત્મીયતા સાથે હૃદયને સ્પર્શે છે. 'ઢાઈ આખર' એક રાષ્ટ્રીય સ્તરની પહેલ છે, જેનો મુખ્ય હેતુ યુવાનોમાં સર્જનાત્મકતા, મૌલિકતા અને આત્મઅભિવ્યક્તિને પ્રોત્સાહન આપીને તેમને ભારતીય પોસ્ટ ની સેવા અને ફિલેટલી સાથે પુનઃ જોડવાનો છે. આ સ્પર્ધા સામાન્ય નાગરિકો માટે પણ પોતાની લેખનકલા, સર્જનાત્મકતા અને પ્રતિભા પ્રદર્શિત કરવા માટેનું એક ઉત્તમ મંચ પૂરું પાડે છે. 'ઢાઈ આખર' અભિયાન શબ્દો દ્વારા લાગણીઓને અભિવ્યક્ત કરવાની, માનવીય સંબંધોને વધુ મજબૂત બનાવવાની અને નવી પેઢીમાં સર્જનાત્મક લેખન પ્રત્યે રસ જાગૃત કરવાની એક રાષ્ટ્રીય પહેલ છે. આ અભિયાન પત્રલેખનની સમૃદ્ધ પરંપરાને નવી પેઢી સુધી પહોંચાડવાની સાથે વિચારો, સંવેદનાઓ અને સંસ્કારોને એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચાડવાનું પણ એક અર્થપૂર્ણ માધ્યમ છે.

## આગની રમત, જીવ સટોસટીનો ખેલ: દશામાંની આગમન યાત્રામાં ફાયર સ્ટંટ કરતો યુવાન આગમાં લપેટાયો, સદભાગ્યે આબાદ બચાવ

**વડોદરા, તા.04**

વડોદરામાં 13 ઓગસ્ટથી શરૂ થતાં દશામાના વ્રત નિમિત્તે યોજાયેલી મૂર્તિ આગમન યાત્રામાં એક યુવક ફાયર સ્ટંટ કરવા જતાં અચાનક આગની લપેટમાં આવી ગયો હતો. યાત્રામાં હાજર લોકોએ તાત્કાલિક સમયસૂચકતા વાપરી આગ પર કાબૂ મેળવી લેતાં યુવકનો આબાદ બચાવ થયો હતો અને મોટી દુર્ઘટના ટળી હતી.



ન્યાયમંદિરથી ખંડેરાવ માર્કેટ તરફ જઈ રહેલી દશામાની ભવ્ય આગમન યાત્રામાં કેટલાક યુવાનો ઉત્સાહમાં આવીને આગ સાથે સ્ટંટ કરી રહ્યા હતા. સ્ટંટ દરમિયાન અચાનક ભડકો થતાં એક યુવાન અગ્નિની ચપેટમાં આવી ગયો હતો, જેના કારણે યાત્રામાં ક્ષણભર માટે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો.

યુવક આગમાં લપેટાતાં તેણે સ્વયં અને આસપાસના શ્રદ્ધાળુઓએ તાત્કાલિક દોડી આવીને આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. લોકોની સતર્કતા અને ઝડપી મદદના કારણે આગ પર તરત જ કાબૂ મેળવી લેવાયો હતો, જેથી યુવકને મોટી જાનહાનિમાંથી ઉગારી લેવાયો હતો.

આ ઘટના બાદ શ્રદ્ધાળુઓમાં ભીડભાડવાળા ધાર્મિક પ્રસંગોમાં આવા જીવલેણ સ્ટંટની યોગ્યતા સામે પ્રશ્નો ઊભા થયા છે. ઉત્સવોમાં યુવાનો દ્વારા કરવામાં આવતા આવા જોખમી સાહસો પોતે અને અન્ય લોકો માટે પણ ઘાતક નિવડી શકે છે, જેથી આ કિસ્સો આયોજકો અને યુવાનો માટે એક ચેતવણી સમાન બન્યો છે.

## એક સમયના બળવાખોરને ભાજપે 1400 કરોડનો વહીવટ સોંપ્યો: દિનુ મામા ફરી બરોડા ડેરીના ચેરમેન બન્યા, જી.બી. સોલંકીની વાઈસ ચેરમેન પદે નિયુક્તિ

**વડોદરા, તા.04**

વડોદરા જિલ્લાની સહકારી ક્ષેત્રની સૌથી મોટી ડેરી બરોડા ડેરીના ચેરમેન અને વાઈસ ચેરમેનની ત્રણ મહિને નિમણૂંક કરવામાં આવી છે. જેમાં ભાજપે ચેરમેન તરીકે ફરીવાર દિનેશ પટેલ (દિનુ મામા) અને વાઈસ ચેરમેન તરીકે જી.બી. સોલંકીના નામની સત્તાવાર જાહેરાત કરી છે.



આમ પૂર્વ ધારાસભ્ય અને એક સમયે ભાજપ સામે બળવો કરનારા દિનુમામા ડેરીનો 1400 કરોડના વહીવટ સંભાળશે. દિનુ મામાએ જણાવ્યું કે, હું 12 વર્ષથી ડેરીના વહીવટમાં છું. જેથી આ કામ માતા માટે નવું નથી. જે કામ હલ સુધી કર્યું છે તેને જ આગળ ધપાવીશું.

ભૂતકાળમાં ડેરી અનેક વિવાદોમાં સપડાઈ છે. જિલ્લાના ધારાસભ્યો દ્વારા પ્રમુખના સંચાલકો સામે બાંયો ચઢાવવામાં આવી હતી. ત્યારે ભાજપ પ્રેરિત પેનલમાં નવા પ્રમુખ-ઉપપ્રમુખના નામ ઉપર પ્રદેશ દ્વારા મંજૂરીની મહોર મારવામાં આવી હતી. પ્રદેશ તરફથી સહકારિતા વિભાગના સંયોજક બિપિન પટેલ (ગોતા) મેન્ડેટ લઈને આવ્યા હતા. ત્યારબાદ ચૂંટણી અધિકારી સમક્ષ પ્રક્રિયા હાથ ધરી હતી.

દિનેશ પટેલ ઉર્ફે દિનુ મામાએ 2007માં પ્રથમ વખત પાદરા વિધાનસભા સીટ પરથી અપક્ષમાંથી જીતી ગયા હતા. ત્યાર બાદ તેઓ ભાજપમાં જોડાયા અને 2012માં વિધાનસભા ચૂંટણી જીત્યા હતા. જ્યારે વર્ષ-2017માં ચૂંટણી હારી ગયા હતા. જોકે 2022માં ભાજપે ટિકિટ ન આપતા તેમણે બળવો કરીને અપક્ષમાંથી ચૂંટણી હાર્યા અને 2023માં ફરી ભાજપમાં જોડાઈ ગયા હતા.

ગત ટર્મમાં જિલ્લાના ધારાસભ્યો દ્વારા વહીવટ સામે આક્ષેપ કરવામાં આવ્યા હતા. જેમાં સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદાર, કરજણના ધારાસભ્ય અક્ષય પટેલે આક્ષેપો કર્યા હતા. આ અંગે ડેરીના 10 ડિરેક્ટરોને સહકારિતા અધિનિયમ અંતર્ગત નોટિસ પણ આપવામાં આવી છે. જો કે દિનુ મામાએ નોટિસ અંગે મને કંઈ ખબર નથી તેમ કહી હાથ ખંખેર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, બરોડા ડેરીના ચેરમેન- વાઈસ ચેરમેનની નિમણૂકના 24 કલાક પહેલાં જ (3 ઓગસ્ટ) દિનુ મામા અને ઉપપ્રમુખ જી.બી.સોલંકી સહિત 10 ડિરેક્ટરોની દૂધ મંડળીને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-1965ની કલમ 81 હેઠળ નોટિસ ફટકારાઈ છે. જ્યારે એક હથ્થુ શાસન સામે વિરોધ નોંધાવી ચૂકેલા જિલ્લાના ધારાસભ્યોના ઈશારે જ આ નોટિસો અપાતી હોવાની ચર્ચા ચાલી રહી છે.

સહકારી કાયદાની કલમ-81 હેઠળ જ્યારે જિલ્લા રજિસ્ટ્રાર કે સક્ષમ અધિકારીને જણાય કે, વ્યવસ્થાપક કમિટી મંડળીના સંચાલનમાં વારંવાર ગંભીર ક્ષતિ કે કસૂર કરે છે. નિયમો, પેટાનિયમો કે સહકારી કાયદાનું ઉલ્લંઘન કરે છે. કમિટીના સભ્યો ગેરલાયક ઠર્યા હોય છતાં હોદ્દા પર ચાલુ હોય. મંડળી કે સભ્યોના હિત વિરુદ્ધનું કાર્ય થયું હોય ત્યારે રજિસ્ટ્રાર કમિટીને બરતરફ કેમ ન કરવી અને વહીવટદારની નિમણૂક કેમ ન કરવી તે અંગે રજૂઆત કરવા નોટિસ આપે છે.

## ચેન્નાઈ એગ્મોર યાર્ડમાં નિર્માણ કાર્યને કારણે અમદાવાદ-તિરુચિરાપલ્લી સ્પેશિયલ ટ્રેન પરિવર્તિત માર્ગથી ચાલશે

**અમદાવાદ, તા.04**

ચેન્નાઈ મંડળના ચેન્નાઈ એગ્મોર યાર્ડ ખાતે પ્લેટફોર્મ સંખ્યા 7, 8 અને 9 પર ફૂટ ઓવર બ્રિજ (FOB)ના કોલમ નિર્માણ તથા ગર્ડર લોન્ચિંગનું કાર્ય કારવમાં આવશે. આ નિર્માણ કાર્યને કારણે અમદાવાદ-તિરુચિરાપલ્લી સ્પેશિયલ પરિવર્તિતથી ચાલશે. વિગતો નીચે મુજબ છે:

ટ્રેન સંખ્યા 09419 અમદાવાદ-તિરુચિરાપલ્લી સ્પેશિયલ તારીખ 06.08.2026 અને 13.08.2026ના રોજ પરિવર્તિત માર્ગ વાયા રેણિગુન્ટા-તિરુત્તાની-મેલાપક્કમ-કાંચીપુરમ-ચેંગલપટ્ટુ માર્ગથી ચાલશે. આ દરમિયાન ટ્રેન અરક્કોનમ, પેરંબુર, ચેન્નાઈ એગ્મોર અને તાંબરમ સ્ટેશનો પર રોકાશે નહીં.

ટ્રેન સંખ્યા 09420 તિરુચિરાપલ્લી-અમદાવાદ સ્પેશિયલ તારીખ 09.08.2026 અને 16.08.2026ના રોજ પરિવર્તિત માર્ગ વાયા ચેંગલપટ્ટુ-કાંચીપુરમ-મેલાપક્કમ-તિરુત્તાની-રેણિગુન્ટા માર્ગથી ચાલશે. આ દરમિયાન આ ટ્રેન તાંબરમ, ચેન્નાઈ એગ્મોર, પેરંબુર અને અરક્કોનમ સ્ટેશનો પર રોકાશે નહીં. ટ્રેનના સમય, સ્ટોપેજ અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઈટ પર જઈ માહિતી મેળવી શકે છે.

## પશ્ચિમ રેલવે દ્વારા 7 જોડી ટ્રેનોમાં અસ્થાયી રૂપે વધારાના કોચ જોડવામાં આવશે


**અમદાવાદ, તા.04**

મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા 7 જોડી ટ્રેનોમાં અસ્થાયી આધાર પર વધારાના કોચ જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે: ટ્રેન સંખ્યા 12957/12958 સાબરમતી-નવી દિલ્હી-સાબરમતી સ્વર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર શ્રેણીનો વધારાનો કોચ તાત્કાલિક અસરથી જોડવામાં આવ્યો છે. આ વધારાનો કોચ સાબરમતીથી 31.08.2026 સુધી તથા નવી દિલ્હીથી 01.09.2026 સુધી ઉપલબ્ધ રહેશે. ટ્રેન સંખ્યા 19413/19414 અમદાવાદ-કોલકાતા-અમદાવાદ એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર તથા 1 સ્લીપર શ્રેણીનો વધારાનો કોચ અમદાવાદથી 05.08.2026 થી 26.08.2026 સુધી તેમજ કોલકાતાથી 08.08.2026 થી 29.08.2026 સુધી જોડવામાં આવશે. ટ્રેન સંખ્યા 19409/19410 સાબરમતી-ગોરખપુર-સાબરમતી એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર તથા 1 સ્લીપર શ્રેણીનો વધારાનો કોચ તાત્કાલિક અસરથી સાબરમતીથી 29.08.2026 સુધી તેમજ ગોરખપુરથી 31.08.2026 સુધી જોડવામાં આવશે. ટ્રેન નંબર 20939/20940 સાબરમતી-સુલતાનપુર-સાબરમતી એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર તથા 1 સ્લીપર શ્રેણીનો વધારાનો કોચ સાબરમતીથી 04.08.2026 થી 25.08.2026 સુધી તેમજ સુલતાનપુરથી 05.08.2026 થી 26.08.2026 સુધી જોડવામાં આવશે. ટ્રેન સંખ્યા 20963/20964 સાબરમતી-વારાણસી-સાબરમતી એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર તથા 1 સ્લીપર શ્રેણીનો વધારાનો કોચ સાબરમતીથી 06.08.2026થી 27.08.2026 સુધી તેમજ વારાણસીથી 08.08.2026થી 29.08.2026 સુધી જોડવામાં આવશે. ટ્રેન સંખ્યા 19421/19422 અમદાવાદ-પટના-અમદાવાદ એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર તથા 1 એસી 2-ટિયર શ્રેણીનો વધારાનો કોચ તાત્કાલિક અસરથી અમદાવાદથી 30.08.2026 સુધી તેમજ પટનાથી 01.09.2026 સુધી જોડવામાં આવશે. ટ્રેનસંખ્યા 22967/22968 અમદાવાદ-પ્રયાગરાજ-અમદાવાદ એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર તથા 1 એસી 2-ટિયર શ્રેણીનો વધારાનો કોચ અમદાવાદથી 06.08.2026થી 27.08.2026 સુધી તેમજ પ્રયાગરાજથી 07.08.2026થી 28.08.2026 સુધી જોડવામાં આવશે. મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે ટ્રેનોના સમય, સ્ટોપેજ તથા સંરચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.in નું અવલોકન કરે.

## કાર સામે જ મહાકાય મગર આવી ગયો: વડોદરામાં વરસાદી વાતાવરણ વચ્ચે રસ્તા પર મગર આવ્યાની વધુ એક ઘટના

**વડોદરા, તા.03**

વડોદરામાં સતત પડેલા ભારે વરસાદ અને નદીઓ તથા જળાશયોમાં પાણીની આવક વધવાને કારણે શહેર અને આસપાસના વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને વિશ્વામિત્રી નદીની સપાટીમાં નોંધપાત્ર વધારો થતાં હવે માત્ર પૂરના પાણી જ નહીં, પરંતુ નદીમાં વસવાટ કરતા ભયાનક જળચર જીવો પણ માનવ વસાહતો અને મુખ્ય માર્ગો સુધી પહોંચી રહ્યા છે. વડોદરા અને તેની આસપાસના વિસ્તારોમાં મગરોના માર્ગો પર દેખાવાના બનાવોમાં ચિંતાજનક ઉછાળો આવ્યો છે.



રાત્રિના સમયે નેશનલ હાઈવેના સર્વિસ રોડ પરથી પસાર થઈ રહેલી એક કારના ચાલક સામે અચાનક જ રસ્તાની મધ્યમાં એક વિશાળકાય મગર આવી ગયો હતો. અચાનક જ સામે મગરને જોઈને કાર ચાલક હેબતાઈ ગયો હતો અને તેણે ત્વરિત બ્રેક મારીને વાહન રોકી દીધું હતું. કારની આગળ જ વિશાળકાય મગરને જોઈને ચાલક અને કારમાં બેઠેલા મુસાફરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. કારની હેડલાઈટના અજવાળામાં રસ્તો મગર આગળ વધી રહ્યો હતો જે જોઈ કાર ચાલકે પણ પોતાની કાર થોડી પાછળ લેવી પડી હતી. અને સર્વિસ રોડ ઉપર થોડા સમય સુધી થોભી ગયા હતા. જો કે થોડા સમય બાદ મગર પોતાના રસ્તે ચાલવા માંડ્યો હતો. કાર ચાલકે આ વીડિયો બનાવીને સોશિયલ મીડિયામાં મુક્યો હતો. વડોદરા શહેર અને તેની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં મોટી સંખ્યામાં મગરોનો વસવાટ છે.

## જંગલેશ્વર વિવાદ બાદ અંતે રાજકોટ મનપા જાગ્યું: 200 ML પાણીની બોટલ હવેથી ₹8ને બદલે માત્ર ₹3.50માં ખરીદાશે, 35 દિવસ છતાં તપાસ ઠેરની ઠેર

**રાજકોટ, તા.04**

રાજકોટ મનપા દ્વારા જંગલેશ્વરમાં એક ઐતિહાસિક ડિમોલિશન કરવામાં આવ્યું હતું. જોકે આ ડિમોલિશન દરમિયાન પાણીની બોટલ રૂ. 8માં ખરીદવામાં આવતા અનેક સવાલો ઉઠ્યા હતા. અને પાણીના રૂ. 23 લાખ સહિતનાં ખર્ચની તપાસ માટે કમિટી બનાવવામાં આવી હતી. જોકે મહિના કરતા વધુ સમય વીતી જવા છતાય તપાસનો કોઈ રિપોર્ટ જાહેર કરાયો નથી. પરંતુ વિવાદને લઈને કુંભકર્ણ નિંદ્રામાં સુતેલુ મનપા તંત્ર સફાળું જાગ્યું છે. અને મનપા દ્વારા 200 ML પાણીની બોટલ હવેથી રૂ. 8ને બદલે માત્ર રૂ. 3.50 માં ખરીદવા ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે.



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જંગલેશ્વરમાં હાથ ધરાયેલી ડિમોલેશન કામગીરી દરમિયાન પાણીના ખર્ચને લઈને સર્જાયેલો વિવાદ હજુ પણ ચર્ચામાં છે. અગાઉ જૂના રેટ કોન્ટ્રાક્ટ (આર.સી.) મુજબ 200 એમ.એલ.ની પાણીની બોટલ આશરે રૂ. 8ના ભાવે ખરીદવામાં આવી હતી અને ચોપડે રૂ. 23 લાખનો મોટો ખર્ચ દર્શાવવામાં આવ્યો હતો. અગાઉના શાસકો દ્વારા આંખ બંધ કરીને અપાયેલી મંજૂરીને કારણે ચોમેરથી ટીકા થતાં આખરે વહીવટી તંત્રે જાગીને પાણી પણ ફૂંકી-ફૂંકીને પીવાનું શરૂ કર્યું છે.

સાંસ્કૃતિક વિભાગ દ્વારા આગામી 2 વર્ષ માટે મંડપ સર્વિસ સહિત 152 વસ્તુઓ માટે રેટ કોન્ટ્રાક્ટ આધારિત નવું ટેન્ડર પ્રસિદ્ધ કરાયું છે. જેમાં 200 એમ.એલ.ની બોટલ માટે મહત્તમ ભાવ રૂ.3.50 નક્કી કરવામાં આવ્યો છે. ઉપરાંત 500 ML માટે રૂ.6, 1 લીટરની બોટલ માટે રૂ.10, 20 લીટરના જગ માટે રૂ.20, કાચનો ગ્લાસ રૂ.3 અને કાગળનાં ડિસ્પોઝેબલ ગ્લાસનો ભાવ રૂ.1 નક્કી કરાયો છે. તેમજ હિમાલયા મિનરલ વોટરની 1 લીટરની બોટલ માટે રૂ.70 અને 500 એમ.એલ. માટે રૂ.35 ના દરો નક્કી કરવામાં આવ્યા છે.

અગાઉ પ્રસિદ્ધ કરાયેલા ટેન્ડરમાં એજન્સીઓએ નક્કી કરેલા ભાવ કરતાં દોઢ ગણા વધુ ભાવ ભરતા આખરે રિ-ટેન્ડર કરવાની નોબત આવી હતી. હવે તંત્ર દ્વારા નક્કી કરાયેલા ભાવની આસપાસ જ ખરીદી થાય તે પ્રકારની તૈયારી દર્શાવવામાં આવી છે. ટેન્ડર ભરવાની અંતિમ તારીખ 24 ઓગસ્ટ નક્કી કરાઈ છે. ત્યારબાદ એજન્સીઓ નક્કી થયા બાદ દરખાસ્ત મંજૂરી માટે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મોકલવામાં આવશે.

બીજી તરફ, જંગલેશ્વર ડિમોલેશન દરમિયાન પાણી પાછળ થયેલા રૂ. 23 લાખના ખર્ચ અંગે તપાસ માટે રચાયેલી સમિતિની કામગીરી અત્યંત ગોકળગતિએ ચાલી રહી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. સમિતિની રચનાને 35 દિવસથી વધુ સમય વીતી ગયો હોવા છતાં અને આ દરમિયાન આશરે 3 અધ્યક્ષ બદલાઈ ચૂક્યા હોવા છતાં હજુ સુધી તપાસ અંગે સત્તાવાર સ્પષ્ટતા કે રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો નથી.

# WTC ફાઈનલની રેસ, બુમરાહની ઈંજરી અને સ્પિન ટ્રેપ..., શ્રીલંકા પ્રવાસમાં ભારત સામે 3 મોટા પડકારો!

**નવી દિલ્હી, તા.04**

ટીમ ઈન્ડિયાને આ મહિને શ્રીલંકાના પ્રવાસ પર બે ટેસ્ટ મેચની સીરિઝ રમવાની છે. સીરિઝની શરૂઆત 15 ઓગસ્ટથી થશે. ભારતીય ટીમ માટે આ 'કરો યા મરો' વાળી સીરિઝ છે. ટીમ પર આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની ફાઈનલમાં એન્ટ્રી કરવાનું દબાણ છે. ભારતીય ટીમ 2023-2025ની સાયકલની ફાઈનલમાં નહોતી પહોંચી. ભારતને જો WTC 2025-2027ની ફાઈનલની રેસમાં ટકી રહેવું હોય તો તેણે શ્રીલંકાને ટેસ્ટ સીરિઝમાં હરાવવું પડશે. ત્યારબાદ અન્ય ટીમો સામે પણ જીત મેળવવી પડશે. જોકે, શુભમન ગિલની ટીમ માટે આવું કરવું આસાન નથી. ટીમ સામે ત્રણ મોટા પડકારો છે.

WTC 2025-2027ની સાયકલમાં ભારતની 9 ટેસ્ટ મેચ બાકી છે. મતલબ કે ટીમ ઈન્ડિયાએ હજુ ત્રણ ટેસ્ટ સીરિઝ રમવાની છે. ભારત આ ત્રણ ટેસ્ટ સીરિઝમાંથી બે વિદેશમાં અને એક પોતાના હોમ ગ્રાઉન્ડ પર રમશે. શ્રીલંકા પ્રવાસ પછી ટીમ ઈન્ડિયા બે ટેસ્ટ મેચની સીરિઝ રમવા ન્યૂઝીલેન્ડ જશે. ત્યારબાદ 2027ની શરૂઆતમાં ભારતે પોતાના ઘર આંગણે ઓસ્ટ્રેલિયા સામે 5 ટેસ્ટ મેચની સીરિઝ રમવાની છે. WTCની ફાઈનલમાં જવા માટે ભારતે આ 9 ટેસ્ટ મેચમાંથી 7 મેચ કોઈ પણ સંજોગોમાં જીતવી પડશે. જે ટીમ માટે લોઢાના ચણા ચાવવા જેવું છે.

WTCની ફાઈનલની રેસમાં ટકી રહેવા માટે ભારતે ટેસ્ટ સીરિઝમાં શ્રીલંકાને 2-0થી



હરાવવું પડશે. જો ટીમ ઈન્ડિયા આવું નહીં કરે તો ફાઈનલની રાહ મુશ્કેલ બની જશે. આમ પણ શ્રીલંકા પ્રવાસ પર ભારત માટે ટેસ્ટ સીરિઝ આસાન નહીં રહે. તેણે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

ભારત અને શ્રીલંકા વચ્ચે રમાનારી ટેસ્ટ સીરિઝની શરૂઆત 15 ઓગસ્ટથી થશે. પ્રથમ મેચ ગાલેમાં રમાશે. ગાલેની પીચો ટર્નિંગ (સ્પિન ફ્રેન્ડલી) હોય છે. અહીં ટીમ ઈન્ડિયાના બેટ્સમેનોને સ્પિનરો તરફથી કડક પડકાર મળશે.

ટીમના બેટ્સમેનોએ સ્પિનરો સામે સ્ટ્રગલ કર્યું છે. છેલ્લી બે ટેસ્ટ સીરિઝમાં ન્યૂઝીલેન્ડ અને સાઉથ આફ્રિકાના સ્પિનરો સામે ભારતીય બેટ્સમેનો ટકી શક્યા નહોતા. ભારતમાં રમાયેલી આ બંને સીરિઝમાં ટીમ ઈન્ડિયાને શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો. ગાલેમાં પણ શ્રીલંકાના સ્પિનરો ટીમ ઈન્ડિયા માટે મુશ્કેલી ઊભી કરી શકે છે. પ્રભાત જયસૂર્યા અને રમેશ મેન્ડિસ એવા જ સ્પિનર છે, જે ટીમ ઈન્ડિયાના બેટ્સમેનો માટે માથાનો દુઃખાવો બની શકે છે.

ગાલેમાં ભારતનો ટેસ્ટ રેકોર્ડ બહુ સારો નથી રહ્યો. ટીમ ઈન્ડિયાએ અહીં અત્યાર સુધીમાં 5 ટેસ્ટ રમી છે, જેમાંથી 2માં જીત મેળવી છે અને 3માં હારનો સામનો કરવો પડ્યો છે. ભારતે આ ગ્રાઉન્ડ પર છેલ્લી ટેસ્ટ 2017માં જીતી હતી. ત્યારે ઈન્ડિયાએ શ્રીલંકાને 304 રનના મોટા માર્જિનથી હરાવ્યું હતું. ભારતીય ટીમ 9 વર્ષ બાદ ગાલેમાં ટેસ્ટ રમશે.

ભારત અને શ્રીલંકા વચ્ચે બીજી ટેસ્ટ મેચ કોલંબોના સિંહલીઝ સ્પોર્ટ્સ ક્લબ (SSC) ગ્રાઉન્ડ પર રમાશે. આ મેદાન પર ટીમ ઈન્ડિયાનો ટેસ્ટ રેકોર્ડ વધુ સારો છે. ભારતે અહીં 9 ટેસ્ટ રમી છે, જેમાંથી 3માં જીત મેળવી છે અને 2માં હાર મળી છે, જ્યારે ચાર ટેસ્ટ ડ્રો રહી છે.

કોલંબોમાં પણ સ્પિન ટ્રેક છે. અહીં પણ ટીમ ઈન્ડિયા સ્પિનરો સામે ફસાઈ શકે છે. ટીમ ઈન્ડિયાના એકાદ બેટ્સમેનને બાદ કરતાં બાકીના બેટ્સમેનોને સ્પિન રમવામાં તકલીફ પડે છે.

શ્રીલંકા પ્રવાસ દરમિયાન શુભમન ગિલની ટીમ પર પ્રેશર રહેશે. ટીમના ઘણા રેગ્યુલર ખેલાડીઓ ઈજાના કારણે ટેસ્ટ સીરિઝમાંથી બહાર થઈ ગયા છે. ટીમ ઈન્ડિયાને 3 ઓગસ્ટના રોજ મોટો ઝટકો લાગ્યો, જ્યારે જસપ્રીત બુમરાહ ઈજાના કારણે સીરિઝમાંથી બહાર થઈ ગયો.

બુમરાહના ડાબા ઘૂંટણમાં ઈજા છે, જેનાથી તે હજી સુધી સાજો નથી થયો. તે ઈંગ્લેન્ડ પ્રવાસ પર ઈજાગ્રસ્ત થયો હતો, તેના રિપ્લેસમેન્ટ તરીકે આકિબ નબીને ટીમમાં તક મળી છે. આકિબ નબી પર સારું પ્રદર્શન કરવાનું પ્રેશર રહેશે.

બુમરાહ ઉપરાંત વોશિંગ્ટન સુંદર, હર્ષિત રાણા અને નીતીશ કુમાર રેડ્ડી પણ ઈજાગ્રસ્ત છે. સુંદર અને હર્ષિત રાણાને હેમસ્ટ્રિંગની ઈજા છે, જ્યારે નીતીશ કુમાર રેડ્ડીને ક્વાડ્રિસેપ્સ (સાથળ) માં ઈજા છે. આ તમામ ખેલાડીઓ ઈજાગ્રસ્ત હોવાના કારણે શ્રીલંકા પ્રવાસ માટે ઉપલબ્ધ નહોતા.

## વર્લ્ડ કપથી લઈને WTC ફાઈનલ સુધી: ઈજાના કારણે આ 5 મોટી ટુર્નામેન્ટ ગુમાવી ચૂક્યો છે જસપ્રીત બુમરાહ

**નવી દિલ્હી, તા.04**



જસપ્રીત બુમરાહ ટીમ ઈન્ડિયાનો સૌથી મહત્ત્વપૂર્ણ ફાસ્ટ બોલર છે. જોકે, ઈજા હંમેશાં તેના કરિયરનો સૌથી મોટો પડકાર રહી છે. તાજેતરમાં જ જસપ્રીત બુમરાહ ઘૂંટણની ઈજાના કારણે શ્રીલંકા સામેની મહત્ત્વની ટેસ્ટ સીરિઝમાંથી બહાર થઈ ગયો છે. આ પહેલી વાર નથી જ્યારે કોઈ મોટી ટૂર્નામેન્ટ કે સીરિઝ પહેલાં જસપ્રીત બુમરાહ ઈજાગ્રસ્ત થયો હોય. આવો નજર કરીએ એવી 5 મોટી ટૂર્નામેન્ટ પર, જેમાં ઈજાના કારણે જસપ્રીત બુમરાહ રમી ન શક્યો.

2022નો T20 વર્લ્ડ કપ ભારત માટે કોઈ ખરાબ સ્વપ્નથી ઓછો નથી રહ્યો. જસપ્રીત બુમરાહ કમરની ઈજાના કારણે ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો, જેના લીધે ભારતનું બોલિંગ આક્રમણ અત્યંત નબળું પડી ગયું હતું.

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2023ની ફાઈનલ રમાઈ હતી. આ મોટી ફાઈનલમાં જસપ્રીત બુમરાહ ઈજાના કારણે રમી નહોતો શક્યો. ટીમ ઈન્ડિયાને તેની ખોટ સાલી અને ભારત 209 રનથી આ મેચ હારી ગયું હતું.

ટીમ ઈન્ડિયાએ ચેમ્પિયન્સ ટ્રોફી 2025નો ખિતાબ જીત્યો હતો. આ મોટી ટૂર્નામેન્ટમાં જસપ્રીત બુમરાહ રમતો નહોતો દેખાયો. બોર્ડર-ગાવસ્કર ટ્રોફી 2024-25 દરમિયાન તેને ઈજા થઈ હતી, જેના કારણે તે ચેમ્પિયન્સ ટ્રોફી નહોતો રમી શક્યો. જોકે, તેના રિપ્લેસમેન્ટ તરીકે આવેલા હર્ષિત રાણાનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું.

જસપ્રીત બુમરાહ ઈજાના કારણે ઈન્ડિયન પ્રીમિયર લીગ 2023ની સીઝન નહોતો રમ્યો. તે મુંબઈ ઈન્ડિયન્સનો મુખ્ય ફાસ્ટ બોલર છે. આ જ કારણે મુંબઈ ઈન્ડિયન્સને તેની કમી વર્તાઈ હતી, પરંતુ ટીમ સીઝનમાં ત્રીજા સ્થાને રહી હતી.

જસપ્રીત બુમરાહ કમરની ઈજાના કારણે એશિયા કપ 2022નો હિસ્સો નહોતો બની શક્યો. બુમરાહની ગેરહાજરીમાં ટીમ ઈન્ડિયા માટે આ ટૂર્નામેન્ટ ભૂલવા લાયક રહી હતી. ભારત ફાઈનલમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહ્યું હતું. મુખ્યત્વે આ ટૂર્નામેન્ટથી જ બુમરાહને કમરની ઈજાએ પરેશાન કરવાનું શરૂ કર્યું હતું.

## શ્રીલંકા પ્રવાસ પહેલાં 'ગુરુ' ધોનીની શરણે ઋષભ પંત! ફોર્મમાં વાપસી કરવા રાંચીમાં શરૂ કરી કડક ટ્રેનિંગ

**નવી દિલ્હી, તા.04**

ભારતીય ક્રિકેટ ટીમના વિસ્ફોટક વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંત માટે છેલ્લો કેટલોક સમય અપેક્ષા મુજબનો નથી રહ્યો. IPL 2026માં તે ખૂબ જ ખરાબ રીતે ફ્લોપ સાબિત થયો હતો. આ જ કારણ છે કે લખનઉની ટીમે આગામી સીઝન પહેલા પંતને ટ્રેડ કરીને તેની જૂની ટીમ દિલ્હી કેપિટલ્સને સોંપી દીધા છે.

IPL બાદ તેને ભારત માટે પણ વધુ મેચોમાં રમવાની તક નથી મળી. પંત હવે નિયમિત રીતે માત્ર ટેસ્ટ ફોર્મેટમાં જ ભારત માટે રમી રહ્યો છે. વન-ડે અને T20 ટીમમાં લાંબા સમયથી તેને રમવાની તક નથી મળી.

ઋષભ પંતે શ્રીલંકા ટેસ્ટ સિરીઝ માટે પોતાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ખાસ વાત એ છે કે આ પડકારનો સામનો કરવા માટે પંતે પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ



ધોનીના દ્વાર ખટખટાવ્યા છે. પંત હાલ રાંચીમાં છે અને ધોનીની દેખરેખ હેઠળ ટ્રેનિંગ લઈ રહ્યો છે.

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) હેઠળ રમાનારી આ બે મેચોની ટેસ્ટ સીરીઝ ભારત માટે અત્યંત મહત્વપૂર્ણ છે. પ્રથમ ટેસ્ટ 15 ઓગસ્ટથી શરૂ થવા જઈ રહી છે. શ્રીલંકાની પિચો હંમેશા સ્પિન બોલરો માટે મદદરૂપ માનવામાં આવે છે. એશિયાઈ કંડિશનમાં એમએસ ધોનીથી વધુ સારી રીતે સ્પિનને સમજવું કદાચ જ કોઈ જાણતું હોય.

સોશિયલ મીડિયા પર વાઈરલ વીડિયોમાં પંત અને ધોનીને એકસાથે ધોનીના ફાર્મહાઉસ પરથી નીકળતા જોવામાં આવ્યા છે. રાંચીમાં પંત ધોની અને પૂર્વ ભારતીય સ્પિનર શાહબાઝ નદીમની હાજરીમાં ટ્રેનિંગ લઈ રહ્યો છે.

ધોની ઉપરાંત પંતે તાજેતરમાં પોતાના વ્હાઈટ-બોલ ક્રિકેટને સુધારવા માટે યુવરાજ સિંહ સાથે પણ ઘણો સમય વિતાવ્યો હતો. દક્ષિણ આફ્રિકા સામેની ઘરેલૂ ટેસ્ટ સીરીઝમાં ઋષભ પંતનું પ્રદર્શન કંઈ ખાસ નહોતું રહ્યું. એવામાં શુભમન ગિલની આગેવાની હેઠળની આ યુવા ટીમમાં પંતનું ફોર્મમાં પાછા ફરવું ખૂબ જ જરૂરી છે.

ધોની હંમેશાથી પંતનો મેન્ટોર રહ્યો છે. એવામાં રાંચીનો આ ટ્રેનિંગ કેમ્પ પંત માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ ટ્રેનિંગ પંતને શ્રીલંકાની સ્પિન-ફ્રેન્ડલી પિચો માટે તૈયાર કરવામાં મોટી ભૂમિકા ભજવશે.

શ્રીલંકા ટેસ્ટ સીરિઝ માટે ભારતીય ટીમ

શુભમન ગિલ (કેપ્ટન), કેએલ રાહુલ (વાઈસ-કેપ્ટન)

બેટ્સમેન: યશસ્વી જયસ્વાલ, સાઈ સુદર્શન, દેવદત્ત પડિક્કલ

વિકેટકીપરઃ ઋષભ પંત, ધ્રુવ જુરેલ

ઓલરાઉન્ડર અને સ્પિનરઃ રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, માનવ સુથાર, સારાંશ જૈન

ફાસ્ટ બોલરઃ આકિબ નબી, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણા, ગુરનૂર બ્રાર

## 'કિંગ'ની રિલીઝ ડેટમાં કોઈ ફેરફાર નહીં : 'એવેન્જર્સ

### શાહરૂખ ખાન આ ડિસેમ્બરમાં હોલિવૂડની 3 ફ્રેન્ચાઈઝી ફિલ્મોને ટક્કર આપવા તૈયાર

**મુંબઈ, તા.04**

ત્રણ વર્ષ બાદ મોટા પડદા પર વાપસી કરી રહેલા સુપરસ્ટાર શાહરૂખ ખાનની એક્શન ફિલ્મ 'કિંગ'ની રિલીઝ ડેટમાં કોઈ ફેરફાર નહીં થાય. છેલ્લા કેટલાક સમયથી ફિલ્મ 2027 સુધી લંબાઈ શકે તેવી અટકળો ચાલી રહી હતી, પરંતુ હવે સ્પષ્ટ થયું છે કે 'કિંગ' 24 ડિસેમ્બર, 2026ના રોજ જ દેશભરમાં થિએટર્સમાં રિલીઝ થશે.

ફિલ્મની સત્તાવાર જાહેરાત જાન્યુઆરીમાં કરવામાં આવી હતી અને તે સમયે જ ક્રિસમસ રિલીઝની જાહેરાત કરવામાં આવી હતી. હવે મળતી માહિતી મુજબ નિર્માતાઓ ફિલ્મને મુલતવી રાખવાના કોઈપણ વિચારમાં નથી અને પોસ્ટ-પ્રોડક્શનનું કામ પણ આયોજન મુજબ આગળ વધી રહ્યું છે.

જો કે, 'કિંગ' માટે ડિસેમ્બર મહિનો સરળ નહીં રહે. 18 ડિસેમ્બરે હોલિવૂડની બે સૌથી મોટી ફિલ્મો 'એવેન્જર્સ: ડૂમ્સડે' અને 'ડ્યૂન: પાર્ટ થ્રી' એકસાથે રિલીઝ



થશે.

ટ્રેડ વિશ્લેષકોનું માનવું છે કે 'એવેન્જર્સ: ડૂમ્સડે' ભારતીય બોક્સ ઓફિસ પર સૌથી મોટો પડકાર સાબિત થઈ શકે છે. તાજેતરમાં 'સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે'ને ભારતમાં મળેલા જંગી પ્રતિસાદ બાદ સ્પષ્ટ થયું છે કે ભારતીય દર્શકોમાં માર્વેલ ફિલ્મો પ્રત્યેનો ક્રેઝ હજુ પણ મજબૂત છે.

બીજી તરફ, 'ડ્યૂન: પાર્ટ થ્રી' પ્રમાણમાં મર્યાદિત દર્શકોને આકર્ષે તેવી શક્યતા છે, પરંતુ 'ડ્યૂન: પાર્ટ ટૂ' (2024)એ ભારતમાં 27.86 કરોડનો બિઝનેસ કર્યો હતો. આ ઉપરાંત 'જુમાનજી: ઓપન વર્લ્ડ' પણ ક્રિસમસ દરમિયાન રિલીઝ થશે. ડ્વેન જૉનસન, જેક બ્લેક, કેવિન હાર્ટ અને કેરેન ગિલનની આ ફ્રેન્ચાઈઝીની અગાઉની બંને ફિલ્મોએ ભારતમાં 50 કરોડથી વધુની કમાણી કરી હતી. એક ટ્રેડ સૂત્રના જણાવ્યા મુજબ, ભારતમાં 'કિંગ'ને સૌથી મોટો ફાયદો એ મળશે કે તે શાહરૂખ ખાનની હિન્દી ફિલ્મ છે. જોકે હોલિવૂડ ફિલ્મોમાં 'એવેન્જર્સ: ડૂમ્સડે' સૌથી મોટી સ્પર્ધા આપશે. આંતરરાષ્ટ્રીય બજારમાં ત્રણેય હોલિવૂડ ફિલ્મો બ્લોકબસ્ટર બનવાની ક્ષમતા ધરાવે છે, જેના કારણે 'કિંગ'ને પૂરતા સ્ક્રીન્સ મેળવવામાં મુશ્કેલી આવી શકે છે.

સુત્રે વધુમાં ઉમેર્યું, "પરંતુ 'કિંગ' જેવી ફિલ્મ જ આવી હોલિવૂડ ફિલ્મો સામે ટક્કર આપી શકે છે. વિદેશી બજારમાં શાહરૂખ ખાન સૌથી મોટા ભારતીય સ્ટાર છે. ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે ફિલ્મનું વિતરણ 'યશ રાજ ફિલ્મ્સ' કરી રહ્યું છે, જે પોતાના અનુભવ અને નેટવર્કના આધારે શ્રેષ્ઠ સ્ક્રીન્સ અને શો ટાઈમ મેળવવાનો પ્રયાસ કરશે."

એક અન્ય ઈન્ડસ્ટ્રી સુત્રના જણાવ્યા અનુસાર, ઘણા લોકો ઈચ્છતા હતા કે 'કિંગ' 2027માં રિલીઝ થાય. પરંતુ તે સ્થિતિમાં ફિલ્મને કદાચ એપ્રિલ અથવા મે સુધી રાહ જોવી પડત. કારણ કે 21 જાન્યુઆરીએ 'લવ એન્ડ વોર', ત્યારબાદ રમઝાન, પછી 5 માર્ચે 'સ્પિરિટ' અને 7 એપ્રિલે 'વારાણસી' જેવી મોટી ફિલ્મો રિલીઝ થવાની છે.

## આમિર-અશુતોષ ગોવારિકરની 'લલકારા'માંથી ફરહાનની વિદાય

**મુંબઈ, તા.04**

આમિર ખાન અને અશુતોષ ગોવારિકરની ફિલ્મ 'લલકારા'માં મહત્વનો ફેરફાર થયો છે. આ અંગે મળતી માહિતી મુજબ ફરહાન અખ્તર હવે આ ફિલ્મનો ભાગ નહીં રહે, તેની જગ્યાએ હવે સિદ્ધાંત ગુપ્તાને લેવામાં આવ્યો હોવાના અહેવાલ છે. સુત્રોના જણાવ્યા અનુસાર, નીરજ પાંડેની આગામી ફિલ્મમાં સંગીતકાર આર.ડી. બર્મનની ભુમિકા ભજવવાના કારણે ફરહાન અખ્તરને લાંબી તૈયારી અને સતત શૂટિંગ માટે સમય ફાળવવો પડશે. બીજી તરફ 'લલકારા' માટે પણ તેને મહિનાઓ સુધી ક્રિકેટની તાલીમ લેવાની અને લાંબા શૂટિંગ શીડ્યુલ માટે તૈયારી કરવાની જરૂર હતી. તેથી સમયની મર્યાદાને ધ્યાનમાં રાખીને ફરહાને આર.ડી. બર્મનની બાયોપિકને પ્રાથમિકતા આપવાનો નિર્ણય લીધો અને પરસ્પર સહમતિથી 'લલકારા'માંથી અલગ થયો છે. જોકે, ફરહાન ફિલ્મથી સંપૂર્ણપણે અલગ થયો નથી. તે



રિતેશ સિધવાણી સાથે તેની એક્સેલ એન્ટરટેઈનમેન્ટ બેનર હેઠળ, રાજકુમાર હિરાણી ફિલ્મ્સના સહયોગમાં આ ફિલ્મના નિર્માતા તરીકે જોડાયેલો રહેશે.

ફરહાનની જગ્યાએ હવે સિદ્ધાંત ગુપ્તા ફિલ્મમાં મહત્વની ભૂમિકા ભજવશે. ઈનસાઈડ એજ, જ્યુબિલી, બ્લેક વોરંટ અને ફ્રીડમ એટ મિડનાઈટ જેવી વેબ સિરીઝમાં પોતાની અભિનય ક્ષમતા સાબિત કરનાર સિદ્ધાંત ફિલ્મમાં આમિર ખાનના મિત્રના પાત્રમાં જોવા મળશે. 'લલકારા' વર્ષ 1952ની ઐતિહાસિક ભારત-પાકિસ્તાન ટેસ્ટ સિરીઝ પર આધારિત એક મહત્ત્વાકાંક્ષી સ્પોર્ટ્સ ડ્રામા છે. વર્ષ 2001માં આવેલી સુપરહિટ ફિલ્મ 'લગાન' બાદ આમિર ખાન અને અશુતોષ ગોવારિકર ફરી એકવાર સાથે કામ કરી રહ્યા છે. ફિલ્મની પટકથા 'દંગલ', 'છિછોરે' ફિલ્મના લેખક પિયુષ ગુપ્તા અને 'નીલ બટ્ટે સન્નાટા'નાં લેખક નીરજ સિંહએ લખી છે. ફિલ્મમાં મિત્રતા, રમતગમતની હરીફાઈ અને દેશભક્તિના ભાવને ભારતીય ક્રિકેટના એક મહત્વપૂર્ણ ઐતિહાસિક અધ્યાય સાથે રજુ કરવામાં આવશે.

## "મારા માટે પાત્રની લંબાઈ કરતાં વાર્તા અને પાત્રની ઊંડાઈ જ સૌથી મહત્વની" : દિયા

**મુંબઈ, તા.04**

દિયા મિર્ઝા આ વર્ષે 'આલ્ફા' અને 'ઈક્કા' બાદ હવે પોતાની ત્રીજી રિલીઝ 'ઓપરેશન સફેદ સાગર' માટે તૈયાર છે. 1999ના કારગિલ યુદ્ધ દરમિયાન ભારતીય વાયુસેનાની ગોલ્ડન એરો સ્ક્વોડ્રન દ્વારા હાથ ધરાયેલા સાહસિક હાઈ-એલ્ટિટ્યુડ ઓપરેશન્સ પર આધારિત આ સિરીઝમાં દિયા મિર્ઝા વિંગ કમાન્ડર ટોની ધનોઆના પત્નીની ભૂમિકામાં જોવા મળશે. તેનું પાત્ર મુખ્ય નથી, છતાં દિયાનું માનવું છે કે કોઈપણ પાત્રનું મહત્વ તેના સ્ક્રીન ટાઈમથી નક્કી થતું નથી. એક ઈન્ટરવ્યુમાં દિયાએ કહ્યું, "કોઈ વાર્તાનો ભાગ બનવું કે નહીં તેનો નિર્ણય પાત્રની લંબાઈ પરથી નહીં, પરંતુ તેમાં



રહેલી સચ્ચાઈ અને તેની વાર્તામાં અસર પરથી થવો જોઈએ. ઘણી વખત તમે જે વ્યક્તિનું પાત્ર ભજવવાના હોય તેનાં વ્યક્તિત્વથી પણ પ્રેરિત થાઓ છો અને તમને લાગે છે કે તમે તેની સચ્ચાઈને જીવી શકો છો." દિયાએ જણાવ્યું કે 'પરિણીતા' અને 'લગે રહો મુન્નાભાઈ' જેવી ફિલ્મોએ તેને શીખવ્યું કે પાત્રનો પ્રભાવ તેની લંબાઈથી નહીં, પરંતુ વાર્તામાં તેનાં મહત્વથી નક્કી થાય છે. તેણે કહ્યું, "સ્ક્રીન ટાઈમ અને પાત્રની લંબાઈથી કોઈ ફરક પડતો નથી. મહત્વની વાત એ છે કે મારું પાત્ર વાર્તાને કેવી રીતે આગળ ધપાવે છે. મારા માટે હંમેશા વાર્તા અને તેમાં પાત્ર જે ઊંડાઈ અને મજબૂતી ઉમેરે છે તે જ મહત્વનું રહ્યું છે." 'ઓપરેશન સફેદ સાગર'ના દિગ્દર્શક ઓની સેનના વખાણ કરતાં દિયાએ કહ્યું કે તેણે આ વિષયને અત્યંત સંવેદનશીલ અને સંતુલિત રીતે રજૂ કર્યો છે. તેણે કહ્યું, "કોઈપણ કન્ટેન્ટ સંતુલિત, સંવેદનશીલ અને માનવીય હોવું જોઈએ. આ વાર્તા જે રીતે લખાઈ છે તે મને ખૂબ ગમી છે." દિયાએ વધુમાં ઉમેર્યું કે કોઈપણ સ્ક્રિપ્ટ લેખક અને દિગ્દર્શકની ઈમાનદારી દર્શાવે છે.

## 'હું મારા દર્શકો શોધવા અને પોતાની ઓળખ બનાવવા આવી છું' : મહિમા મકવાણા

**મુંબઈ, તા.04**

એક્ટ્રેસ મહિમા મકવાણાનું માનવું છે કે દરેક કલાકારે અંતે પોતાના દર્શકો સુધી પહોંચવાનો અને પોતાની અલગ ઓળખ બનાવવાનો માર્ગ શોધવો જ પડે છે. તેની નવી નેટફ્લિક્સ સિરીઝ 'મુસાફિર કેફે' પણ તેની એવી જ સફરનું વધુ એક મહત્વનું પગથિયું છે. બાળ કલાકાર તરીકે 'મિલે જબ હમ તુમ' અને 'બાલિકા વધુ' જેવી લોકપ્રિય ટેલિવિઝન સિરિયલોથી કારકિર્દીની શરૂઆત કરનાર મહિમાએ બાદમાં સલમાન ખાનની ફિલ્મ 'અંતિમ: ધ ફાઈનલ ટ્રુથ'થી હિન્દી ફિલ્મોમાં ડેબ્યુ કર્યું છે. ત્યારબાદ તે 'તુમસે ના હો પાયેગા' અને 'શોટાઈમ' જેવા OTT પ્રોજેક્ટ્સમાં પણ જોવા મળી હતી. પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં મહિમાએ કહ્યું, "મને લાગે છે કે જો હું આ સફર કરી શકું છું તો દરેક વ્યક્તિ કરી શકે છે. સપના જોવાં અને પોતાની જાત પર વિશ્વાસ રાખવો ખૂબ જરૂરી છે. જેમણે મારામાં ક્ષમતા જોઈ, તેમની હું હંમેશા આભારી રહીશ. પરંતુ આ ઈન્ડસ્ટ્રી ધીરજ અને સતત પ્રયત્નોની માંગ કરે છે. અહીં બધું તમારા નિયંત્રણમાં હોતું નથી. તમારા હાથમાં માત્ર એટલું જ હોય છે કે તમને જે ઓફર્સ મળે, તેમાંથી યોગ્ય પસંદગી કરો." મહિમા મકવાણાએ જણાવ્યું કે 'અંતિમ' તેની કારકિર્દી માટે સૌથી મોટો વળાંક સાબિત થઈ. તેણે કહ્યું, "સલમાન સર અને મહેશ માંજરેકર સરે મને જે તક આપી તેના માટે હું હંમેશા આભારી રહીશ. હું હંમેશાથી મોટા પડદા પર પોતાને જોવા માગતી હતી. આ ફિલ્મે મારું જીવન બદલી નાખ્યું અને મારા પરનો વિશ્વાસ વધુ મજબૂત કર્યો." હાલમાં નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ રહેલી 'મુસાફિર કેફે'માં મહિમા પ્રીતિનું પાત્ર ભજવે છે, જેનું જીવન પોતાના ભૂતકાળ અને વર્તમાન સંબંધો વચ્ચે સંઘર્ષ કરી રહેલા ચંદર સાથે જોડાઈ જાય છે.

દિવ્ય પ્રકાશ દુબેની બેસ્ટસેલર નવલકથા પર આધારિત આ સિરીઝમાં વેદિકા પિંટો પણ મહત્વની ભૂમિકામાં છે. મહિમાએ કહ્યું કે આજે સારી પ્રેમકથાઓ બહુ ઓછી બની રહી છે અને આ જ કારણથી તે આ પ્રોજેક્ટ તરફ આકર્ષાઈ.

"દર્શક તરીકે પણ અને અભિનેત્રી તરીકે પણ મને લાગે છે કે આજે પ્રેમકથાઓની ખોટ છે. 'મુસાફિર કેફે' પછી વધુ પ્રેમકથાઓ બનવી જોઈએ. પ્રેમકથા એક વિશાળ શૈલી છે. તેમાં ત્યાગ, સ્વીકાર અને સંબંધોની અનેક લાગણીઓ અનુભવી શકાય છે. આ શો દ્વારા મને પણ ઘણું શીખવા મળ્યું." મહિમાએ 'મુસાફિર કેફે'ને પોતાની કારકિર્દીનાં સૌથી ભાવનાત્મક અને આત્મમંથન કરાવનારા અનુભવોમાંનો એક ગણાવ્યો છે.



# સેન્સેક્સ 200 પોઈન્ટ ઘટીને 78,450 પર આવ્યો: નિફ્ટી 250 પોઈન્ટ ઘટ્યો, NSEએ જણાવ્યું - આ ટેકનિકલ ખામી નથી, નવા CAS સિસ્ટમનું પરિણામ છે

**મુંબઈ, તા.04**

ગઈકાલની ભવ્ય તેજી બાદ આજે 04 ઓગસ્ટના રોજ ભારતીય શેરબજારમાં અચાનક નરમ વલણ જોવા મળ્યું છે. સેન્સેક્સ અને નિફ્ટી બંને સૂચકાંકો ઘટાડા સાથે લાલ નિશાનમાં કારોબાર કરી રહ્યા છે. આજે કારોબારી સત્ર દરમિયાન સેન્સેક્સ 200 પોઈન્ટના ઘટાડા સાથે 78,450 ના સ્તર પર આવી ગયો છે, જ્યારે નિફ્ટીમાં વધુ તીવ્ર ઘટાડો નોંધાયો છે અને તે 250 પોઈન્ટ તૂટીને 24,500 ના સ્તર પર ટ્રેડ થઈ રહ્યો છે. ગઈકાલે એટલે કે 03 ઓગસ્ટના રોજ બજારમાં જોરદાર ઉછાળો રહ્યો હતો, જેમાં સેન્સેક્સ 544 પોઈન્ટ વધીને 78,639 પર અને નિફ્ટી 390 પોઈન્ટ વધીને 24,774 પર બંધ થયો હતો. જોકે, આજના ઘટાડામાં સેન્સેક્સ અને નિફ્ટીની હિલચાલ વચ્ચે મોટો તફાવત જોવા મળી રહ્યો છે.



બંને મુખ્ય ઈન્ડેક્સની ચાલમાં જોવા મળેલી આ ભિન્નતા પાછળ તાજેતરમાં અમલમાં મૂકાયેલું નવું ક્લોઝિંગ ઓક્શન સેશન (CAS) ફ્રેમવર્ક જવાબદાર છે. ડેરિવેટિવ ટ્રેડિંગ ધરાવતા શેરો માટે આ નવી સિસ્ટમ લાગુ કરવામાં આવી છે, જેના કારણે સ્પોટ અને ફ્યુચર્સ કિંમતો વચ્ચે તફાવત સર્જાયો છે. આ ભાવ તફાવતની સીધી અસર સેન્સેક્સ અને નિફ્ટીની ગણતરી પર પડી છે. આ અંગે નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) એ સત્તાવાર સ્પષ્ટતા આપતા જણાવ્યું છે કે નિફ્ટી અને બેંક નિફ્ટીની વેલ્યુએશનમાં આવી રહેલો આ તફાવત નવી સિસ્ટમના અમલીકરણનું પરિણામ છે, તેને કોઈ ટેકનિકલ ખામી કે બજારની ગડબડ ગણવી જોઈએ નહીં.

બજારમાં ઘટાડા છતાં કેટલાક સકારાત્મક આર્થિક પરિબળો પણ સક્રિય છે. ક્રૂડ ઓઈલના વૈશ્વિક ભાવમાં જોવા મળેલો ઘટાડો, ભૌગોલિક-રાજકીય તણાવમાં આવેલી નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) દ્વારા થઈ રહેલું સાતત્યપૂર્ણ રોકાણ ભારતીય નાણાકીય સંપત્તિઓ અને સેન્સેક્સને નીચલા સ્તરે ટેકો પૂરો પાડી રહ્યા છે. છેલ્લા સાત દિવસના આંકડા દર્શાવે છે કે FIIs દ્વારા રૂ. 7,805 કરોડની ચોખ્ખી ખરીદી કરવામાં આવી છે, જ્યારે તાજેતરમાં તેમણે લેટેસ્ટ સેશનમાં રૂ. 922 કરોડનું રોકાણ કર્યું હતું. જોકે છેલ્લા 30 દિવસમાં તેમનું ચોખ્ખું વેચાણ રૂ. 4,760 કરોડનું રહ્યું છે. બીજી તરફ, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DIIs) સતત બજારને મજબૂતી આપી રહ્યા છે, જેમણે લેટેસ્ટ સેશનમાં રૂ. 1,571 કરોડ, છેલ્લા સાત દિવસમાં રૂ. 2,966 કરોડ અને છેલ્લા 30 દિવસમાં રૂ. 33,681 કરોડનું વિશાળ રોકાણ કર્યું છે.

વૈશ્વિક સ્તરે રોકાણકારો યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજ દર અંગેના નિર્ણયો અને અમેરિકી કંપનીઓના ક્વાર્ટરલી પરિણામો પર નજર રાખીને અત્યંત સાવચેતીભર્યો અભિગમ અપનાવી રહ્યા છે. આ જ કારણે કોઈ એકતરફી મોટી તેજી કે મંદીના બદલે પસંદગીના સ્ટોક્સમાં જ હલચલ જોવા મળી રહી છે.

એશિયન બજારોની વાત કરીએ તો આજે ત્યાં પણ વ્યાપક ઘટાડાનું વાતાવરણ રહ્યું હતું, જેમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 88 પોઈન્ટ એટલે કે 0.83 ટકા ઘટીને 6198 પર, જાપાનનો નિકેઈ 422 પોઈન્ટ એટલે કે 0.66 ટકા ઘટીને 63333 પર અને હોંગકોંગનો હેંગસેંગ 90 પોઈન્ટ એટલે કે 0.30 ટકા ઘટીને 25919 ના સ્તર પર ટ્રેડ થઈ રહ્યો હતો.

આ અગાઉ, 3 ઓગસ્ટના રોજ અમેરિકી બજારોમાં શાનદાર તેજી નોંધાઈ હતી. ડાઉ જોન્સ 693 પોઈન્ટ એટલે કે 1.32 ટકાના ઉછાળા સાથે 53178 ના સ્તરે બંધ થયો હતો. આ સિવાય ટેકનોલોજી આધારિત નાસ્ડેક 540 પોઈન્ટ એટલે કે 2.13 ટકા વધીને 25914 પર અને S&P 500 ઈન્ડેક્સ 111 પોઈન્ટ એટલે કે 1.48 ટકા વધીને 7601 ની ઊંચાઈ પર બંધ રહ્યો હતો. આ તમામ ઘટનાક્રમો વચ્ચે ભારતીય શેરબજાર હાલ નવા નિયમોના સમાયોજન અને વૈશ્વિક સંકેતો વચ્ચે સ્થિરતા મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

# પેટ્રોલ-ડીઝલ અને એટીએફની નિકાસ પર વિન્ડફોલ ટેક્સમાં વધારો: નિકાસ સંતુલિત કરવા માટેનો નિર્ણય, દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ પર કોઈ અસર નહીં

**નવી દિલ્હી, તા.04**

કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં ઈંધણની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અને સ્થાનિક બજારમાં પુરવઠો જાળવી રાખવાના હેતુથી પેટ્રોલ, ડીઝલ અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ એટલે કે એટીએફની નિકાસ પર લાગતા વિન્ડફોલ ટેક્સમાં મોટો વધારો કરવાની જાહેરાત કરવામાં આવી છે. નાણા મંત્રાલય દ્વારા આ અંગે એક સત્તાવાર નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે, જે મુજબ આ સુધારેલા નવા દરો 3 ઓગસ્ટથી જ દેશભરમાં અમલમાં આવી ગયા છે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય માર્કેટની સ્થિતિ અને સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને દર 15 દિવસે આ ટેક્સના દરોની નિયમિત સમીક્ષા કરવામાં આવે છે.



આ નવા ફેરફારો હેઠળ સરકારે ડીઝલની નિકાસ એટલે કે એક્સપોર્ટ પર લાગતી સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી (SAED) ને પ્રતિ લિટર 15.5 થી સીધી વધારીને 25.5 કરી દીધી છે. આ ઉપરાંત વિમાનમાં વપરાતા ઈંધણ એટલે કે એટીએફ (જેટ ફ્યુઅલ) ની નિકાસ પરની ડ્યુટીમાં પણ વધારો કરવામાં આવ્યો છે, જે અગાઉ પ્રતિ લિટર 14.5 હતી તે વધીને હવે 22 થઈ ગઈ છે. નિકાસ થતા પેટ્રોલ પર પણ સરકાર દ્વારા દરોમાં વધારો કરાયો છે, જેમાં પ્રતિ લિટર ડ્યુટી 2.5 થી વધારીને 3.5 પ્રતિ લિટર કરવામાં આવી છે. ભારતમાં કોઈપણ સંજોગોમાં ઈંધણની અછત કે કટોકટી સર્જાય નહીં તે પ્રાથમિકતા સાથે આ કડક નિર્ણય લેવાયો છે.

સ્થાનિક ગ્રાહકો માટે રાહતના સમાચાર આપતા નાણા મંત્રાલયે સ્પષ્ટપણે જણાવ્યું છે કે દેશની અંદર ઘરેલું વપરાશ માટે વેચાતા પેટ્રોલ અને ડીઝલ પર લાગુ પડતા વર્તમાન ડ્યુટીના દરોમાં કોઈપણ જાતનો ફેરફાર કરવામાં આવ્યો નથી, એટલે કે દેશના સામાન્ય નાગરિકો માટે પેટ્રોલ-ડીઝલના ભાવ યથાવત રહેશે. ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિની વાત કરીએ તો પશ્ચિમ એશિયામાં વધતા જતાં તણાવ વચ્ચે સરકારે સૌપ્રથમ 27 માર્ચે ડીઝલ અને એટીએફની નિકાસ પર આ વિશેષ ટેક્સ લગાવવાની શરૂઆત કરી હતી. ત્યારબાદ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને 16 મેથી પેટ્રોલની નિકાસ પર પણ આ ટેક્સ લાગુ કરી દેવામાં આવ્યો હતો.

આ વિન્ડફોલ ટેક્સ વધારવા પાછળનું મુખ્ય કારણ દેશમાં ઈંધણની પૂરતી ઉપલબ્ધતા અને પુરવઠો જાળવી રાખવાનું છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાયા પછી આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવોમાં ભારે ઉછાળો જોવા મળ્યો હતો. આવી પરિસ્થિતિમાં સ્થાનિક રિફાઈનર્સ અને નિકાસકારો આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ભાવના તફાવતનો લાભ ઉઠાવીને તમામ જથ્થો વિદેશમાં નિકાસ ન કરી દે અને તેના કારણે ભારતના ઘરેલું બજારમાં ઈંધણની અછત ઊભી ન થાય, તે બાબત સુનિશ્ચિત કરવા માટે સરકારે આ નિર્ણાયક પગલું ભર્યું છે.

# સરકાર LICમાં 6.5% સુધીનો હિસ્સો વેચશે: OFS દ્વારા વેચાણ થશે, ફ્લોર પ્રાઇસ ₹382 નક્કી, રિટેલ રોકાણકારોને ₹15નું ડિસ્કાઉન્ટ

**મુંબઈ, તા.04**

કેન્દ્ર સરકારે લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા એટલે કે એલઆઈસીમાં ઓફર ફોર સેલ મારફતે 6.5 ટકા સુધીનો હિસ્સો વેચવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. સરકારે આ હિસ્સાના વેચાણ માટે પ્રતિ શેર 382 ની ફ્લોર પ્રાઈસ નક્કી કરી છે. આ જંગી ઓફર ફોર સેલનો મુખ્ય ઉદ્દેશ્ય મે 2027 ની નક્કી કરાયેલી સમયમર્યાદા પહેલા માર્કેટ રેગ્યુલેટર સેબીના ન્યૂનતમ પબ્લિક શેરહોલ્ડિંગ નિયમોનું પાલન કરવાનો છે. એલઆઈસી દ્વારા શેરબજારને આપવામાં આવેલી સત્તાવાર એક્સચેન્જ ફાઈલિંગ અનુસાર, આ ઓફરની શરૂઆત 2 ટકા ઈક્વિટી હિસ્સાના બેઝ સેલથી થશે. જે અંતર્ગત દેશના નાણા મંત્રાલય દ્વારા ભારતના રાષ્ટ્રપતિ 12.65 કરોડ શેરોનું વેચાણ કરશે. આ ઉપરાંત, સરકાર પાસે 28.46 કરોડ શેર એટલે કે વધારાના 4.5 ટકા હિસ્સાને વેચવા માટેનો ઓવરસબ્સ્ક્રિપ્શન વિકલ્પ પણ ઉપલબ્ધ રહેશે. જો સરકાર આ ઓવરસબ્સ્ક્રિપ્શન વિકલ્પનો સંપૂર્ણ ઉપયોગ કરશે, તો આ સમગ્ર ઓફરની સાઈઝ વધીને 41.11 કરોડ શેર સુધી પહોંચી જશે, જે એલઆઈસીના કુલ 6.5 ટકા




હિસ્સા બરાબર થાય છે. રોઈટર્સના અહેવાલ મુજબ, આ નક્કી કરાયેલી ફ્લોર પ્રાઈસ પર જો સંપૂર્ણ 6.5 ટકા હિસ્સો વેચાઈ જાય તો તેનાથી સરકારી તિજોરીને આશરે 31,410 કરોડ રૂપિયા ભંડોળ પ્રાપ્ત થશે.

આ સમગ્ર કવાયતનો પ્રાથમિક ઉદ્દેશ્ય એલઆઈસીને સેબીના મિનિમમ પબ્લિક શેરહોલ્ડિંગ નિયમોનું પાલન કરાવવામાં મદદ કરવાનો છે. દીપમના સચિવ અરુણિષ ચાવલાએ આ અંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર માહિતી આપતા લખ્યું હતું કે, આ ઓફર ફોર સેલ નિર્ધારિત સમય કરતાં ઘણું વહેલું સેબીના લક્ષ્યને હાંસલ કરવામાં મદદરૂપ બનશે. હાલના તબક્કે એલઆઈસીમાં પબ્લિક શેરહોલ્ડિંગ માત્ર 3.5 ટકા જેટલું જ છે. જો સરકાર આ સમગ્ર 6.5 ટકા હિસ્સેદારી સફળતાપૂર્વક વેચી દે છે, તો આ વીમા કંપનીમાં પબ્લિક શેરહોલ્ડિંગ વધીને 10 ટકા સુધી પહોંચી જશે, જેના કારણે એલઆઈસી મે 2027 ની ડેડલાઈન કરતાં ઘણી વહેલી તકે નિયમનકારી આવશ્યકતાઓને પૂરી કરી લેશે.

અત્રે નોંધનીય છે કે એલઆઈસી મે 2022 માં દેશના સૌથી મોટા આઈપીઓ દ્વારા શેરબજારમાં લિસ્ટેડ થઈ હતી, તે સમયે સરકારે કંપનીનો 3.5 ટકા હિસ્સો વેચ્યો હતો. તે ઐતિહાસિક લિસ્ટિંગ બાદ આ દેશની સૌથી મોટી વીમા કંપનીમાં સરકારનું આ પ્રથમ સ્ટેક સેલ છે. શેરબજારની એક્સચેન્જ ફાઈલિંગ પ્રમાણે, આ ઓફર ફોર સેલ બિન-રિટેલ એટલે કે સંસ્થાકીય રોકાણકારો માટે મંગળવાર, 4 ઓગસ્ટના રોજ ખુલી ગયું છે. જ્યારે રિટેલ રોકાણકારો અને લાયક કર્મચારીઓ બુધવાર, 5 ઓગસ્ટના રોજ આ ઓફર હેઠળ પોતાની બોલી લગાવી શકશે. પ્રથમ દિવસે જે બિન-રિટેલ રોકાણકારોની બોલીઓને ફાળવણી પ્રાપ્ત નહીં થાય, તેઓ સેબીના નિયમો અનુસાર બીજા દિવસે પોતાની બોલીને આગળ ખેંચી શકશે અથવા તેમાં જરૂરી સુધારો કરી શકશે. સરકાર દ્વારા આ વેચાણ માટે 382 પ્રતિ શેરની ફ્લોર પ્રાઈસ નક્કી કરવામાં આવી છે, જે સોમવારે કારોબારના અંતે બંધ થયેલા એલઆઈસીના 428.50 ના બંધ ભાવ કરતાં આશરે 11 ટકા ડિસ્કાઉન્ટ પર છે.

# ચાંદી ₹2,130 વધીને ₹2.19 લાખ પર પહોંચી: 10 ગ્રામ સોનું ₹381 મોંઘું થઈને ₹1.43 લાખનું થયું, આ વર્ષે સોનું ₹10 હજાર મોંઘું થયું

**મુંબઈ, તા.04**

બુલિયન માર્કેટમાં આજે એટલે કે 4 ઓગસ્ટના રોજ સોના અને ચાંદી બંને કિંમતી ધાતુઓના ભાવમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJA દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરમાં પ્રાપ્ત થયેલા આંકડા અનુસાર, એક કિલો ચાંદીની કિંમતમાં 2,130 રૂપિયાનો જંગી વધારો નોંધાયો છે, જેના પરિણામે ચાંદીનો ભાવ વધીને 2.19 લાખ રૂપિયા પ્રતિ કિલોની સપાટી પર પહોંચી ગયો છે. બીજી તરફ, 10 ગ્રામ 24 કેરેટ સોનાના ભાવમાં પણ 381 રૂપિયાનો સુધારો જોવા મળ્યો છે અને તે વધીને 1.43 લાખ રૂપિયાના સ્તર પર પહોંચી ગયું છે.



શુદ્ધતા અને કેરેટના હિસાબે સોનાના દરોની વાત કરીએ તો, 24 કેરેટ સોનાનો ભાવ પ્રતિ 10 ગ્રામ 1,42,938 પર પહોંચી ગયો છે, જ્યારે ઘરેણાં બનાવવા માટે વપરાતા 22 કેરેટ સોનાનો ભાવ 1,30,931 રહ્યો છે. આ ઉપરાંત 18 કેરેટ સોનાની કિંમત 1,07,204 અને 14 કેરેટ સોનાનો ભાવ 83,619 પ્રતિ 10 ગ્રામ નોંધાયો છે. દેશના પ્રમુખ મહાનગરો અને મોટા શહેરોમાં 24 કેરેટ સોનાના ભાવો પર નજર કરીએ તો દિલ્હી, જયપુર અને લખનઉમાં સોનાનો ભાવ 1,44,150 પ્રતિ 10 ગ્રામ રહ્યો છે. જ્યારે મુંબઈ, કોલકાતા અને રાયપુરમાં સોનાનો ભાવ 1,44,000 પર પહોંચ્યો છે. આ સિવાય ભોપાલ, પટના અને અમદાવાદમાં 24 કેરેટ સોનાનો દર 1,44,050 પ્રતિ 10 ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાલુ વર્ષ 2026 દરમિયાન સોના અને ચાંદીના ભાવોમાં ભારે અસ્થિરતા અને સતત ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. ચાલુ વર્ષમાં સોનાના ભાવમાં અત્યાર સુધીમાં કુલ 10 હજાર રૂપિયાનો મોટો વધારો થયો છે. ગત વર્ષના અંતે એટલે કે 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાનો ભાવ 1,33,195 હતો, જે હવે વધીને 1,42,938 સુધી પહોંચી ગયો છે. તેનાથી વિપરીત, આ સમયગાળા દરમિયાન ચાંદીના ભાવમાં 12 હજાર રૂપિયાનો ઘટાડો નોંધાયો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદી 2,30,420 પ્રતિ કિલોના સ્તરે હતી, જે ઘટીને હાલ 2,19,417 પર પહોંચી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષ દરમિયાન 29 જાન્યુઆરીના રોજ સોનું 1.76 લાખ પ્રતિ 10 ગ્રામ અને ચાંદી 3.86 લાખ પ્રતિ કિલોના ઓલ ટાઈમ હાઈ એટલે કે અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તર પર પહોંચી ગયા હતા. ત્યારબાદ ફેબ્રુઆરીથી જુલાઈ મહિના દરમિયાન બંને ધાતુઓના ભાવમાં તબક્કાવાર કરેક્શન અને નરમાઈ જોવા મળી હતી.

કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના જણાવ્યા અનુસાર, સોના અને ચાંદીના ભાવ હાલમાં તેમની સર્વોચ્ચ સપાટીથી ક્વાઈટ નીચે આવી ગયા હોવાથી નવા રોકાણકારો માટે રોકાણ કરવાની આ એક ઉત્તમ તક બની શકે છે. જોકે, તેમણે રોકાણકારોને એકસાથે બધી મૂડી રોકવાને બદલે સિસ્ટમેટિક રીતે ધીમે-ધીમે રોકાણ કરવાની સલાહ આપી છે. તેમના વિશ્લેષણ મુજબ, ચાલુ વર્ષના અંત સુધીમાં સોનું ફરી એકવાર 1.60 લાખ પ્રતિ 10 ગ્રામ અને ચાંદી 2.80 લાખ પ્રતિ કિલોના સ્તર સુધી પહોંચી શકે છે.

ભૌતિક સોનું ખરીદવા સિવાય રોકાણકારો એક્સચેન્જ ટ્રેડેડ ફંડ એટલે કે ETF દ્વારા પણ સોના-ચાંદીમાં રોકાણ કરી શકે છે. ગોલ્ડ કે સિલ્વર ETF ના ભાવ પણ બજારના સોના-ચાંદીના દર પર જ આધારિત હોય છે અને તેનું ખરીદ-વેચાણ સામાન્ય શેરની જેમ જ BSE અને NSE પરથી કરી શકાય છે. આ પ્રક્રિયામાં ભૌતિક સોનું મળતું નથી, પરંતુ જ્યારે તમે યુનિટ્સ વેચો છો ત્યારે તે સમયના પ્રવર્તમાન ભાવ મુજબ રોકડ રકમ મળે છે. આ માધ્યમથી માત્ર 500 થી પણ ઓછા રૂપિયામાં રોકાણ શરૂ કરી શકાય છે. આ માટે બ્રોકર મારફતે ડીમેટ ખાતું ખોલાવીને યુનિટ્સ ખરીદી શકાય છે, જે ઓર્ડર આપ્યાના બે દિવસમાં ખાતામાં જમા થઈ જાય છે.

છેલ્લે, જો તમે જ્વેલર્સ પાસેથી રૂબરૂ સોનાની ખરીદી કરી રહ્યા હોવ તો કેટલીક બાબતોનું ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે. હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદવું જોઈએ, જેમાં છ આંકડાનો આલ્ફાન્યુમેરિક નંબર અંકિત થયેલો હોય છે. ખરીદી કરતી વખતે તે જ દિવસના સત્તાવાર ભાવો સાથે ક્રોસ ચેક કરવું હિતાવહ છે. ચાંદી ખરીદતી વખતે તેની અસલી-નકલી પરખ કરવા માટે ચુંબક ટેસ્ટ કરી શકાય છે કારણ કે અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. આ સિવાય અસલી ચાંદી પર બરફ ઝડપથી પીગળે છે, તેમાં કોઈપણ પ્રકારની દુર્ગંધ હોતી નથી અને તેને સફેદ કપડાથી ઘસતાં જો કાળો દાગ કે નિશાન પડે તો તે અસલી ચાંદી હોવાની ઓળખ આપે છે.

# RBIએ FDના નવા નિયમો જાહેર કર્યા: સ્મોલ-ફાઇનાન્સ-બેંકોને હવે વ્યાજ દરની સંપૂર્ણ માહિતી પહેલા આપવી પડશે.....

**નવી દિલ્હી, તા.04**

ભારતીય રિઝર્વ બેંક એટલે કે આરબીઆઈ દ્વારા દેશની તમામ સ્મોલ ફાઈનાન્સ બેંકોમાં ફિક્સ્ડ ડિપોઝિટ કરાવનારા રોકાણકારો માટે અત્યંત મહત્વપૂર્ણ નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આ નવા નિયમો અંતર્ગત હવે સ્મોલ ફાઈનાન્સ બેંકોના ગ્રાહકોને કોઈપણ પ્રકારનું રોકાણ કરતા પહેલા વ્યાજ દરની સંપૂર્ણ અને પારદર્શક માહિતી અગાઉથી જ પ્રાપ્ત થઈ જશે. આ વ્યાપક ફેરફારો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સેકન્ડ એમેન્ડમેન્ટ ડાયરેક્ટન્સ-2026 હેઠળ કરવામાં આવ્યા છે અને આ નવા નિયમો તથા રેગ્યુલેશન્સ 1 ઓક્ટોબર 2026 થી અમલમાં આવી ગયા છે. આ મહત્વકાંક્ષી પગલાનો મુખ્ય હેતુ દેશભરની સ્મોલ ફાઈનાન્સ બેંકોમાં પોતાની મહેનતની કમાણી એફડીમાં રોકનારા ડિપોઝિટર્સ માટે સમગ્ર બેન્કિંગ સિસ્ટમમાં વધુ સ્પષ્ટતા, ઉત્તમ પારદર્શિતા અને સંપૂર્ણ નિષ્પક્ષતા સુનિશ્ચિત કરવાનો છે.




આરબીઆઈના આ નવા ફ્રેમવર્ક હેઠળ કરવામાં આવેલા સૌથી મોટા ફેરફારોની વાત કરીએ તો, હવે તમામ સ્મોલ ફાઈનાન્સ બેંકોએ કોઈપણ ગ્રાહક પાસેથી ડિપોઝિટ સ્વીકારતા પહેલાં પોતાનું ડિપોઝિટ ઈન્ટરેસ્ટ રેટ શેડ્યૂલ સત્તાવાર રીતે પ્રકાશિત કરવું ફરજિયાત બનશે. ગ્રાહકો દ્વારા કરવામાં આવતી સામાન્ય રેગ્યુલર ડિપોઝિટ અને બલ્ક ડિપોઝિટ પર આપવામાં આવતું વ્યાજ બેંકની સત્તાવાર વેબસાઈટ પર દર્શાવવામાં આવેલા દરો અનુસાર જ હોવું જોઈએ. આ સુધારાના કારણે સામાન્ય ગ્રાહકો માટે અલગ-અલગ બેંકોના એફડી દરોની સરખામણી કરવી ખૂબ જ સરળ અને આસાન બની જશે.

આ ઉપરાંત, બલ્ક ડિપોઝિટના દરો અપડેટ કરવા માટે પણ રિઝર્વ બેંકે એક ચોક્કસ અને કડક સમયમર્યાદા નક્કી કરી દીધી છે. નવી માર્ગદર્શિકા અનુસાર સ્મોલ ફાઈનાન્સ બેંકોએ દરેક બિઝનેસ ડે એટલે કે કાર્યકારી દિવસે સવારે 10:00 વાગ્યે તેમની વેબસાઈટ પર લાગુ પડતા નવા વ્યાજ દરો ફરજિયાત જાહેર કરવા પડશે. જોકે, બેંકોને તકનીકી પ્રક્રિયાઓ પૂરી કરવા માટે 10 મિનિટનો વિશેષ ગ્રેસ પિરિયડ આપવામાં આવશે, જેનો અર્થ એ થાય છે કે બેંકો સવારે 10:10 વાગ્યા સુધીમાં પોતાના અદ્યતન દરો અપડેટ કરી શકશે. બેન્કિંગ નિયમો મુજબ શેડ્યુલ્ડ કોમર્શિયલ બેંકો અને સ્મોલ ફાઈનાન્સ બેંકો માટે 3 કરોડ કે તેથી વધુની સિંગલ રૂપિયા ટર્મ ડિપોઝિટને 'બલ્ક ડિપોઝિટ' તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે, જે સામાન્ય રીતે મોટી સંસ્થાઓ, કોર્પોરેટ્સ અથવા હાઈ-નેટ-વર્થ ધરાવતી વ્યક્તિઓ દ્વારા કરાવવામાં આવતી હોય છે.

ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા માટે આરબીઆઈએ એવો કડક નિયમ પણ બનાવ્યો છે કે ડિપોઝિટના વ્યાજ દરો બેંકની દેશભરમાં આવેલી તમામ શાખાઓ અને તમામ વર્ગના ગ્રાહકો માટે એક સમાન જ હોવા જોઈએ. બેંકો એક જ તારીખે સ્વીકારવામાં આવેલી સમાન રકમની ડિપોઝિટ પર ગ્રાહક કે શાખા બદલાવા માત્રથી અલગ-અલગ દરો ઓફર કરી શકશે નહીં. આ નિયમથી ગ્રાહકો સાથે તેમની પ્રોફાઈલ કે શાખાના આધારે થતો કોઈપણ પ્રકારનો ભેદભાવ નાબૂદ થશે અને તમામ રોકાણકારોને સમાન અધિકારો મળશે. જોકે, આ સમાનતાનો નિયમ મુખ્યત્વે સામાન્ય અથવા રેગ્યુલર ડિપોઝિટ પર જ લાગુ પડશે, જ્યારે સ્મોલ ફાઈનાન્સ બેંકોને બલ્ક ડિપોઝિટ પર અલગ-અલગ વ્યાજ દરો ઓફર કરવાની મંજૂરી આપવામાં આવી છે, પરંતુ આ માટેના તમામ નિયમો બેંકે અગાઉથી જાહેર કરવા પડશે. દરોમાં આ છૂટછાટ ડિપોઝિટની સ્થિરતા અને લિક્વિડિટી જરૂરિયાતો જેવા મહત્વના પરિબળો પર આધારિત રહેશે અને તે નોન-રેસિડેન્ટ ગ્રાહકો પાસેથી મળતી બલ્ક ડિપોઝિટ પર પણ લાગુ થશે.

એડવાન્સ ડિસ્ક્લોઝર, એક સમાન પ્રાઈસિંગ અને બલ્ક ડિપોઝિટ માટે આપવામાં આવેલી સુનિયોજિત છૂટછાટોથી આ નવું ફ્રેમવર્ક એક તરફ જ્યાં નાના અને મોટા તમામ ડિપોઝિટર્સના નાણાકીય હિતોનું સંપૂર્ણ રક્ષણ કરશે, તો બીજી તરફ બેંકોને પણ તેમના ભંડોળનું વધુ સારી અને વ્યવસ્થિત રીતે સંચાલન કરવામાં મદદરૂપ થશે. ગ્રાહકોના દ્રષ્ટિકોણથી આ નિયમોનો સીધો અર્થ એ છે કે હવે તેઓ પોતાની એફડી બુક કરાવતા પહેલા જ મેળવવા પાત્ર ચોક્કસ વ્યાજ દર જાણી શકશે, બેંકો દરરોજ નિશ્ચિત સમયે દરો પ્રકાશિત કરશે, અને કોઈપણ શાખામાં જવાથી સમાન ડિપોઝિટ પર એકસરખો જ વ્યાજ દર પ્રાપ્ત થશે.

# આ મહિને 14 દિવસ બેંકોમાં કામકાજ નહીં: ઓગસ્ટમાં 5 રવિવાર અને 2 શનિવાર ઉપરાંત અલગ-અલગ જગ્યાએ 7 દિવસ બેંક બંધ

**મુંબઈ, તા.04**

ઓગસ્ટ મહિનાની શરૂઆત થઈ ચૂકી છે અને આ મહિને બેંક સંબંધિત મહત્વના કામકાજ ધરાવતા ગ્રાહકો માટે અગાઉથી આયોજન કરવું અત્યંત જરૂરી બની ગયું છે. આ ચાલુ ઓગસ્ટ મહિના દરમિયાન દેશના વિવિધ રાજ્યો અને શહેરોમાં મળીને કુલ 14 દિવસ બેંકો બંધ રહેવાની છે. બેંકોની આ લાંબી રજાઓમાં મહિનાના 5 રવિવાર અને નિયમ મુજબના બીજા તથા ચોથા શનિવારની રજાઓ ઉપરાંત દેશના અલગ-અલગ વિસ્તારોમાં સ્થાનિક અને રાષ્ટ્રીય તહેવારોને કારણે 7 દિવસ માટે બેંકોમાં કામકાજ સંપૂર્ણપણે સ્થગિત રહેશે.




મહિનાની શરૂઆતમાં જ 2 ઓગસ્ટના રોજ મહિનાનો પહેલો રવિવાર પસાર થઈ ચૂક્યો છે. તે સિવાય આ વખતે ઓગસ્ટ મહિનામાં 28 ઓગસ્ટના રોજ આવતા રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે પણ બેંકોમાં જાહેર રજા રહેશે. આ પરિસ્થિતિમાં જો તમારે શાખા પર જઈને રોકડ જમા કરાવવી, ચેક ક્લિયરિંગ અથવા અન્ય કોઈ મહત્વપૂર્ણ નાણાકીય કામ પતાવવાનું હોય તો રજાના દિવસો ધ્યાનમાં રાખીને જ બેંકની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવે છે.

શનિવાર અને રવિવારની સપ્તાહાંતની રજાઓની વિગતવાર વાત કરીએ તો, 8 ઓગસ્ટના રોજ મહિનાનો બીજો શનિવાર હોવાના કારણે દેશભરની તમામ સરકારી અને ખાનગી બેંકો બંધ રહેશે. ત્યારબાદ 22 ઓગસ્ટના રોજ મહિનાનો ચોથો શનિવાર આવતો હોવાથી તે દિવસે પણ દેશની તમામ બેંક શાખાઓમાં રજા રહેશે. આ ઉપરાંત, રવિવારની રજાઓની વાત કરીએ તો 9 ઓગસ્ટ, 16 ઓગસ્ટ, 23 ઓગસ્ટ અને 30 ઓગસ્ટના રોજ દેશભરમાં રવિવારના કારણે બેન્કિંગ સેવાઓ બંધ રહેશે.

જોકે, બેંકોમાં રજાઓ હોવા છતાં ગ્રાહકો માટે રાહતના સમાચાર એ છે કે ડિજિટલ બેન્કિંગ સેવાઓ રાબેતા મુજબ કાર્યરત રહેશે. બેંક શાખાઓ બંધ હોવા છતાં તમે ઓનલાઈન ઈન્ટરનેટ બેન્કિંગ, મોબાઈલ બેન્કિંગ એપ અને એટીએમ મશીનો દ્વારા પૈસાની લેવડદેવડ, બિલ પેમેન્ટ કે અન્ય જરૂરી કામગીરી વગર કોઈ અડચણે પૂર્ણ કરી શકો છો. આ તમામ ઓનલાઈન સેવાઓ અને એટીએમ સુવિધાઓ પર બેંકોની રજાઓની કોઈ નકારાત્મક અસર પડશે નહીં.

# અમદાવાદના દરિયાપુરમાં કેસિનો સ્ટાઈલથી ચાલતા હાઈપ્રોફાઈલ જુગારધામ પર SMC નો દરોડો......

## 187 ની ધરપકડ, આંગડિયા પેઢીઓ અને કોડવર્ડનું મોટું નેટવર્ક છતું થયું

**અમદાવાદ, તા.04**

અમદાવાદ શહેરના દરિયાપુર વિસ્તારમાં આવેલા ચર્ચિત મનપસંદ જીમખાના ક્લબમાં 'D કંપની' સ્ટાઈલથી ગોવાના કેસિનો જેવો માહોલ ઊભો કરીને ચલાવવામાં આવતા હાઈપ્રોફાઈલ જુગારધામ પર ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે મોટો દરોડો પાડ્યો છે. આ દરોડા દરમિયાન મુખ્ય સંચાલકો સહિત 187 જેટલા જુગારીઓની સ્થળ પરથી ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર ખેલને અત્યંત ગુપ્ત રાખવા માટે ક્લબની મેમ્બરશીપથી લઈને હાર-જીતના નાણાંની લેવડદેવડ માટે આંગડિયા પેઢીઓનો ઉપયોગ કરવામાં આવતો હતો અને જુગાર માટે ખાસ પ્રકારના કોડવર્ડ નક્કી કરવામાં આવ્યા હતા. આ મામલે પોલીસ દ્વારા તપાસ તેજ કરવામાં આવી છે અને 4 ઓગસ્ટના રોજ તમામ આરોપીઓને પોલીસની 4 અને AMTSની 1 બસ ભરીને મેટ્રો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

SMC ની ઊંડાણપૂર્વકની તપાસમાં ખુલાસો થયો છે કે મનપસંદ જીમખાના ક્લબમાં ગોવિંદ ઉર્ફે ગામા ખોડીદાસ પટેલ, બંદીશ અજયભાઈ ખત્રી અને ભરત રામભાઈ પટેલ ભાગીદાર તરીકે જોડાયેલા છે, જેમાં ભરત પટેલે પોતાનો હિસ્સો નિકુંજ ખત્રીને ગિરો આપેલો છે. મનપસંદ જીમખાનાના ડાયરેક્ટર તરીકે ગોવિંદ ઉર્ફે ગામા પટેલ સમગ્ર ક્લબનું સંચાલન સંભાળતો હતો અને દર મહિને ત્રણેય ભાગીદારો પોતાના બેંક એકાઉન્ટમાં મનપસંદમાંથી રૂ. 20 હજાર મેળવતા હતા. ગોવિંદ ઉર્ફે ગામા પટેલે કિરીટસિંહ મફા સિંહ ચાવડા અને અન્ય વ્યક્તિઓ સાથે મળીને મનોરંજનની આડમાં જુગારધામ ચલાવવા માટે જીમખાનાના દિવસ અને રાત્રીના ટેબલો ભાડે આપવાનું શરૂ કર્યું હતું. પ્રતિ ટેબલ દિવસ-રાતનું 15,000 થી 30,000 સુધીનું ભાડું વસૂલવામાં આવતું હતું અને કુલ 22 જેટલા ટેબલો ભાડે આપીને લોકોને ક્લબના સભ્ય બનાવી જુગાર રમાડવામાં આવતો હતો.



જુગાર રમવાની પદ્ધતિ પણ અત્યંત શાતિર અને સિસ્ટમેટિક રાખવામાં આવી હતી. ક્લબમાં જુગાર રમવા આવતા ગ્રાહકો પાસેથી રોકડ રકમ અથવા ડિપોઝિટ નારાયણ નાથ ઉર્ફે નારણ રાવલ અને વિપુલ નામના કર્મચારીઓ જીમખાનાની બહાર જ કોઈ સ્થળે જમા કરાવી લેતા હતા. તેના બદલામાં ગ્રાહકોને માત્ર પૈસાની ચિઠ્ઠી બનાવીને આપવામાં આવતી હતી અને તેઓ રોકડ રકમ વિના જ ક્લબમાં પ્રવેશતા હતા. જુગારના ટેબલ પર રમત પૂરી થયા પછી ત્યાં બેઠેલો માણસ જે રકમ કોડવર્ડમાં લખી આપે, તેની પાછળ બે ઝીરો લગાવીને હાર-જીતની આખરી રકમ ગણવામાં આવતી હતી. નારણ રાવલ નાણાં રાખવા માટે કેશિયર તરીકે નોકરી કરતો હતો અને હાર-જીતના તમામ હિસાબોની ચોકસાઈથી નોંધ રાખતો હતો.

આ ગેરકાયદે જુગારધામમાં ઓનલાઈન યુપીઆઈ (UPI) ટ્રાન્જેક્શનની સાથે સાથે આંગડિયા પેઢીઓ મારફતે મોટા પાયે હવાલા પાડવામાં આવતા હતા. ટેબલ ભાડે રાખનારા મુળુભા અને કિશોર મારવાડી નામના શખ્સો માધુપુરા સ્થિત પી.એમ., આર.કે. રમેશ કાંતિ, એચ.આર. આંગડિયા પેઢી તેમજ કાલુપુરની પી.એમ. આંગડિયા પેઢી મારફતે પૈસાની મોટા પાયે ફેરબદલી કરતા હતા. આ સમગ્ર હવાલા નેટવર્કમાં ચિરાગ પટેલ, અજીત શાહ અને આનંદ ઠાકોર જેવા વ્યક્તિઓના નામે આંગડિયા પેઢીઓમાં નાણાંની હેરફેર કરાવાતી હોવાનો વિગતવાર ખુલાસો થયો છે.

આજે કોર્ટ કાર્યવાહી દરમિયાન 187 આરોપીઓને લાવવા માટે પોલીસની 5 મોટી બસો કોર્ટ પરિસરમાં પહોંચતાં પાર્કિંગમાં જગ્યા ખૂટી પડી હતી. આરોપીઓના સગા-સંબંધીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જગ્યાના અભાવે AMTS બસમાં લાવવામાં આવેલા આરોપીઓને કોર્ટના ગેટ આગળ જ નીચે ઉતારીને બસ રિવર્સ લેવડાવી બહાર કાઢવામાં આવી હતી. ત્યારબાદ પાર્કિંગ ખાલી કરાવીને પોલીસની બસો વ્યવસ્થિત ગોઠવવામાં આવી હતી. બપોરે 3 વાગ્યે કોર્ટમાં રિશેષનો સમય હોવાના કારણે તમામ આરોપીઓને છઠ્ઠા માળે કોર્ટ નંબર 13 ની બહાર લોબીમાં બેસાડવામાં આવ્યા હતા.

અમદાવાદના દરિયાપુર સ્થિત મનપસંદ જીમખાના ક્લબમાં અવારનવાર ગોવિંદ ઉર્ફે ગામા પટેલ દ્વારા જુગારધામ ચલાવવામાં આવતું હોવાની સંપૂર્ણ જાણકારી હોવા છતાં સ્થાનિક દરિયાપુર પોલીસ અને શહેર પોલીસની એજન્સીઓ આંખ આડા કાન કરી રહી હતી. ભૂતકાળમાં પણ આ સ્થળેથી જુગાર ઝડપાઈ ચૂક્યો હોવા છતાં સ્થાનિક સ્તરે કોઈ કડક પગલાં ન લેવાતાં આખરે ગાંધીનગરની SMC ની ટીમે આ કામગીરી કરવી પડી છે, જેના કારણે સ્થાનિક પોલીસની ભૂમિકા સામે ગંભીર પ્રશ્નાર્થો ઊભા થયા છે. ઉલ્લેખનીય છે કે વર્ષ 2021 માં પણ SMC ના દરોડામાં અહીંથી 183 જુગારીઓ અને રૂ. 85 લાખનો મુદ્દામાલ ઝડપાયો હતો, જેમાં બેદરકારી બદલ તત્કાલીન દરિયાપુર PI, PSI સહિત 12 પોલીસ કર્મચારીઓ સસ્પેન્ડ થયા હતા. તે સમયે સીસીટીવી ફૂટેજમાં ક્રાઈમ બ્રાન્ચના કર્મચારીઓની શંકાસ્પદ હાજરી ખુલતાં તપાસ ACBને સોંપાઈ હતી, પરંતુ ગૃહ વિભાગ અને એસીબી દ્વારા નોટિસો આપવા છતાં આ તપાસ હજુ સુધી કાગળ પર જ રહેતાં, હવે ફરી એકવાર સ્થાનિક પોલીસથી લઈને ક્રાઈમ બ્રાન્ચના કર્મચારીઓની સંડોવણી અંગે કડક તપાસ થાય તેવી શક્યતા છે.

## 75 સભ્યો, દર 3 મહિને સ્નેહમિલન61 જેટલા ગેટ ટુ ગેધર પૂર્ણ, ઈશ્વર પરિવારના સંસ્કાર, સેવા અને સંગઠનનું જીવંત ઉદાહરણ

**અમદાવાદ, તા.04**

અમદાવાદમા રહેતા રાંતેજ ગામના આ ૭૫ વ્યક્તિઓના ઈશ્વર પરિવારનો આજે ૨૦મો સ્થાપના દીવસ છે. આજથી ઓગણીસ વર્ષ પહેલા એટલે કે ૨૯-૦૭-૨૦૦૭ ના રોજ ઈશ્વર પરિવારના ગેટ ટુ ગેધર ની શરુઆત થઈ હતી દર ૩ મહીને પરિવારના દરેક સભ્યોએ મળવાનુ એવુ નક્કી કરવામા આવ્યુ આજે ૬૧ જેટલા ગેટ ટુ ગેધર થયા છે. આજના આધુનિક યુગમાં જ્યાં સંયુક્ત પરિવારો ધીમે ધીમે વિખૂટા પડી રહ્યા છે, ત્યાં ઈશ્વર પરિવાર એક પ્રેરણાદાયી ઉદાહરણ તરીકે ઉભરી આવ્યો છે. ૨૯-૦૭-૨૦૦૭થી એટલે કે લગભગ 19 વર્ષથી આ પરિવાર માત્ર લોહીના સંબંધોથી નહીં, પરંતુ પ્રેમ, વિશ્વાસ, સંસ્કાર અને એકતાના મજબૂત બંધનથી જોડાયેલો છે. દર ત્રણ મહિને યોજાતું પરિવાર મિલન એ ઈશ્વર પરિવારની સૌથી મોટી વિશેષતા છે. પરિવારના તમામ સભ્યો એકત્રિત થઈને એકબીજાના સુખ-દુઃખમાં સહભાગી બને છે, વડીલોના આશીર્વાદ મેળવે છે અને નવી પેઢીને ભારતીય સંસ્કૃતિ, પરિવારના મૂલ્યો અને પરંપરાઓનો વારસો આપે છે.

ઈશ્વર પરિવારનું મૂળ મંત્ર છે - 'આપણાપણું, એકતા અને સેવા.' પરિવારના દરેક સભ્ય વચ્ચે પ્રેમ, સ્નેહ, સહકાર અને પરસ્પર સન્માનની ભાવના જોવા મળે છે. સમયની સાથે ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ કરીને પણ પરિવારના દરેક સભ્યને એકબીજા સાથે સતત જોડાયેલા રાખવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પરિવારનો હેતુ માત્ર મળવાનો નથી, પરંતુ સંબંધોને વધુ મજબૂત બનાવવાનો, નવી પેઢીમાં સંસ્કારોનું સિંચન કરવાનો અને સમાજ માટે પણ પ્રેરણારૂપ બનવાનો છે. ટેકનોલોજી અને સોસીયલ મીડીયાનો સદ ઉપયોગ, ઈશ્વર પરિવારનુ એક વોટ્સએપ મા ગૃપ ચાલે છે જેમા જન્મ દીવસની શુભકામના,સારા વિચારની આપ લે થાય છે પણ ખાસ અગત્યનુ એ છે કે દરરોજ રાત્રે 9:30 વાગ્યાએ પરિવારના સભ્યો જ્યા પણ હોય ત્યાથી ગૃપમા હાજરી ભરાવે અને પછી ગૃપમા એક પ્રશ્ન પુછવામા આવે જે ઝડપી જવાબ આપે એને વિજતા જાહેર કરવામા આવે છે જેનાથી દરેકનુ જનરલ નોલેજ વધે અને સમય નો સદઉપયોગ થાય..પાંચ વર્ષથી આ ગૃપમા આ પ્રવૃતી ચાલે છે. ઈશ્વર પરિવાર એ માત્ર પરિવાર નથી, પરંતુ એક સંસ્કારયાત્રા છે; જ્યાં દરેક સભ્ય એકબીજાની તાકાત છે, દરેક વડીલ આશીર્વાદ છે અને દરેક બાળક પરિવારનું ઉજ્જવળ ભવિષ્ય છે. 'જ્યાં પ્રેમ છે, ત્યાં પરિવાર છે; જ્યાં સંસ્કાર છે, ત્યાં ઈશ્વર પરિવાર છે.' પરિવારના દરેક સભ્યો પરિવારની એકતા જાળવી રાખવા મહેનત કરે છે પણ ઈશ્વર પરિવારને એક સાંકળથી જોડી રાખવાનો શ્રેય મનુભાઈ રાવલ અને સંજયભાઈ રાવલને જાય છે.

## વરસાદ બાદ હવે મચ્છરોથી સાચવજો!: 1,016 સાઈટો પર AMCનું ચેકિંગ, 349ને નોટિસ આપી 16 સાઈટ સીલ કરી, ₹10.11 લાખનો દંડ વસૂલાયો

**અમદાવાદ, તા.04**

અમદાવાદ શહેરમાં વરસાદી વિરામ બાદ મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો નાથવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. શહેરમાં આવેલી વિવિધ કન્સ્ટ્રક્શન સાઈટો પર દરોડા પાડીને મોટા પ્રમાણમાં મચ્છરોના બ્રીડિંગ મળી આવતાં 16 સાઈટોને સીલ કરી દેવામાં આવી છે. આ સિવાય 349 સાઈટોને નોટિસ આપી કુલ 10.11 લાખથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો છે.

આરોગ્ય વિભાગની ટીમોએ છેલ્લા બે દિવસમાં (3 અને 4 ઓગસ્ટ) 1,016 જેટલી કન્સ્ટ્રક્શન સાઈટો પર તપાસ હાથ ધરી હતી, જેમાંથી 211 સાઈટ પર મચ્છરોના બ્રીડિંગ મળી આવ્યા હતા. શાહીબાગ સિવિલ હોસ્પિટલની નવી બાંધકામ સાઈટ તેમજ નવરંગપુરા સ્થિત 'ઓસ્ટીન 5' અને 'આમ્રપાલી' સહિતની 16 કન્સ્ટ્રક્શન સાઈટો પર મચ્છરોનો ભારે ઉપદ્રવ મળતાં તેને સીલ કરી દેવાઈ છે. આ સાઈટો પર કોઈપણ પ્રકારનું બાંધકામ ન કરવા માલિકો અને મેનેજરોને કડક સૂચના અપાઈ છે. આરોગ્ય અધિકારી ડૉ. ભાવિન સોલંકીએ જણાવ્યા મુજબ, તમામ ડેવલોપર્સને ભરાયેલા પાણી પર ઓઈલનો છંટકાવ કરવા આદેશ અપાયો છે. આ ઉપરાંત અગાસી કે પહોંચી ન શકાય તેવી 596 જગ્યાઓ પર આરોગ્ય વિભાગ દ્વારા 1,896 જેટલા ઓઈલ બોલ નાખવામાં આવ્યા છે.

## વસ્તી ગણતરી કરાવી પણ મહેનતાણું ન ચૂકવ્યું: AMC સ્કૂલ બોર્ડના 4500 શિક્ષકોના 4.50 કરોડ ચૂકવવાના બાકી, હજુ કેન્દ્ર સરકારની ગ્રાન્ટ આવી નથી

**અમદાવાદ, તા.04**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળાઓના હજારો શિક્ષકોએ દેશની મહત્વની વસ્તી ગણતરી જેવી રાષ્ટ્રીય કામગીરી નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરી હતી, પરંતુ બે મહિના બાદ પણ અંદાજે 4,500 શિક્ષકોના 4.50 કરોડ રૂપિયા મહેનતાણું ચૂકવવાનું બાકી હોવાનું સામે આવ્યું છે. એક શિક્ષકને અંદાજે 11 હજાર જેટલા ચૂકવવાના હતા. જેમાં પ્રથમ તબક્કામાં 9 હજાર અને તાલીમ માટેના 1,900 જેટલા રૂપિયા એક શિક્ષક દીઠ ચૂકવવાના હતા.

કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ ન મળવાનું કારણ આગળ ધરી હજુ સુધી ચૂકવણી કરવામાં આવી નથી. હવે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘે શિક્ષકોને તાત્કાલિક મહેનતાણું



ચૂકવવા સરકાર પાસે માગ કરી છે.

વસ્તી ગણતરીની કામગીરી માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્કૂલ બોર્ડની શાળાઓના હજારો શિક્ષકોનો ઓર્ડર કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય કામગીરી હોવાથી શિક્ષકોએ તાલીમની સાથે સાથે એક મહિના સુધી નિષ્ઠાપૂર્વક વસ્તી ગણતરીની કામગીરી કરી હતી. શિક્ષકોએ એક મહિના સુધી ગણતરીદાર અને સુપરવાઈઝર તરીકે પોતાની નિયમિત શૈક્ષણિક કામગીરી સાથે રાષ્ટ્રીય જવાબદારી પણ નિષ્ઠાપૂર્વક નિભાવી હતી.

શિક્ષકોએ 1 જૂનથી 30 જૂન દરમિયાન વસ્તી ગણતરીની કામગીરીમાં સંપૂર્ણ સમય આપ્યો હતો. ગણતરીદાર અને સુપરવાઈઝર તરીકે ઘેર-ઘેર જઈ માહિતી એકત્ર કરવાથી લઈને જરૂરી દસ્તાવેજી પ્રક્રિયા સુધીની જવાબદારી નિભાવી હતી. જોકે કામગીરી પૂર્ણ થયા બાદ પણ મહેનતાણું ન મળતાં શિક્ષકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. જ્યારે શિક્ષકોએ રજૂઆત કરી તો હજુ સુધી કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ ન આવી હોવાનું સામે આવ્યું છે. જેથી હજારો શિક્ષકો પોતાના મહેનતાણાની રાહ જોઈ રહ્યા છે. જેથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રાથમિક શૈક્ષણિક સંઘે શિક્ષકાઓને વહેલી તકે મહેનતાણું ચૂકવવા માગ કરી છે.

પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મહામંત્રી અવિનાશ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, મે મહિનામાં શિક્ષકોના વસ્તી ગણતરી અને સુપરવાઈઝરના ઓર્ડર નીકળ્યા હતા. તેમજ શિક્ષકોની કામગીરીને વસ્તી ગણતરી અધિકારી દ્વારા પણ ખૂબ સારો અભિપ્રાય આપવામાં આવ્યો છે. જેથી શિક્ષકોને જે પણ મહેનતાણું થતું હોય તે સત્વરે ચૂકવવામાં આવે તે માટે રજૂઆત કરી છે. એક શિક્ષક દીઠ 11 હજાર રૂપિયા શિક્ષકોને સુપરવાઈઝરની કામગીરી માટે આપવાના હતા. ગુજરાત પ્રાંતમાં પણ પત્ર લખીને રજૂઆત કરી છે કે સરકારમાં આ બાબતે ધ્યાન દોરવામાં આવે.

## GTUના ઇન્ચાર્જ કુલપતિ તરીકે ડૉ. વૈભવ ભટ્ટે ચાર્જ સંભાળ્યો: કાયમી કુલપતિની નિમણૂક ન થાય ત્યાં સુધી જવાબદારી સોંપાઈ

**અમદાવાદ, તા.04**

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (GTU)માં ઈન્ચાર્જ કુલપતિ તરીકે સ્કૂલ ઓફ એપ્લાઈડ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના ડિરેક્ટર ડૉ. વૈભવ ભટ્ટે વિધિવત રીતે કાર્યભાર સંભાળી લીધો છે. પૂર્વ કુલપતિ ડૉ. રાજુલ ગજ્જરનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ સમયસર સર્ચ કમિટીની રચના ન થવાને કારણે, શૈક્ષણિક અને વહીવટી કામકાજમાં કોઈ વિક્ષેપ ન પડે તે માટે સરકાર દ્વારા તેમને આ જવાબદારી સોંપવામાં આવી છે. ચાર્જ હસ્તાંતરણ પ્રસંગે પૂર્વ કુલપતિ ડૉ. રાજુલ ગજ્જર અને રજિસ્ટ્રાર કે.એન. ખેરે નવા ઈન્ચાર્જ કુલપતિ ડૉ. વૈભવ ભટ્ટનું સ્વાગત કરી શુભકામનાઓ પાઠવી હતી. નિયમિત કુલપતિની નિમણૂક ન થાય ત્યાં સુધી આગામી છ મહિના માટે તેઓ આ જવાબદારી સંભાળશે અને નવા શૈક્ષણિક સત્ર, પરીક્ષાઓ તેમજ પરિણામો જેવા મહત્વના કાર્યોનું નેતૃત્વ કરશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

## અમદાવાદમાં ઝાપટાં વરસ્યાં, ગાંધીનગરના તાપમાનમાં એક ઝાટકે 4.1°Cનો વધારો

**અમદાવાદ, તા.04**

ગુજરાતમાં 10 ઓગસ્ટ સુધી સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાત રીજિયનમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો સામાન્ય 15.99 ઈંચ કરતાં 18% વધુ એટલે કે કુલ 18.87 ઈંચ વરસાદ નોંધાઈ ચૂક્યો છે. બીજી તરફ, વરસાદનું જોર ઘટતાં તાપમાનમાં ઉછાળો જોવા મળ્યો છે, જેમાં ગાંધીનગરમાં એક જ દિવસમાં તાપમાન 4.1C વધીને 32.6C સુધી પહોંચી ગયું છે. આજે (4 ઓગસ્ટ) અમદાવાદમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે એસ.જી. હાઈવે સહિતના વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા છે.

દરિયાકાંઠાના વિસ્તારોમાં 'સ્ટીપ પ્રેશર ગ્રેડિએન્ટ'ના કારણે મજબૂત પવનો ફૂંકાઈ શકે છે, જેની ઝડપ 15થી 20 નોટ્સ અને ઝટકા સાથે 25 નોટ્સ સુધી પહોંચી શકે છે. પવનની દિશા મુખ્યત્વે દક્ષિણ-પશ્ચિમ તરફ રહેશે. દરિયાઈ વિસ્તારમાં 30થી 40 કિમી/કલાકની ઝડપે અને ઝટકા સાથે 50 કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના હોવાથી માછીમારો માટે ચેતવણી જાહેર કરાઈ છે.



વેધર સિસ્ટમ વિશે હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. એ.કે. દાસે જણાવ્યું કે, મોનસૂન ટ્રફ હાલ અનૂપગઢ, દિલ્હી, શાહજહાંપુર, બસ્તી અને છપરા થઈને પૂર્વમાં નાગાલેન્ડ સુધી વિસ્તરેલી છે. આ ઉપરાંત, 5.8 કિમીની ઊંચાઈ પર એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ટ્રફ સ્વરૂપે સક્રિય છે. ઉત્તર-પૂર્વ રાજસ્થાન પર 1.5 કિમી સુધી, સૌરાષ્ટ્ર-કચ્છ પર 5.8 કિમીની ઊંચાઈએ, તેમજ પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી અને આંધ્રપ્રદેશના કાંઠા વિસ્તાર પર 4.5 કિમી સુધી સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે.

વરસાદનું જોર ઘટતાં મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાનમાં 1Cથી 4Cનો ઉછાળો જોવા મળ્યો છે. સૌથી વધુ તાપમાન ગાંધીનગરમાં 4.1C (28.5Cથી વધીને 32.6C), વડોદરામાં 3.4C (30.4Cથી વધીને 33.8C) અને ભાવનગરમાં 2.6C વધ્યું છે. 3 ઓગસ્ટના રોજ 34.6C તાપમાન સાથે ભાવનગર રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું હતું, જ્યારે 27.2Cથી વધીને 29.5C પહોંચવા છતાં રાજકોટ રાજ્યનું સૌથી ઓછું તાપમાન ધરાવતું શહેર રહ્યું હતું. બીજી તરફ, સુરત, પોરબંદર અને દીવ જેવા દરિયાકાંઠાના વિસ્તારોમાં તાપમાનમાં ખાસ ફેરફાર થયો નથી અને વાતાવરણ સ્થિર રહ્યું છે.

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPaccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર